*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

ધર્મચક્ર ધારક પ્રભો! કર્યો ધરમ-ઉદ્યોત;
વંદું છું તુમ ચરણમાં, પ્રગટે આતમજ્યોત.

# આત્મધર્મ



અહા, ચૈતન્યમાં લીન રહીને કેવા મજાના અતીન્દ્રિય આનંદને જ આપ ધ્યાવી રહ્યા છો! એ મહા આનંદનું સ્મરણ પણ આનંદ-મંગલકારી છે.

તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧, આસો (લવાજમ : છ રૂપિયા) વર્ષ ૩૨ : અંક ૧૨

# મહાવીર - વંદના

**पणमामि वड्ढमाणं तित्थं धम्मस्स कत्तारं**

ઉપરોક્ત સૂત્રદ્વારા કુન્દકુન્દસ્વામીએ જે પરમાત્માને પ્રણામ કર્યો છે, જેઓ પ્રવર્તમાન ધર્મ–તીર્થના નાયક છે અને જેમના નિર્વાણગમનના અઢીહજારવર્ષનો મંગલઉત્સવ એક વર્ષથી આપણે ઊજવી રહ્યા છીએ, તે સર્વજ્ઞ પરમદેવ વર્દ્ધમાન મહાવીરપ્રભુ પ્રત્યે સમ્યક્ભક્તિની અંજલિરૂપે આ વિશેષાંક પ્રગટ કરતાં મારું હૃદય હર્ષ–આનંદ અને તૃપ્તિ અનુભવે છે.

ભરતક્ષેત્રમાં ધર્મચક્રનું પ્રવર્તન કરનારા વીરપ્રભુ તો અઢીહજાર વર્ષ થયા મોક્ષપુરીમાં પધારી ગયા...ધ્રુવ–અચલ ને અનુપમ એવી સિદ્ધગતિને તેઓ પામ્યા....આજે અઢીહજાર વર્ષ બાદ પણ આપણે માટે એ પરમ હર્ષનું કારણ છે કે–શ્રી વીરપ્રભુએ બતાવેલો મોક્ષનો માર્ગ આજે પણ ચાલી રહ્યો છે, ને એ માર્ગમાં આપણને અપુનર્ભવના હેતુની પ્રાપ્તિ થાય છે. અહા, કેવો આનંદમય માર્ગ !

–આવા સુંદર માર્ગના પ્રણેતા પ્રભુ મહાવીરદેવને સમ્યક્સ્વરૂપે ઓળખીને, 'આનંદપૂર્વક તે પ્રભુના મંગલમાર્ગે જઈએ–એવી ભાવનાસહિત, પરમ ઉપકારી શાસનનાયક પ્રભુ પ્રત્યે મોક્ષકલ્યાણકની અંજલિ અર્પીએ છીએ. –હરિ.....

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ

આત્મધર્મ ૨૫૦૦

# સર્વજ્ઞની સ્તુતિ

સ્વયંભૂ–સ્તોત્રમાં મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરતાં
ભાવીતીર્થંકર એવા શ્રી સમન્તભદ્રસ્વામી કહે છે કે–

**स्थिति-जनन-निरोधलक्षणं चरमचरं च जगत प्रतिक्षणम्।**
**इति जिन! सकलज्ञ-लाञ्छनं वचनमिदं बदतांवरस्य ते।।४।।**

પ્રવક્તાઓમાં શ્રેષ્ઠ એવા હે જિનેન્દ્રદેવ! ‘ચર અને અચર એવું આ સમસ્ત જગત પ્રત્યેક ક્ષણે સ્થિતિ–ઉત્પત્તિ અને વ્યયલક્ષણવાળું છે.’ –આપનું આ વચન આપની સર્વજ્ઞતાનું ચિહ્ન છે.

ભગવાને સમસ્ત વસ્તુને, એક જ સમયમાં ધ્રુવ–ઉત્પાદ–વ્યય એવા ત્રણ સ્વરૂપે દેખી અને તેવું જ સ્વરૂપ બતાવ્યું–તે જ સર્વજ્ઞતાની નિશાની છે. સર્વજ્ઞ સિવાય બીજા કોઈ, વસ્તુને એકસમયમાં ઉત્પાદ –વ્યય–ધ્રુવરૂપ જાણી શક્યા નથી, કે કહી શક્યા નથી; એટલે ઉત્પાદ –વ્યય–ધ્રુવરૂપ વસ્તુસ્વરૂપને જેઓ જાણે છે તેઓ જ સર્વજ્ઞની સાચી સ્તુતિ કરી શકે છે; એકાંતવાદીઓ સર્વજ્ઞની સાચી સ્તુતિ કરી શકતા નથી. સર્વજ્ઞદેવે કહેલા ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપની ઓળખાણ તે જ સર્વજ્ઞની સાચી સ્તુતિ છે.

# 卐 વૈરાગ્ય ભીની વિદાય 卐

**હે બંધુજનો! હું તમારી વિદાય લઉં છું.....જેને જ્ઞાન જ્યોતિ પ્રગટ થઈ છે એવો આ આત્મા આજે આત્મારૂપી જે પોતાનો અનાદિબંધુ તેની પાસે જાય છે.**

જ્ઞાનતત્ત્વના નિર્ણય ઉપરાંત મોક્ષાર્થીજીવ જ્યારે ચારિત્ર દશા અંગીકાર કરવા જાય છે ત્યારે કુટુંબ પરિવાર પાસે તત્ત્વજ્ઞાન સહિત અતિશય વૈરાગ્યપૂર્વક વિદાય લ્યે છે–તેનું વર્ણન મુમુક્ષુના ચિત્તને સંસારથી એકદમ ઊઠાડી મુકે છે....ને પછી દુઃખથી સર્વથા છૂટવાનો અભિલાષી તે મોક્ષાર્થી જીવ જ્યારે ચારિત્રવંત કુંદકુંદસ્વામી જેવા આચાર્યભગવંત પાસે જઈને, તેમના ચરણે પડીને ઇષ્ટની પ્રાર્થના કરે છે કે પ્રભો! શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો! પછી શ્રી ગુરુ તેને દીક્ષા આપે છે કે–લે, આ શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ! બસ, પછી દીક્ષિત થયેલો તે જીવ નિર્વિકલ્પધ્યાનવડે મુનિ થઈને મોક્ષમાર્ગમાં વિચરે છે.–આવા દીક્ષામહોત્સવનું આનંદકારી વર્ણન સાંભળતાં આત્મા પ્રશાંતરસમાં ઝુલવા માંડે છે...અહા! જાણે મુનિવરોના ટોળાં આપણી સન્મુખ બિરાજતા હોય! ને શાંતરસના ફૂવારા ચારેકોર ઊછળી રહ્યા હોય!–તેની વચ્ચે બેઠા હોઈએ! એવી શાંતઉર્મિઓ ગુરુદેવના પ્રવચન સાંભળતાં ઊલ્લસતી હતી...અને એવી ભાવના જાગતી હતી કે અહા, પરમાત્માના પંથે વિચરતા એવા કોઈ વીતરાગ સંતમુનિ પધારે ને તેમની પાછળ–પાછળ તેમના માર્ગે ચાલ્યા જઈએ...

અહા, ગુરુદેવ કહે છે કે જેને મોક્ષ સાધવો હોય તેણે આવી મુનિદશાનું ચારિત્ર અંગીકાર કર્યે છૂટકો છે, જેની અંદર શુદ્ધોપયોગનું જોર છે ને જે અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે –એવી મુનિદશાના અપાર મહિમાપૂર્વક આ પ્રવચન વાચો...ને એવી મુનિભાવનાની મંગલ મોજ જાણો. (સં.)

પ્રવચનસારમાં પહેલાં બે અધિકાર દ્વારા જ્ઞાનતત્ત્વ અને સ્વ–પર જ્ઞેયતત્ત્વોનું સ્વરૂપ બતાવીને આચાર્યદેવ કહે છે કે, અમારો આત્મા આ સંસારના દુઃખથી મુક્ત થવાનો અર્થી હતો; તેથી અમે આવા જ્ઞાનતત્ત્વ અને જ્ઞેયતત્ત્વોનો યથાર્થ નિર્ણય કર્યો છે. પંચપરમેષ્ઠી ભગવંતોને ભાવનમસ્કાર કરીને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઉપરાંત શુદ્ધોપયોગ વડે વીતરાગી સામ્યભાવરૂપ મુનિદશા પ્રગટ કરી છે. અમે અમારા અનુભવથી કહીએ છીએ કે હે જીવો! દુઃખથી છૂટવા માટે તમે પણ આ જ માર્ગને અંગીકાર કરો. જેનો આત્મા દુઃખથી મુક્ત થવાનો અર્થી હોય તે અમારી જેમ સમ્યગ્દર્શન–જ્ઞાનપૂર્વક ચારિત્રદશાને અંગીકાર કરો. તે ચારિત્રદશા અંગીકાર કરવાનો જે યથાનુભૂત –અનુભવેલો માર્ગ, તેના પ્રણેતા અમે આ ઊભા!

(વાહ, જાણે આચાર્ય ભગવાન સામે સાક્ષાત્ જ ઊભા હોય, ને શિષ્યજનને મુનિદીક્ષાની પ્રેરણા કરતા હોય! એવું અદ્ભુત વૈરાગ્યરસભીનું વર્ણન આ ચારિત્ર અધિકારમાં છે.)

અહા જુઓ, આ દુઃખથી છૂટવાનો માર્ગ! સાધુદશા શું ચીજ છે તેની લોકોને ખબર નથી. અંતરમાં જેણે ચૈતન્યનિધાન દેખ્યા હોય, જેને જ્ઞાનજ્યોતિ પ્રગટી હોય ને ચૈતન્યના નિધાનને ખોલવાના પ્રયત્નમાં જેઓ સતત પરાયણ વર્તતા હોય–એવા જીવોને ચૈતન્યમાં લીનતાથી ચારિત્રદશા ને સાધુદશા હોય છે. આચાર્યભગવાન નિઃશંકતાથી કહે છે કે એવી દશા અમને પ્રગટી છે, અમારા સ્વાનુભવથી અમે તેનો માર્ગ જાણ્યો છે...બીજા જે મુમુક્ષુઓ દુઃખથી છૂટવા માટે ચારિત્રદશા લેવા માગતા હોય–તેમને માર્ગ દેખાડનારા અમે આ ઊભા!

જેને સમ્યગ્દર્શન થયું હોય, જ્ઞાનજ્યોતિ ઝળકી હોય, અને હવે મુનિ થઈને ચૈતન્યના પૂર્ણાનંદને સાધવા માગતો હોય, કષાયોના ક્લેશરૂપ દુઃખોથી અત્યંતપણે છૂટીને ચૈતન્યની પરમશાંતિમાં ઠરવા માંગતો હોય, તે જીવ શું કરે છે? પંચપરમેષ્ઠી ભગવંતોને ફરી ફરી નમસ્કાર કરીને, જે મુનિ થવા ઇચ્છે છે તે મુમુક્ષુ પ્રથમ તો વૈરાગ્યપૂર્વક બંધુવર્ગની વિદાય લે છેઃ અહો, આ પુરુષના શરીરના બંધુવર્ગમાં વર્તતા આત્માઓ! આ પુરુષનો આત્મા જરાપણ તમારો નથી–એમ નિશ્ચયથી તમે જાણો. જ્ઞાનતત્ત્વના નિશ્ચયવડે સર્વત્ર મમતા છોડીને હવે હું તમારી વિદાય લઉં છું. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો હું આજે આત્મારૂપી મારો જે અનાદિબંધુ તેની પાસે જાઉં છું. અરે, સમસ્ત અન્ય દ્રવ્યોથી ભિન્ન, હું તો એક જ્ઞાનસ્વરૂપ

અનાદિઅનંત ચૈતન્ય છું, મારો ખરો બંધુવર્ગ તો જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણો છે કે જે સદાય મારી સાથે જ છે. બહારના આ બંધુવર્ગ–સગાંસંબંધી તે ખરેખર અમારાં નથી, અમે હવે નિર્મોહ થઈને ચૈતન્યની શુદ્ધતાને સાધવા માટે જંગલમાં જશું. જુઓ, આ ધર્મીનો વૈરાગ્ય! ચૈતન્યની મસ્તી જાગી, વૈરાગ્યનો પાવર ફાટયો....તે હવે સંસારના પીંજરામાં નહીં રહે. અમારો અમારા સંસારના ક્લેશથી થાક્યો છે....અમારું સ્થાન હવે વનમાં.... ચૈતન્યની શાંતિમાં જ છે. વનના સિંહ અને વાઘની વચ્ચે જઈને અમે અમારા ચૈતન્યને સાધશું.... ને સમભાવમાં રહેશું. ચૈતન્યતત્ત્વનું ભાન અને અનુભૂતિ તો પહેલાં થયા છે, હવે તેની પૂર્ણતાને સાધવા માટે આ રીતે વૈરાગ્યપૂર્વક મોક્ષાર્થી જીવ મુનિ થાય છે.

અહો, બંધુવર્ગના આત્માઓ! હું જરાય તમારો નથી, ને તમે જરાય મારાં નથી–એમ નિશ્ચયથી તમે જાણો...એક જ્ઞાનસ્વભાવ જ અમારો છે, જગતમાં બીજું કાંઈ અમારું નથી–એમ મેં જાણ્યું છે, જ્ઞાનજ્યોતિ મને પ્રગટ થઈ છે. મારો ચૈતન્યસ્વરૂપ આત્મા જ મારો સાચો બંધુ છે, એને મેં ઓળખ્યો છે–તેથી મારા અનાદિના સાચા બંધુ પાસે જ હવે હું જાઉં છું....એટલે હવે તમારી વિદાય લઉં છું. હવે અમે મોહરહિત થઈને અમારા ચૈતન્યની શાંતિમાં ઠરશું ને સિદ્ધપદને સાધશું.

જુઓ, આ જ્ઞાનીનો વૈરાગ્ય! આ ચારિત્રદશાની તૈયારી! તે વૈરાગીજીવ પિતા તથા માતા પાસે જઈને વૈરાગ્યપૂર્વક કહે છે કે હે પિતા! હે માતા! આ પુરુષનો આત્મા તમારા આત્માથી ઉત્પન્ન થયો નથી–એમ નિશ્ચયથી તમે જાણો. મેં મારા આત્માને બધાથી ભિન્ન જાણ્યો છે, તેથી હવે બધા સાથેનો મોહસંબંધ છોડીને, વૈરાગ્યથી હું મારા આત્માને સાધવા માંગું છું; માટે તમે મને રજા આપો. જેને જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો આ આત્મા આજે પોતાના આત્મા પાસે જાય છે. એટલે કે પોતે પોતામાં લીન થાય છે. આત્મા જ પોતાનો અનાદિનો જનક છે –પોતે જ પોતાની નિર્મળપર્યાયરૂપ પ્રજાનો ઉત્પાદક છે. આવા અમારા આત્માને અમે અનુભવમાં લીધો છે ને હવે મુનિ થઈને આત્માના કેવળજ્ઞાન–નિધાનને ખોલશું.–આવી ભાવનાથી પિતા–માતા પાસે વિનયથી રજા લે છે.

અહા, ધર્મકાળમાં તો આવા ઘણાઘણા પ્રસંગો બનતા. નાના કલૈયાકુંવર જેવા રાજપુત્રો પણ અંદર આત્માનો અતીન્દ્રિયઆનંદ દેખીને વૈરાગ્ય પામતા ને દીક્ષા લેતા. નાના હાથમાં નાનકડું કમંડળ ને નાનકડી મોરપીંછી લઈને મહાન ચૈતન્યની

ધૂનમાં મસ્ત એ મુનિ ચાલ્યા આવતા હોય...અહા! એ તો જાણે નાનકડા સિદ્ધ–ભગવાન! અત્યારે અહીં તો એવા મુનિરાજના દર્શન પણ દુર્લભ થઈ ગયા છે. અરે, તત્ત્વજ્ઞાન પણ જ્યાં દુર્લભ થઈ ગયું છે ત્યાં મુનિદશાની તો શી વાત! મુનિ–દશા પાછળ તો જ્ઞાયકતત્ત્વના શ્રદ્ધા–જ્ઞાનનું અપાર બળ છે, તે ઉપરાંત શુદ્ધોપયોગી વીતરાગપરિણામ થાય ત્યારે મુનિદશા હોય છે. મુનિદશા એ તો પરમેષ્ઠી પદ છે; ઇન્દ્રો અને ચક્રવર્તીઓ પણ ભક્તિથી તેનો આદર કરે છે. કેવળજ્ઞાન લેવાની જેમાં તૈયારી છે–એ મુનિદશાના મહિમાનું શું કહેવું! આચાર્યદેવ કહે છે કે દુઃખથી જેને મુક્ત થવું હોય તેઓ આવી ચારિત્રદશા અંગીકાર કરો. આવી દશા વગર મોક્ષ થતો નથી.

આત્મજ્ઞાન ઉપરાંત પરમવૈરાગ્યથી જે મુનિ થવા ઉદ્યમી થયો છે તે મુમુક્ષુ પિતા–માતા–સ્ત્રી–પુત્રાદિ પાસે રજા માંગે છે. કોઈ જીવો ઘરે રજા માંગવા ન આવે ને સીધા જ મુનિ થઈ જાય–એમ પણ બને છે. પણ જેને એવો પ્રસંગ હોય તે જીવ બંધુવર્ગ પાસે કેવા વૈરાગ્યથી રજા માંગે છે–તેનું આ વર્ણન છે. તે જીવે પોતાના આત્માને જેમ દેહથી ભિન્ન જાણ્યો છે તેમ સામા આત્માઓને પણ દેહથી ભિન્ન જાણ્યા છે, તેથી તે આત્માને સંબોધીને કહે છે કે હે રમણીના આત્મા! આ મારા જ્ઞાનમય આત્માને રમાડનાર તું નથી–એમ તું નિશ્ચયથી જાણ. મેં મારા ચૈતન્યના અતીન્દ્રિયસુખને જાણ્યું છે, તે સુખમાં જ હવે હું રમીશ. બાહ્યવિષયોમાં સ્વપ્નેય સુખ ભાસતું નથી. હવે તો મારી સ્વાનુભૂતિરૂપી જે અનાદિ રમણી–તેમાં જ રમણતા કરીશ...જેને જ્ઞાનજ્યોતિ પ્રગટી છે–એવો હું આજે મારી સ્વાનુભૂતિ પાસે જાઉં છું.–માટે તું મને વિદાય આપ!

એ જ રીતે પુત્ર કે ભાઈ–બેન વગેરે હોય તેના આત્માને પણ કહે છે કે હે આત્માઓ! આ આત્મા તમારો જરાપણ નથી, ને તમે આ આત્માના જરાપણ નથી, મેં જનક થઈને પુત્રના આત્માને ઉપજાવ્યો નથી. હે પુત્ર! તારો આત્મા અનાદિ સત્‌પદાર્થ, તેને મેં ઉપજાવ્યો નથી, તેથી તું ખરેખર મારો જન્ય નથી.–આમ જાણીને તું આ આત્માનો મોહ છોડ! મારો ખરો જન્ય, જે નિર્મળ પર્યાયરૂપી સંતતિ, તેની પાસે હું જાઉં છું. મને જ્ઞાનજ્યોતિ પ્રગટી છે, મારો આત્મા જ મારો અનાદિ જન્ય છે,–તે જ અનાદિ બંધુ છે–તેને મેં જાણ્યો છે; હવે હું તેની પાસે જાઉં છું,–તેમાં લીન થવા મુનિ થાઉં છું. માટે હે બંધુજનો! તમે આ આત્માના મોહને છોડો....ને વિદાય આપો.

એ રીતે બંધુજનોની વિદાય લઈને તે મુમુક્ષુજીવ પંચાચારને અંગીકાર કરે છે....ને ઉત્તમ ગુણવંત આચાર્ય પાસે જઈને વિનયથી દીક્ષા માંગે છે. દીક્ષા માટે જતાં પહેલાં જ્યારે તે મુમુક્ષુ વૈરાગ્યથી કુટુંબીજનોને સંબોધીને રજા માંગે છે ત્યારે તેનાં તત્ત્વજ્ઞાન ભરેલાં વૈરાગ્યવચનો સાંભળીને બીજા સુપાત્ર જીવો પણ જ્ઞાન–વૈરાગ્ય પામે છે.

જેનો આત્મા જાગ્યો છે અને જેની અંતર્પરિણતિમાં વૈરાગ્યના ધોધ ઊછળ્યા છે–તે કાંઈ બીજાને કારણે સંસારમાં રોકાતા નથી; એને માતા–પિતા – ભાઈ–બેન–પુત્ર–સ્ત્રી વગેરેની મમતા છૂટી ગઈ છે એટલે એ તો બધાને છોડીને, મુનિ થઈને કેવળજ્ઞાન સાધવા માટે વનમાં જાય છે. પીંજરેથી છૂટેલા સિંહ પાછા પીંજરે પૂરાય નહિ, તેમ આત્માના જ્ઞાનપૂર્વક જેણે મોહનું પીંજરું તોડયું તે હવે સંસારમાં રહે નહિ.

એ રીતે વૈરાગ્યપૂર્વક બંધુજનોની વિદાય લઈને મુનિ થવા નીકળેલા તે ધર્માત્મા જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ અને વીર્યના વ્યવહાર– પંચાચારને અંગીકાર કરે છે,–પણ કઈ રીતે અંગીકાર કરે છે?–કે શુદ્ધ આત્માથી તેમને ભિન્ન જાણીને હેયબુદ્ધિથી અંગીકાર કરે છે,–ત્યાં સુધી જ કે જ્યાંસુધી શુદ્ધાત્મામાં લીન ન થવાય.શુદ્ધાત્મામાં એકાગ્ર થતાં તે પંચાચારના વિકલ્પો છૂટી જશે. જ્ઞાનાચારમાં જ્ઞાનનું બહુમાન ગુરુવિનય વગેરે ભાવ હોય છે, દર્શનાચારમાં ધર્મવાત્સલ્ય વગેરે અંગો છે, ચારિત્રાચારમાં પંચમહાવ્રતના પાલનનો ભાવ, એ જ રીતે વીર્ય તથા તપના આચાર સંબંધી શુભભાવો, તેઓ શુદ્ધ આત્માથી ભિન્ન છે –એમ તો પહેલેથી સ્વાનુભૂતિવડે જાણ્યું છે; નિશ્ચયથી તે પંચાચારના વિકલ્પો આત્માનું સ્વરૂપ નથી પણ શુદ્ધાત્માની ઉપલબ્ધિ ન થાય ત્યાંસુધી ભૂમિકાઅનુસાર અંશે શુદ્ધપરિણતિની સાથે તેવા વિકલ્પો પણ હોય છે,–ને તેનાથી વિપરીત વિકલ્પો હોતાં નથી; તેથી વ્યવહારથી તેને અંગીકાર કરે છે –એમ કહ્યું છે. પણ તે અંગીકાર કરતી વખતે જ મુનિ થનારને ભાન છે કે આ મારા આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. જ્યાં શુદ્ધ પરિણતિ તો થઈ છે પણ હજી શુદ્ધોપયોગ વડે અંદરમાં લીનતા ટકતી નથી, જરીક કષાયપરિણતિ બાકી રહી ગઈ છે ત્યાં, અશુભપરિણામના અભાવમાં એવા જ શુભપરિણામ (પંચાચાર વગેરેના) હોય છે. પછી શુદ્ધપરિણતિની ઉગ્રતા થતાં તે પણ છૂટી જાય છે. તેથી ઉપચારથી એમ કહ્યું કે–હે પંચાચાર! તમારા પ્રસાદથી શુદ્ધ–આત્માની ઉપલબ્ધિ કરું ત્યાંસુધી જ તમને અંગીકાર કરું છું. પંચાચારનો રાગ

કાયમ રાખવાની ભાવના નથી, પણ શુદ્ધસ્વરૂપમાં લીનતાની જ ભાવના છે. જો રાગથી જ લાભ માની લ્યે એટલે તેમાં ઉપાદેયબુદ્ધિ કરે તો કાંઈ તેના પ્રસાદથી શુદ્ધાત્માની પ્રાપ્તિ ન થાય, પણ અજ્ઞાન થાય. અહીં તો જેણે પહેલેથી પોતાના જ્ઞાનતત્ત્વને સમસ્ત પરભાવોથી જુદું જાણ્યું છે–અનુભવ્યું છે ને હવે તેમાં જ એકાગ્ર થઈને જે પ્રશાંત થવા તૈયાર થયો છે–એવા સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્માને મુનિદશામાં ચારિત્રની શુદ્ધપરિણતિ સાથે પંચાચાર વગેરે કેવો વ્યવહાર હોય તેની ઓળખાણ કરાવી છે. તેનું વિસ્તૃત વર્ણન આ પ્રવચનસારના ચારિત્રઅધિકારમાં અલૌકિક રીતે આચાર્યદેવે કર્યું છે.

એ રીતે, દુઃખથી મુક્ત થવાનો અભિલાષી મુમુક્ષુજીવ, વૈરાગ્યપૂર્વક કુટુંબ પરિવારની વિદાય લે છે, પંચાચારને અંગીકાર કરે છે, ને પછી શુદ્ધાત્માની ઉપલબ્ધિને સાધનારા મહાગુણવાન આચાર્યભગવાન પાસે જઈને, વંદન કરે છે ને વિનયપૂર્વક પ્રાર્થના કરે છે કે–




'મુજને ગ્રહો' કહી પ્રણત થઈ....

"હવે પ્રભો! આ સંસારનાં દુઃખોથી છૂટવા....અને શુદ્ધાત્માની પ્રાપ્તિ કરવા હું આપના આશ્રયે આવ્યો છું; માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિરૂપ સિદ્ધિથી મને અનુગૃહીત કરો."

ત્યારે આચાર્ય ભગવાન તેના ઉપર અનુગ્રહ કરીને તેને મુનિદશા આપે છે કે–'લે, આ પ્રમાણે આ તને શુદ્ધાત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ સિદ્ધિ!'

વાહ, જુઓ તો ખરા, જાણે સાક્ષાત્ મુનિદશાને અંગીકાર કરવાનો પ્રસંગ અત્યારે જ બની રહ્યો હોય! કુંદકુંદસ્વામી અત્યારે જ ચારિત્રદશા અંગીકાર કરાવી રહ્યા હોય! એવું ભાવભીનું વર્ણન છે. આ રીતે, મુમુક્ષુ શિષ્યે પ્રાર્થના કરીને માગેલી ઇષ્ટ મુનિદશા આચાર્ય ભગવાને તેને આપીને અનુગૃહીત કર્યો....

પછી–

પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,<br>
–એ રીત નિશ્ચિત ને જિતેંદ્રિય સાહજિક–રૂપધર બને. ૨૦૪.

હું પરનો નથી, પર પદાર્થો મારાં નથી; આ લોકમાં મારું કાંઈ પણ નથી, પરની સાથે મારે તત્ત્વતઃ કાંઈપણ સંબંધ નથી; હું તો શુદ્ધ જ્ઞાનમાત્ર છું. છદ્રવ્યથી ભરેલા આ લોકમાં મારા એક જ્ઞાનતત્ત્વ સિવાય બીજું કાંઈપણ મારું નથી.–આવા નિશ્ચયવાળો તે જીવ, પર સાથેનો સંબંધ તોડીને એટલે કે ઇન્દ્રિય અને મનને જીતીને,–તેના તરફથી ઉપયોગ પાછો ખેંચીને, જિતેન્દ્રિય થઈને, ઉપયોગને પોતાના શુદ્ધાત્મતત્ત્વમાં લીન કરતો થકો શુદ્ધાત્માને ઉપલબ્ધ કરે છે.....અપ્રમત્ત થઈને મુનિદશા પ્રગટ કરે છે....આત્મદ્રવ્યનું જેવું સહજ શુદ્ધ સ્વરૂપ છે તેવું પ્રગટ કરીને યથાજાત–રૂપધર બને છે.–આવી ચારિત્રદશા તે મોક્ષની સાધક છે.



નમસ્કાર હો તે ચારિત્રવંત મુનિભગવંતના ચરણોમાં.

# * વીતરાગ - વિજ્ઞાન - પ્રશ્નોત્તર *

( ગતાંકથી ચાલુ )

૫૦. અજ્ઞાની પુણ્ય કરીને સ્વર્ગે જાય તો તે સુખી છે?

ના; તે પણ અનાદિની સંસારની ચાલ છે.

૫૧. તો મોક્ષમાર્ગની ચાલ કઈ છે?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગની ચાલ છે.

૫૨. અહીં સમ્યગ્જ્ઞાનને કોનું કાર્ય કહ્યું છે?

સમ્યગ્જ્ઞાન તે સમ્યગ્દર્શનનું કાર્ય છે.

૫૩. સમ્યગ્જ્ઞાનને શુભરાગનું કાર્ય કેમ ન કહ્યું?

કેમકે રાગ વડે તે થતું નથી. રાગ તો સમ્યગ્જ્ઞાનથી વિરુધ્ધ જાત છે.

૫૪. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ શું છે?

આત્માનું સ્વરૂપ, જેમ છે તેમ શ્રદ્ધવું તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે, ને જેમ છે તેમ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે.

૫૫. ધર્માત્માનું સ્વસંવેદન કેવું છે?

અતીન્દ્રિય, આનંદરૂપ છે, મોક્ષનું કારણ છે.

૫૬. એવું સ્વસંવેદન કયા ગુણસ્થાને થાય?

ચોથા ગુણસ્થાનથી તે શરૂ થઇ જાય છે.

૫૭. સ્વસંવેદન થતાં શું થાય છે?

એકસાથે અનંતગુણમાં નિર્મળતા થવા માંડે છે.

૫૮. સમ્યગ્જ્ઞાન શું કરે છે?

બધાને જાણીને, પરભાવોથી ભિન્ન આત્માને સાધે છે.

૫૯. કોને દેખવાથી સમ્યગ્દર્શન થાય?

આત્માના સાચા સ્વરૂપને દેખવાથી સમ્યગ્દર્શન થાય છે.

૬૦. સમ્યગ્દર્શન-પર્યાય ક્યાંથી થશે?

આત્મા પોતે તે-રૂપે પરિણમશે.

૬૧. સમ્યગ્દર્શન કેવું છે?
તે આત્માનું નિજસ્વરૂપ છે, જુદું નથી.

૬૨. સમ્યક્ત્વાદિ કોઈ ગુણ રાગમાં છે?
–ના; એટલે રાગથી તે પ્રગટે નહિ.

૬૩. સમ્યગ્દર્શન થતાં શું થયું?
અનંતગુણમય પોતાનું સ્વઘર જીવે દેખી લીધું.

૬૪. આ વાત કેવી રીતે સાંભળવી?
સ્વભાવની હોંશથી સાંભળવી.

૬૫. આ સમજતાં શું થાય છે?
મોક્ષ તરફનું પરિણમન શરૂ થાય છે.

૬૬. સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદની ખાણ ક્યાં છે?
જડમાં નથી, રાગમાં નથી, આત્મામાં છે.

૬૭. આત્માનું શુદ્ધસ્વરૂપ કેવું છે?
રાગની ભેળસેળ વગરનું, શુદ્ધ જ્ઞાનમય છે.

૬૮. સમ્યગ્દૃષ્ટિ કેવી વસ્તુને જાણે છે?
સામાન્ય–વિશેષસ્વરૂપ જાણે છે.

૬૯. સમ્યગ્દૃષ્ટિને સંદેહ હોય?
આત્માના સ્વરૂપમાં કે અનુભવમાં સંદેહ ન હોય.

૭૦. સમ્યગ્જ્ઞાનની સાથે શું હોય છે?
સમ્યગ્દર્શન, અતીન્દ્રિયસુખ વગેરે હોય છે.

૭૧. સમ્યગ્જ્ઞાનીને શું નથી હોતું?
તેને શંકાદિ દોષ કે મરણાદિ ભય હોતાં નથી.

૭૨. મારે અનંતભવ હશે–એવી શંકા કોને હોય?
મિથ્યાદૃષ્ટિને હોય; સમ્યગ્દૃષ્ટિને ન હોય.

૭૩. જ્ઞાનની સાથે રાગ હોય?
અલ્પ હોઈ શકે; અનંત ભવ થાય એવો રાગ ન હોય.

૭૪. જ્ઞાનના અસ્તિત્વમાં રાગનું અસ્તિત્વ છે?
ના; જ્ઞાન જ્ઞાનપણે છે, રાગપણે નથી.

૭૫. ધર્મીને જે અલ્પરાગ છે તે કેવો છે?

તે પણ બંધનું જ કારણ છે, મોક્ષનું નહિ.

૭૬. જ્ઞાનમાંથી શું આવે?

જ્ઞાનમાંથી મોક્ષ આવે; જ્ઞાનમાંથી સંસાર ન આવે.

૭૭. અપૂર્વ સમ્યગ્જ્ઞાન શું કરે છે?

તે સંસારચક્રને બંધ કરીને મોક્ષચક્રને ચાલુ કરે છે.

૭૮. પુણ્ય કરે પણ આત્મજ્ઞાન ન કરે તો શું મળે?

એનાથી સ્વર્ગ મળે પણ જન્મ–મરણનો અંત ન આવે.

૭૯. મોક્ષને સાધવા માટેની કળા કઈ છે?

સમ્યગ્જ્ઞાન તે મોક્ષને સાધવાની અપૂર્વ કળા છે.

૮૦. જન્મ–મરણના દુઃખને મટાડનારું અમૃત કયું છે?

સમ્યગ્જ્ઞાન જન્મ–મરણ મટાડનાર પરમ અમૃત છે.

૮૧. વીતરાગી ભેદજ્ઞાન ક્યાંસુધી ભાવવું?

કેવળજ્ઞાન થાય ત્યાં સુધી ભેદજ્ઞાનને ભાવવું.

૮૨. સમ્યક્દર્શન–જ્ઞાનને કારણ–કાર્યપણું કઈ રીતે છે?

સહચર અપેક્ષાએ કારણ–કાર્યપણું છે.

૮૩. રાગાદિને સમ્યગ્જ્ઞાનનું કારણ કેમ ન કહ્યું?

તે અશુદ્ધ છે; રાગના અભાવમાં પણ સમ્યગ્જ્ઞાન રહે છે, તેથી રાગ તેનું કારણ નથી.

૮૪. જેમ શ્રદ્ધા–જ્ઞાનને કારણ–કાર્યપણાનો વ્યવહાર છે, તેવો બીજો કયો દાખલો છે? –અતીન્દ્રિયજ્ઞાન તે અતીન્દ્રિયસુખનું કારણ છે.

૮૫. આ કારણ–કાર્યમાં સમયભેદ છે?........ના

૮૬. સમ્યક્ચારિત્રનું મૂળ કારણ કોણ છે?

સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનને ચારિત્રનું મૂળ કારણ કહ્યું છે, પણ રાગને ચારિત્રનું કારણ નથી કહ્યું.

૮૭. સમ્યગ્જ્ઞાન વગર જીવે શું કર્યું?

કોટિ જન્મમાં તપ તપ્યો, પણ શાંતિ ન પામ્યો.

૮૮. સમ્યગ્જ્ઞાન કેવું છે?
તે વીતરાગ–વિજ્ઞાન છે; ત્રણ લોકમાં સાર છે.

૮૯. જગતમાં સુખનું કારણ કોણ છે?
જ્ઞાન સિવાય બીજું કોઈ જગતમાં સુખનું કારણ નથી.

૯૦. પુણ્યને સુખનું કારણ કેમ ન કહ્યું?
કેમકે તેના ફળમાં સંયોગ મળે છે, સુખ નહીં.

૯૧. બુદ્ધિને ક્યાં જોડવાથી હિત થાય?
અદ્ભુત આત્મસ્વરૂપમાં બુદ્ધિને જોડવાથી હિત થાય.

૯૨. કોના વડે દુઃખ મટે ને સુખ મળે?
વીતરાગ–વિજ્ઞાન વડે સુખ મળે ને દુઃખ ટળે.

૯૩. કેવળજ્ઞાન કેવું છે?
અદ્ભુત અચિંત્ય મહિમાથી ભરેલું છે ને મહાન અતીન્દ્રિયસુખ સહિત છે.

૯૪. કેવળજ્ઞાનને ઓળખતાં જીવને શું થાય છે?
અહા, કેવળજ્ઞાનને ઓળખતાં અતીન્દ્રિય જ્ઞાનસ્વભાવની પ્રતીત સહિત સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અતીન્દ્રિયસુખનું વેદન થાય છે.

૯૫. ચોથાગુણસ્થાનનું સમ્યગ્જ્ઞાન કેવું છે?
તે પણ આનંદમય છે, તેનો પણ અપૂર્વ મહિમા છે.

૯૬. મતિ–શ્રુતજ્ઞાન પણ ક્યારે પ્રત્યક્ષ છે?
આત્મસન્મુખ થઈને સ્વાનુભૂતિ વખતે તે પ્રત્યક્ષ છે.

૯૭. એવું પ્રત્યક્ષ, અતીન્દ્રિયજ્ઞાન ગૃહસ્થને થાય?
હા, ધર્મી ગૃહસ્થને એવું જ્ઞાન થાય છે.

૯૮. સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતે મતિ–શ્રુતજ્ઞાન કેવાં છે?
તે વખતે મતિ–શ્રુતજ્ઞાન સ્વસંવેદન–પ્રત્યક્ષ છે.

૯૯. આત્માને જાણવામાં ઇન્દ્રિયનું નિમિત્ત છે?
ના; કેમકે આત્મા અતીન્દ્રિય છે.

૧૦૦. આત્માને જાણવામાં રાગનું નિમિત્ત છે?
ના; રાગથી જુદું પડેલું જ્ઞાન જ આત્માને જાણે છે.

૧૦૧. મોક્ષમાર્ગની શરૂઆત કયા જ્ઞાનથી થાય છે?

અતીન્દ્રિય જ્ઞાનવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

૧૦૨. આત્માને કઈ રીતે જોવો ?

આત્મા આંખથી ન દેખાય, ઇન્દ્રિયાતીત જ્ઞાનથી દેખાય.

૧૦૩. અંધારામાં 'આત્મા છે' એમ કઈ રીતે જણાય ?

'આ અંધારું છે' એમ જે જાણે છે તે આત્મા જ છે.

૧૦૪. અંધકારને જાણનારો પોતે આંધળો છે કે દેખતો ?

અંધકારને જાણનાર પોતે આંધળો નથી, તે તો જાગૃત ચૈતન્યસત્તા છે.

૧૦૫. આત્માનો સાક્ષાત્કાર ક્યારે થાય ?

તેનો અત્યંત રસ અને અત્યંત મહિમા આવે ત્યારે.

૧૦૬. પૈસામાંથી જીવને કદી સુખ મળવાનું છે ?

–ના, એમાં સુખ છે જ નહિ પછી ક્યાંથી મળે ?

૧૦૭. આંખથી નજરે દેખાય તે પ્રત્યક્ષજ્ઞાન છે–એ બરાબર છે ?

ના; આંખથી દેખાય તે પરોક્ષ; આંખ વગર દેખાય તે પ્રત્યક્ષ.

૧૦૮. અંતરમાં એકાગ્ર થઈને અનુભવ કરતાં શું થાય છે ?

અહા, અતીન્દ્રિય આનંદરસની ધારા ઉલ્લસે છે.

૧૦૯. સિંહને આત્માનો અનુભવ થાય ?

હા; સિંહ, વાઘ, હાથી, વાનર, સર્પ, હરણ વગેરેને પણ થાય.

મહાવીર પ્રભુના આત્માએ સિંહના ભવમાં આત્મઅનુભવ કર્યો હતો, ને પારસનાથ પ્રભુના જીવે હાથીના ભવમાં કર્યો હતો.

૧૧૦. દુનિયામાં આત્મજ્ઞાનવાળા કેટલા માણસો હશે ?

દુનિયામાં સમ્યગ્દ્રષ્ટિ–મનુષ્યોની સંખ્યા સાત અબજ જેટલી છે.

૧૧૧. હાથી વગેરેને પૂર્વભવનું જાતિસ્મરણ થાય ?

હા, આત્મજ્ઞાન થાય ને જાતિસ્મરણજ્ઞાન પણ થાય.

૧૧૨. એવું જ્ઞાન કયા હાથીને થયું હતું ?

ત્રિલોકમંડન હાથીને, તેમજ પારસનાથના જીવને થયું હતું.

૧૧૩. બધા સાધક જીવોને કયા જ્ઞાન હોય ?

સમ્યક્ મતિ–શ્રુતજ્ઞાન બધા સાધકજીવોને નિયમથી હોય છે.

૧૧૪. સામાના મનની વાત જાણી લ્યે તો?

–એ કાંઈ આશ્ચર્યની વાત નથી; એવું જાણપણું (વિભંગજ્ઞાન) અજ્ઞાનીને પણ હોય છે; મોક્ષમાર્ગમાં તેની કિંમત નથી.

૧૧૫. મોક્ષમાર્ગમાં શેની કિમત છે?

સ્વસંવેદનરૂપ વીતરાગ–વિજ્ઞાનનો પરમ મહિમા છે; તેના વડે મોક્ષમાર્ગ સધાય છે; તે આનંદરસમાં તરબોળ છે.

૧૧૬. કેવળજ્ઞાન કોને હોય છે?

સિદ્ધ તથા અરિહંત ભગવંતોને.

૧૧૭. કેવળજ્ઞાની ભગવંતો કેટલા છે?

અનંતાનંત છે.

૧૧૮. પરમઅવધિ, સર્વઅવધિ, વિપુલમતિ–મનઃપર્યય કોને હોય?

ચરમશરીરી મુનિવરોને જ હોય છે.

૧૧૯. પરમાત્મા થયા તેઓ પહેલાં કેવા હતા?

તેઓ પણ પહેલાં બહિરાત્મા હતા.

૧૨૦. પછી તેઓ કેવા થયા?

તેઓ જ અંતરાત્મા થઈને પરમાત્મા થયા.

૧૨૧. અંતરાત્મપણું અને પરમાત્મપણું કેવી રીતે થયું?

શુદ્ધોપયોગ વડે; વીતરાગ–વિજ્ઞાન વડે.

૧૨૨. ‘નમો અરિહંતાણં’ માં શું આવવું જોઈએ?

તેમાં સર્વજ્ઞસ્વભાવી આત્માની પ્રતીત આવવી જોઈએ.

૧૨૩. અત્યારે મનુષ્યલોકમાં કેટલા અરિહંતભગવંતો છે?

સીમંધરાદિ આઠલાખ જેટલા અરિહંતો વિચરે છે.

૧૨૪. કેવળજ્ઞાન શુભરાગ વડે થાય?

ના; શરૂઆતનું સમ્યગ્જ્ઞાન પણ શુભરાગ વડે નથી થતું.

૧૨૫. રાગવડે જ્ઞાન થવાનું માને તો?

તો તેણે કેવળ–જ્ઞાનને ઓળખ્યું નથી, અરિહંતને ઓળખ્યા નથી; તેણે રાગ અને જ્ઞાનની ભેળસેળ કરી છે.

૧૨૬. રાગને કેવળજ્ઞાનનું કારણ માને તો?
તો કેવળજ્ઞાન પણ રાગવાળું ઠરે! કેમકે કારણ અને કાર્ય એક જાતના હોય.

૧૨૭. કેવળજ્ઞાનનું કારણ કોણ છે?
રાગ અને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ કરવો તે.

૧૨૮. કેવળજ્ઞાનનો સ્વીકાર રાગવડે થઈ શકે?
ના; જ્ઞાનસ્વભાવની સન્મુખતાથી જ થાય.

૧૨૯. સર્વજ્ઞની સાચી ઓળખાણ ક્યારે થઈ?
પોતામાં ભેદજ્ઞાન થઈને સમ્યગ્જ્ઞાન થયું ત્યારે.

૧૩૦. તે સમ્યગ્જ્ઞાનની સાથે શું છે!
તેની સાથે રાગવગરનું વીતરાગી સુખ છે.

૧૩૧. ધર્માત્માના મતિ–શ્રુતજ્ઞાન કેવા છે?
તે કેવળજ્ઞાનની જાતના છે; રાગથી જુદા છે.

૧૩૨. સમ્યગ્જ્ઞાન કેવું છે?
કેવળજ્ઞાન સાથે કેલિ કરનારું, મોક્ષસુખ દેનારું પરમઅમૃત છે.

૧૩૩. જીવન શેના માટે છે?
સ્વહિત સાધવા માટે જ મુમુક્ષુનું જીવન છે.

૧૩૪. અજ્ઞાની સ્વર્ગમાં જવા છતાં સુખ કેમ ન પામ્યો?
કેમકે, સુખનું કારણ જ્ઞાન તેની પાસે ન હતું.

૧૩૫. તે જીવ, પંચમહાવ્રત તો પાળતો હતો?
પંચમહાવ્રતનો રાગ તે કાંઈ સુખનું કારણ નથી.

૧૩૬. સુખ માટે શું કરવું?
સુખ માટે બીજું કાંઈ શોધ મા, સમ્યગ્જ્ઞાન કર.

૧૩૭. રાગમાં, પુણ્યમાં કે પુણ્યફળમાં સુખ માને તે કેવો છે?
તેને સાચા જ્ઞાનની કે સાચા સુખની ખબર નથી.

૧૩૮. જ્ઞાનમાં વધુ સુખ, ને વિષયોમાં થોડું સુખ–એમ છે?
ના; સમ્યગ્જ્ઞાનમાં સુખ છે, બીજે ક્યાંય સુખ નથી.

૧૩૯. સમ્યગ્જ્ઞાનને અમૃત કેમ કહ્યું?
કેમકે અમર એવું મોક્ષપદ તેનાવડે પમાય છે.

૧૪૦. તે સમ્યગ્જ્ઞાન ક્યાંથી આવે છે?

આત્મામાંથી જ આવે છે; તે આત્માનો સ્વભાવ છે.

૧૪૧. જિનવચન કેવાં છે?

અમૃતપદને દેખાડનારા હોવાથી તે પણ અમૃત છે.

૧૪૨. આત્માનું જ્ઞાન કેવું છે?

આનંદસહિત છે; જેમાં આનંદ નહિ તે જ્ઞાન નહીં.

૧૪૩. જીવો સિદ્ધ થયા, થાય છે ને થશે–તે કઈ રીતે? –ભેદજ્ઞાનથી.

૧૪૪. જે જીવો બંધાયા છે તેઓ? –ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે.

૧૪૫. આ જાણીને શું કરવું?

અચ્છિન્નધારાથી ભેદજ્ઞાનને નિરંતર ભાવવું.

૧૪૬. ભેદજ્ઞાની જીવ શું કરે છે?

આત્માના આનંદમાં કેલિ કરતો–કરતો મુક્તિમાં જાય છે.

૧૪૭. ધર્મીજીવ આત્મસાક્ષીથી શું જાણે છે?

હવે મને જ્ઞાનકળા ઉપજી છે ને હું સિદ્ધપદને સાધી રહ્યો છું.

૧૪૮. આ જડ–માટીના ઘરમાં રહેવું આત્માને શોભે છે?

ના; આત્મા તો અનંત ચૈતન્યગુણમાં વસનારો છે.

૧૪૯. સમ્યગ્જ્ઞાનના પ્રસાદથી જીવને શું થશે?

તે અશરીરી થઈને સિદ્ધાલયમાં રહેશે; ફરીને કદી શરીરમાં કે સંસારમાં નહીં આવે.

૧૫૦. શરીરથી ભિન્ન આત્માને ન જાણે તો શું થાય?

તે શરીરરહિત એવા સિદ્ધપદને પામી ન શકે. નવા નવા શરીર ધારણ કરીને સંસારમાં જ રખડે.

૧૫૧. સમ્યગ્જ્ઞાન વગરના તપથી જીવને સુખ મળે?

ના; સમ્યગ્જ્ઞાન જ આત્માને સુખનું કારણ છે.

૧૫૨. ચિંતામણિ જેવો મનુષ્યઅવતાર પામીને શું કરવું?

'आपो लख लीजे' –કોઈપણ રીતે આત્માને જાણો. (ક્રમશઃ)

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

## (લેખાંકઃ ૧૦)

**જે જીવને સમાધિ એટલે કે આત્મિકશાંતિની ચાહના હોય તેને તેની પ્રાપ્તિ કેમ થાય? એ વાત પૂજ્યપાદ સ્વામીએ 'સમાધિતંત્ર'માં બતાવી છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને જે ભિન્ન જાણે છે, તે જીવ સ્વદ્રવ્યના સ્વભાવની અદ્‌ભુતતામાં એવો તૃપ્ત થઈ જાય છે કે સંયોગમાંથી કાંઈ લેવાની બુદ્ધિ તેને રહેતી નથી; એટલે સર્વ સંયોગોમાં તે નિજસ્વરૂપથી સંતુષ્ટ રહે છે, તેથી તેને સમાધિરૂપ અપૂર્વ આત્મશાંતિ હોય છે. તેનું વર્ણન આ પ્રવચનોમાં આપ વાંચશો.**

અજ્ઞાનીનો વિષય જ બાહ્ય છે એટલે બાહ્ય પદાર્થોમાં જ તે ગ્રહણ–ત્યાગની બુદ્ધિ કરે છે; આ બાહ્ય પદાર્થો ઇષ્ટ છે માટે તેને ગ્રહણ કરું, ને આ બાહ્ય પદાર્થો અનિષ્ટ છે માટે તેને છોડું,–આ રીતે બાહ્ય પદાર્થોમાં બે ભાગ પાડીને તેને ગ્રહણ–ત્યાગ કરવા માંગે છે, તેમાં એકલો રાગ–દ્વેષનો જ અભિપ્રાય છે એટલે તેને અસમાધિ જ છે.

જ્ઞાનીનો સ્વવિષય અંતરમાં પોતાનો આત્મા જ છે; સમસ્ત બાહ્યપદાર્થોને તે પોતાથી ભિન્ન જ જાણે છે એટલે કોઈ બાહ્ય પદાર્થને હું ગ્રહું કે છોડું–

એવું તેને રહ્યું નથી. પરપદાર્થ મારાં છે જ નહિ તો હું તેને કેમ છોડું? માટે બાહ્યમાં મારે કાંઈ ગ્રહણ–ત્યાગ યોગ્ય નથી.

અંતરાત્મા પોતાના શુદ્ધઆત્માને ગ્રહણ કરીને (એટલે કે તેનામાં શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રને એકાગ્ર કરીને) રાગાદિ પરભાવોને છોડે છે. આ રીતે અંતરમાં જ તેને ગ્રહણ–ત્યાગ છે. આવા ગ્રહણ–ત્યાગવડે સ્વરૂપમાં સ્થિરતારૂપ નિર્વિકલ્પ સમાધિ થાય છે; ત્યાં એવી કૃતકૃત્યતા છે કે ગ્રહણ–ત્યાગ સંબંધી કોઈ વિકલ્પ રહેતા નથી; ગ્રહવાયોગ્ય સ્વરૂપને ગ્રહી લીધું હોવાથી, ને છોડવાયોગ્ય પરભાવને છોડયા હોવાથી, ત્યાં પરમ તૃપ્તિ છે...એનું નામ સમાધિ છે....તે મોક્ષમાર્ગ છે.

આ સમાધિ–અધિકાર છે એટલે કે આત્માને સમાધિ કેમ થાય તેની વાત ચાલે છે. તેમાં કેવા ગ્રહણ–ત્યાગથી સમાધિ થાય–તે કહે છે.–

* જેઓ ચૈતન્યસ્વભાવને જાણીને પરિપૂર્ણ જ્ઞાન ને આનંદસ્વરૂપ પરમાત્મા થઈ ગયા તેમણે તો ગ્રહવા યોગ્ય એવું પોતાનું શુદ્ધસ્વરૂપ ગ્રહી લીધું ને ત્યાગવા યોગ્ય એવા મોહ–રાગ–દ્વેષ છોડી દીધા, એટલે તેમને પૂર્ણ સમાધિ જ છે.

* જે અંતરાત્મા છે તેણે શરીરાદિ સમસ્ત પદાર્થોથી પોતાના ચૈતન્યસ્વરૂપ આત્માને ભિન્ન જાણ્યો છે એટલે પરમાં તો કોઈનું ગ્રહણ કે ત્યાગ કરવાનું તે માનતા નથી; પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને જ ઉપાદેય જાણ્યું છે ને પરભાવોને હેય જાણ્યા છે, તેથી ચૈતન્યસ્વભાવનું જ ગ્રહણ કરીને (–તેમાં લીનતા કરીને) પરભાવોને તે છોડતા જાય છે; અને તેમને સમાધિ થતી જાય છે.

* અને મિથ્યાદ્રષ્ટિ બહિરાત્મા તો બાહ્યપદાર્થો સાથે પોતાને એકમેક માને છે, પરપદાર્થોને ઇષ્ટ–અનિષ્ટ માને છે, એટલે તે કોઈ અનુકૂળ પરપદાર્થો ઉપર રાગ કરીને તેને ગ્રહવા માંગે છે ને કોઈ પ્રતિકૂળ પરપદાર્થો ઉપર દ્વેષ કરીને તેને છોડવા માંગે છે. આ રીતે મિથ્યાદ્રષ્ટિ જીવ રાગ–દ્વેષથી પરને ગ્રહવા–છોડવાનું માને છે. આ રીતે મિથ્યા અભિપ્રાયને લીધે તેનો ત્યાગ પણ દ્વેષગર્ભિત છે; તેને સમાધિ થતી નથી પણ અસમાધિ જ રહે છે.

ઘર કે જંગલ, મહેલ કે મસાણ, તે બધાય આત્માથી ભિન્ન પરદ્રવ્ય છે; છતાં અજ્ઞાની બાહ્યદ્રષ્ટિથી એમ માને છે કે ઘર છોડું, અને જંગલમાં જાઉં–તો શાંતિ થાય; પણ અરે ભાઈ! શાંતિ જંગલમાં છે કે આત્મામાં છે? મકાન તને અનિષ્ટ છે, કે તારો મોહ અનિષ્ટ છે? મોહને તો છોડતો નથી ને મકાનને

અનિષ્ટ માનીને છોડવા માંગે છે, તે અભિપ્રાય જ જૂઠો છે; ને મિથ્યા અભિપ્રાય સહિતનો ત્યાગ તે તો દ્વેષથી ભરેલો છે. ચૈતન્યના વીતરાગભાવ વગર શાંતિનું વેદન થાય નહીં.

ચૈતન્યગૂફામાં પ્રવેશીને શાંતિના વેદનમાં લીન થતાં બાહ્યપદાર્થો પ્રત્યે રાગ–દ્વેષ–મોહની વૃત્તિ જ ન થાય તેનું નામ ત્યાગ છે; ને જ્યાં–રાગ–દ્વેષ–મોહ છૂટયા ત્યાં તેના નિમિત્તો (વસ્ત્રાદિ) પણ સહેજે છૂટી જાય છે, તેથી તેનો ત્યાગ કર્યો એમ નિમિત્તથી કહેવાય છે.

ચૈતન્યમાં અંતર્મુખ થઈને મિથ્યાત્વાદિ પરભાવોને છોડયા વગર કદી સમાધિ થાય જ નહિ. ધર્માત્મા કદાચ ગૃહસ્થપણામાં હોય તોપણ ચૈતન્યમાં અંતર્મુખ થવાથી મિથ્યાત્વાદિ પરભાવો જેટલે અંશે છૂટી ગયા છે તેટલે અંશે તેમને સમાધિ જ વર્તે છે, ખાતાં–પીતાં, બોલતાં–ચાલતાં, જાગતાં–સૂતાં સર્વ પ્રસંગે તેટલી વીતરાગી સમાધિ–શાંતિ તેને વર્ત્યા જ કરે છે, એટલે ખરેખર ગૃહસ્થભાવમાં નહીં પણ ચેતનભાવમાં જ તે વર્તે છે.

બહારના ગ્રહણ–ત્યાગ ઉપરથી અંતરના માપ થાય તેમ નથી. અંતર્દ્રષ્ટિને નહિ જાણનારા બાહ્યદ્રષ્ટિ લોકો બાહ્યત્યાગ દેખીને છેતરાય છે, ધર્માત્માની અંતર્દશાને તેઓ ઓળખતા નથી.

અંતરનો અભિપ્રાય ઓળખ્યા વગર ધર્મી–અધર્મીની ઓળખાણ થાય નહિ. પરથી ભિન્ન આત્માને ઓળખીને, તેમજ સ્વભાવ અને પરભાવનું પૃથ્થકરણ કરીને, સ્વભાવમાં એકાગ્ર રહેતાં પરભાવ છૂટી જાય છે; સ્વભાવની અનુભૂતિમાં ગ્રહણ–ત્યાગના કોઈ પણ વિકલ્પ નથી.

જેટલું બહિર્મુખ વલણ જાય તેટલું દુઃખ છે, ને અંતર્મુખ ચૈતન્યવેદનમાં જ આનંદ છે, એમ સ્વસંવેદનથી જાણી લીધું હોવાથી ધર્મી પોતાના ઉપયોગમાં આત્માને જ ગ્રહવા માંગે છે. જગતના કોઈ પણ બાહ્યપદાર્થ પ્રત્યે ઉપયોગ જાય તો તેમાં તેને પોતાનું સુખ ભાસતું નથી, એક નિજસ્વરૂપમાં જ સુખ ભાસ્યું છે; આથી પર તરફના વ્યાપારને છોડીને સ્વ તરફ ઉપયોગને જોડે છે,–એટલે કે સ્વદ્રવ્યને જ જ્ઞાનમાં ગ્રહણ કરે છે.–આ ધર્મીજીવની ગ્રહણ–ત્યાગની વિધિ છે. આ સિવાય બહારમાં કાંઈ ગ્રહવા–છોડવાનું આત્માને નથી. ઉપયોગમાં જ્યાં સ્વદ્રવ્યનું ગ્રહણ થયું ત્યાં સમસ્ત પરદ્રવ્યો અને પરભાવો

ઉપયોગથી બહાર જુદા જ રહી જાય છે, એટલે સ્વ તરફ વળેલો ઉપયોગ પરના ત્યાગસ્વરૂપ જ છે. આ રીતે ઉપયોગની નિજસ્વરૂપમાં સાવધાની તે જ સમાધિ છે, તે જ મોક્ષમાર્ગ છે, તેમાં ગ્રહવાયોગ્યનું ગ્રહણ અને છોડવાયોગ્યનો ત્યાગ થઈ જાય છે.

જ્યાંસુધી દેહમાં આત્મબુદ્ધિ છે ત્યાંસુધી જ જગતના પદાર્થો વિશ્વસનીય અને રમ્ય લાગે છે, એટલે કે બહિરાત્માને જ જગતના પદાર્થોમાં સુખ ભાસે છે; પરંતુ જ્યાં પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિ થઈ ત્યાં બીજા શેમાં વિશ્વાસ હોય? કે બીજે ક્યાં રતિ હોય? અંતરાત્માને પોતાથી બાહ્ય જગતના કોઈપણ પદાર્થમાં સુખ ભાસતું નથી એટલે તેમાં વિશ્વાસ કે રતિ થતાં નથી; ચૈતન્ય સ્વરૂપનો જ વિશ્વાસ કરીને તેમાં જ તે રમે છે.

જુઓ, આ ધર્માત્માનું રમ્યસ્થાન! શાંતિનું લીલુંછમ સ્થાન છોડીને ધગધગતા વેરાન પ્રદેશમાં કોણ રમે!–તેમ બાહ્ય પદાર્થો તો આત્માના સુખને માટે વેરાનપ્રદેશ જેવા છે, તેમાં ક્યાંય સુખ કે શાંતિનો છાંટોય નથી. ઊલટું તે તરફની વૃત્તિથી તો ધગધગતા તાપની જેમ આકુળતા થાય છે; અને ચૈતન્ય–પ્રદેશમાં રમતાં પરમ શાંતિ વેદાય છે. તો પછી આવા શાંત રમ્ય લીલાછમ ચૈતન્યપ્રદેશને છોડીને ઉજ્જડ વેરાન એવા પરદ્રવ્યમાં કોણ રમે?–તેને રમ્ય કોણ માને? ધર્મી તો ન જ માને. જેણે શાંતિધામ એવો રમ્ય આત્મપ્રદેશ જોયો નથી એવા મૂઢ જીવો જ પરદ્રવ્યમાં સુખ કલ્પીને તેને રમ્ય સમજે છે.

જ્ઞાનીને ચૈતન્યના અતીન્દ્રિયસુખનું વેદન થયું છે, એટલે તેનો જ વિશ્વાસ અને તેની જ પ્રીતિ છે. જગતમાં ક્યાંય પરમાં મારું સુખ છે જ નહિ એવું ભાન છે તેથી પરમાં ક્યાંય સુખબુદ્ધિથી આસક્તિ થતી નથી. આ રીતે આત્માની જ રતિ હોવાથી જ્ઞાની પોતાના આત્મજ્ઞાન સિવાય બીજું કાર્ય અધિક કાળ ધારણ કરતા નથી–એ વાત હવેની (૫૦ મી) ગાથામાં કહેશે.

સંયોગ તો દગો દઈને ક્ષણમાં છૂટા પડી જાય છે, તે કાંઈ જીવની સાથે ધ્રુવ રહેતા નથી. તેથી સંયોગના વિશ્વાસે જે સુખી થવા માંગે છે તે જરૂર છેતરાય છે. આ શરીર ને આ અનુકૂળ સંયોગો જાણે સદાય આવાને આવા રહ્યા કરશે એમ તેનો વિશ્વાસ કરીને અજ્ઞાની તેમાં સુખ માને છે, પણ જ્યાં સંયોગો પલટી જાય ને પ્રતિકૂળતા થઈ જાય ત્યાં જાણે કે મારું સુખ ચાલ્યું ગયું! એમ તે છેતરાય છે. પણ અરે ભાઈ! અનુકૂળ સંયોગ વખતે પણ તેમાં

કાંઇ તારું સુખ ન હતું, તું તેમાં સુખ માનીને છેતરાયો. જ્ઞાની તો જાણે છે કે સંયોગનો શો વિશ્વાસ! તેમાં ક્યાંય સુખ દેખાતું જ નથી. જ્ઞાનીની નજર એક આત્મા ઉપર જ ઠરે છે, બીજે ક્યાંય જગતમાં તેની નજર ઠરતી નથી. રાગ ઉપર પણ તેની દ્રષ્ટિ ઠરતી નથી. એક આતમરામમાં જ તેની નજર ઠરે છે. અહો! મારો આત્મા એક જ મારા સુખનું ધામ છે, તેના સિવાય જગતનું કોઈ તત્ત્વ મારા સુખનું ધામ નથી, તો તે પર દ્રવ્યોનો શો વિશ્વાસ? ને તેમાં કેવી રતિ? મારો આત્મા જ મારું આનંદનું ધામ છે.–એમ જ્ઞાનીની શ્રદ્ધાનો ને રમણતાનો વિષય પોતાનો આત્મા જ છે. તેઓ પોતાના સ્વભાવને જ સુખનો સાગર જાણીને તેનો વિશ્વાસ અને તેમાં એકાગ્રતા કરે છે, ને એ રીતે પોતાના અતીન્દ્રિયસુખને ભોગવે છે; તે છેતરાતા નથી.

માટે હે ભવ્ય! તારા આત્માને જ સુખનું સ્થાન જાણીને તેનો જ વિશ્વાસ કર ને તેમાં જ રમણતા કર; બાહ્ય પદાર્થોમાં સુખની માન્યતા છોડ, –એમ શ્રી પૂજ્યપાદ સ્વામીનો ઉપદેશ છે.

સમકિતીને પોતાનો આત્મા જ ઇષ્ટ છે, આત્મા જ વહાલો છે, આત્મા સિવાય બીજું કાંઈ જગતમાં ઇષ્ટ કે સુખરૂપ લાગતું નથી. ચૈતન્યના વિશ્વાસે જ્ઞાનીનાં વહાણ ભવસાગરથી તરી જાય છે ને મોક્ષમાં પહોંચી જાય છે.

ધર્માત્મા જ્ઞાની આત્મજ્ઞાન સિવાય બીજા કોઈ કાર્યને પોતાની બુદ્ધિમાં ચિરકાળ સુધી ધારણ કરતાં નથી; આત્મસ્વભાવની ભાવના છોડીને કોઈપણ કાર્યમાં તેઓ જોડાતા નથી, આત્માની ભાવના એક ક્ષણ પણ છૂટતી નથી. જ્ઞાનચેતના જેનું લક્ષણ છે તે જ ધર્મીનું કાર્ય છે, તેમાં જ તે તત્પર છે. અસ્થિરતાને લીધે પ્રયોજનવશ શરીર–વાણીની કંઈક ચેષ્ટામાં જોડાય છે પણ તેમાં તે અતત્પર છે; તેને તેની ભાવના નથી, તેમાં તેઓ જ્ઞાન–આનંદ માનતા નથી, માટે તેનાથી તે અનાસક્ત જ છે.

ચોથા ગુણસ્થાનવાળો સમકિતી અંતરાત્મા પણ રાગાદિમાં ને વિષયોમાં અતત્પર છે, કેમકે તેમાં સુખ માન્યું નથી; ચેતના તેમાં તન્મય થઈ નથી. રાજપાટમાં હોય, સ્ત્રીઓ હોય, ખાતા–પીતા હોય, ઉપદેશ દેતા હોય, છતાં અંતરના ચૈતન્યસુખની પ્રીતિ આડે તેની ચેતના કોઈપણ બાહ્યવિષયોમાં કે રાગમાં તત્પર થતી નથી, જુદી ને જુદી જ રહે છે.

જ્ઞાનીના અંતરંગ ચેતનાપરિણામ વિષયોથી ને રાગથી કેવા પાર છે તેની અજ્ઞાનીને ખબર નથી. ચૈતન્યસુખનો જે સ્વાદ જ્ઞાનીના વેદનમાં આવ્યો છે તે સ્વાદની, અજ્ઞાની વિષયલુબ્ધ પ્રાણીને બિચારાને ગંધ પણ નથી...એટલે પોતાની દ્રષ્ટિએ જ્ઞાનીને જોવા જાય છે, પણ જ્ઞાનીની વાસ્તવિક દશાને તે ઓળખતો નથી. ઓળખે તો અપૂર્વ કલ્યાણ થાય.

મુનિ ધ્યાનમાં આત્માના આનંદમાં લીન હોય....ને કોઈ સિંહ આવીને શરીરને ફાડી ખાતા હોય....ત્યાં બાહ્યદ્રષ્ટિ મૂઢ પ્રાણીને એમ થાય કે 'અરેરે! આ મુનિ કેટલા બધા દુઃખી!! '–પણ મુનિને તો અંદરમાં સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય વધારે આનંદરસની ધારા ઉલ્લસી છે....સિદ્ધ ભગવાન જેવા પરમ આત્મસુખમાં તે લીન છે....અહીં તો હજી શરીરને સિંહ ખાતો હોય ત્યાં તો અતીન્દ્રિય આનંદમાં લીનતા સહિત, એકાવતારીપણે દેહ છોડીને મુનિ તો સિદ્ધની પાડોશમાં સર્વાર્થસિદ્ધિમાં ઊપજ્યા હોય! (સિદ્ધશિલાથી સર્વાર્થસિદ્ધિ ફકત બાર જોજન દૂર છે.)

સંયોગમાં કે રાગમાં સુખ માનીને તેમાં પોતાના આત્માને ધર્મી નથી ઝુલાવતા, પણ ધર્મી તો આત્માનો વિશ્વાસ કરીને તેના આનંદમાં આત્માને ઝુલાવે છે. સ્વરૂપના આનંદમાંથી બહાર નીકળવું તે પ્રમાદ ને દુઃખ છે. વ્યવહારમાં તો એમ કહેવાય કે તીર્થયાત્રા ન કરે તે આળસુ છે. શાંતિનાથ ભગવાનના માતાજી અચિરાદેવીને ગર્ભકલ્યાણક વખતે દેવીઓ વિનોદથી પ્રશ્ન પૂછે છે કે હે માતા! ખરો આળસુ કોણ? ત્યારે માતાજી કહે છે કે જે તીર્થયાત્રા ન કરે ને વિષયોમાં જ વર્તે તે આળસુ છે;–એ રીતે ત્યાં વ્યવહારમાં એમ કહેવાય; પણ પરમાર્થે તો ચિદાનંદસ્વરૂપના અનુભવમાંથી બહાર નીકળવું તે પ્રમાદ છે–એટલે કે આળસ છે. ચૈતન્યના આનંદના અનુભવમાં લીન સંતો તેમાંથી બહાર નીકળવાના આળસુ છે...કેમકે આત્માના અનુભવ સિવાય બીજે ક્યાંય તેમને સુખ ભાસતું નથી.

ધર્માત્મા શરીરાદિકથી ભિન્ન પોતાના આત્માની એવી ભાવના ભાવે છે કે–ઇન્દ્રિયોદ્વારા જે દેખાય છે તે હું નથી, મારું સ્વરૂપ તો પરમ ઉત્તમ જ્ઞાન–જ્યોતિ છે ને આનંદસહિત છે, પરમ પ્રસન્નતારૂપ જે પરમાર્થ સુખ તેનાથી સહિત છે; હું મારા આવા સ્વરૂપને અંતરમાં દેખું છું; તેમાં મને પરમ સુખની અનુભૂતિ છે. માટે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી હઠાવીને અતીન્દ્રિયજ્ઞાન વડે હું

મારા આત્માને દેખું છું–અનુભવું છું; ને તે સિવાય સમસ્ત બાહ્ય–વિષયો પ્રત્યે હું અનાસક્ત છું, તેમાં ક્યાંય મને મારાપણું કે સુખ ભાસતું નથી.

ઇન્દ્રિયોદ્વારા બહારમાં જે દેખાય છે તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી. ઇન્દ્રિયોદ્વારા શરીરાદિ દેખાય છે તે તો જડ છે, તે કાંઈ આત્મા નથી; આત્મા કાંઈ ઇન્દ્રિયોથી ન દેખાય; આત્મા તો અતીન્દ્રિય જ્ઞાનમય છે, ને અતીન્દ્રિયજ્ઞાનથી જ તે દેખાય છે.–ધર્માત્મા પોતાના જ્ઞાનને વિષયોથી પાછું વાળીને અંતરમાં પોતાના સ્વરૂપમાં વાળે છે; તેમાં તેને પોતાના કોઈ પરમ અચિંત્ય અદ્‌ભુત આનંદનો અનુભવ થયો છે, માટે તે બાહ્ય વિષયોમાં અનાસક્ત છે. તેને પોતાના આત્મસ્વરૂપનું ચિંતન જ સુખકર લાગે છે, ને ઇન્દ્રિયવિષયો તો દુઃખકર લાગે છે; માટે તે ધર્માત્મા પોતાની બુદ્ધિમાં આત્માને જ ધારણ કરે છે, અને શરીરાદિકને ધારણ કરતા નથી. ધર્માત્માની આવી અનુભૂતિનું નામ સમાધિ છે.

આત્મામાં જ આનંદ છે, તે જ ઉપાદેય છે, તેમાં જ એકાગ્ર થવા જેવું છે –એવી રુચિ અને ભાવના તો છે ને તેમાં એકાગ્ર થવાનો જે હજી પ્રયત્ન કરે છે, તેને શરૂઆતમાં કષ્ટ લાગે છે, કેમકે અનાદિથી બાહ્ય વિષયોમાં જ અભ્યાસ છે, તેથી તે બાહ્ય વિષયોથી પાછા ખસીને આત્મભાવનામાં આવતાં કષ્ટ લાગે છે.

આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ! અણઅભ્યાસને કારણે શરૂઆતમાં તને કષ્ટ જેવું લાગશે, પણ અંતર્‌પ્રયત્નથી આત્માનો અનુભવ થતાં એવો અપૂર્વ આનંદ થશે કે તેના સિવાય બહારના બધા વિષયો કષ્ટરૂપ–દુઃખરૂપ લાગશે.

અંતર્મુખ થવાનો પ્રયત્ન કરતાં કરતાં તેમાં શાંતિ દેખાશે ને પરિણામમાં ઉલ્લાસ થશે. પછી અનુભવનો ઉદ્યમ કરતાં કરતાં જ્યાં નિર્વિકલ્પ આનંદની અનુભૂતિ થઈ–સમ્યગ્દર્શન થયું ત્યાં ધર્મી વારંવાર તેની જ ભાવના કરે છે, ને તેને આત્મામાં જ સુખ લાગે છે, તથા બાહ્યવિષયો દુઃખરૂપ લાગે છે. આનંદનો અનુભવ ન હતો, આત્માની શાંતિ દેખાતી ન હતી ત્યારે તો અંતરના અનુભવનો ઉદ્યમ કરવામાં કષ્ટ લાગતું ને બહારમાં સુખ લાગતું; પણ જ્યાં અંતરમાં આનંદનો અનુભવ થયો–સ્વાદ ચાખ્યો ત્યાં બહારો રસ ઊડી ગયો ને ચૈતન્યના અનુભવનું સુખ જોયું એટલે હવે તો તેને આત્માના ધ્યાનનો ઉત્સાહ આવ્યો....જેમ વધારે એકાગ્રતા કરું તેમ વધારે આનંદ ને શાંતિનું

વેદન થાય છે. આનંદનો સ્વાદ જ્યાંસુધી ચાખ્યો ન હતો ત્યાંસુધી તેમાં કષ્ટ લાગતું, પણ હવે જ્યાં આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં ધર્મીને તેમાંથી બહાર નીકળવું કષ્ટરૂપ–દુઃખરૂપ લાગે છે.

જેમ માછલાંની રુચિ શીતળ જળમાં પોષાણી છે, તેમાંથી બહાર રેતીમાં કે તડકામાં આવતાં તે દુઃખથી તરફડે છે, તેમ ધર્માત્મા જ્ઞાનીની રુચિ પોતાના શાંત ચૈતન્યસરોવરમાં જ પોષાણી છે, તે શાંતિના વેદનમાંથી બહાર નીકળીને પુણ્ય કે પાપના ભાવમાં આવવું પડે તે તેમને દુઃખરૂપ લાગે છે. ચૈતન્યસુખના રસ પાસે તેને આખું જગત નીરસ લાગે છે, સમસ્ત વિષયો દુઃખરૂપ લાગે છે. નરકમાં રહેલા કોઈ સમકિતી જીવને આત્માના અતીન્દ્રિય આનંદના વેદનની જે શાંતિ આવે છે, તેવી શાંતિ મિથ્યાદ્રષ્ટિને સ્વર્ગના વૈભવમાં પણ નથી, અરે! સંયોગમાં શાંતિ હોય કે સ્વભાવમાં! ચૈતન્યના શાંત જળમાંથી બહાર નીકળીને ઇન્દ્રિયવિષયો તરફ દોડે છે તે જ આકૂળતા છે, ને અતીન્દ્રિય ચૈતન્યમાં ઉપયોગ ઠરે છે તેમાં પરમ અનાકુળ શાંતિ છે. માટે ભાઈ! આત્માના આનંદનો વિશ્વાસ કરીને વારંવાર દ્રઢપણે તેમાં એકાગ્રતાનો ઉદ્યમ કર.

જેમ એક માણસ સદાય ખારું–ભાંભરું–મેલું પાણી જ પીતો હોય, મીઠું –સ્વચ્છ પાણી ઘરમાં ઊંડે કૂવામાં હોય તે કદી ચાખ્યું ન હોય; તેની ખબર પણ ન હોય. પણ જ્યાં તેને પોતાના મીઠા કૂવાની ખબર પડી અને તેનું સ્વચ્છ પાણી ચાખ્યું, ત્યાં ખારા પાણીનો રસ ઊડી ગયો....હવે ઘર આંગણે મળતું ઊંડા કૂવાનું મીઠું પાણી લેવામાં તેને કષ્ટ નથી લાગતું; સ્વાદ ચાખ્યા પછી તેમાં કષ્ટ નથી લાગતું. તેમ અજ્ઞાની જીવે અનાદિથી સદા બાહ્ય– ઇન્દ્રિયવિષયોમાં આકુળતારૂપ ખારા સ્વાદને જ ચાખ્યો છે, પણ પોતાના ચૈતન્યકૂવામાં ભરેલા આત્માના અતીન્દ્રિય અનાકુળ મીઠા સ્વાદને–આનંદને ચાખ્યો નથી, તેથી તેના પ્રયત્નમાં તેને કષ્ટ લાગે છે. પણ જ્યાં અંતર્મુખ ચૈતન્યકૂવામાં ઊંડે ઊતરીને વિષયાતીત આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં તેના વારંવાર પ્રયત્નમાં તેને કષ્ટ લાગતું નથી, ઊલટું બાહ્ય વિષયો તેને ખારા લાગે છે–નીરસ લાગે છે. માટે આત્માની જ ભાવના કરવી. (૫૨) આત્માની ભાવના કઈ રીતે કરવી? તે હવે ૫૩ મી ગાથામાં કહેશે.




# ધર્માત્માની નિર્મળપર્યાયોમાં બિરાજમાન આત્મા તેનું અદ્‌ભુત–આનંદકારી વર્ણન

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન–ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર–યોગમાં પણ આત્મા. ૧૦૦.

**નિયમસારની આ ૧૦૦ મી ગાથા ઉપર પ્રવચન કરતાં ગુરુદેવ શાંતરસઝરતા ભાવે, પ્રમોદપૂર્વક કહે છે કે હે જીવ! આવા આત્માની વાત સાંભળીને તું પ્રસન્ન થા, ખુશી થા, સ્વભાવનો હરખ લાવીને તારી પર્યાયને આત્માની સન્મુખ કર! તને મહાન અતીન્દ્રિય આનંદ થશે. તારી બધી પર્યાયોમાં તને તારો પરમાત્મા દેખાશે. તે પરમાત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-સુખ વગેરે બધી પર્યાયો ખીલી જશે.**

**અનાદિના ભૂખ્યા જીવને અતીન્દ્રિયઆનંદના મીઠારસનું પારણું કરાવવાની આ વાત છે...તું આનંદિત થઈને ચૈતન્યના આશ્રયે આનંદરસનું પાન કર!**

**મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આત્મા. (૧૦૦)**

ધર્મી જાણે છે કે મારી સર્વ પર્યાયોમાં મારો આત્મા જ ઉપાદેય છે.
તે આત્મા કેવો છે? અનાદિઅનંત છે, અમૂર્ત છે, અતીન્દ્રિયસ્વભાવવાળો છે, શુદ્ધ છે અને સહજ સુખસ્વરૂપ છે.–આવો મારો આત્મા મારા સમ્યગ્જ્ઞાનમાં બિરાજે છે. આવા આત્મસ્વભાવનો આશ્રય કરીને હું સહજ શુદ્ધ જ્ઞાનચેતના–રૂપે પરિણમ્યો છું.

સહજ શુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણમન થયું તેમાં ઉત્પાદ–વ્યય આવ્યા, ને તે શુદ્ધ જ્ઞાનપર્યાયમાં આવા (પાંચ વિશેષણથી કહ્યો તેવા) શુદ્ધ આત્માનું ગ્રહણ છે એટલે

તેમાં ધ્રુવ પણ આવી ગયું; આ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે આત્મામાં આવી ગયા.

સર્વજ્ઞદેવે જેવો કહ્યો તેવા આત્માને ધર્મી જીવે પોતાની સમ્યગ્જ્ઞાનપર્યાયમાં ગ્રહણ કર્યો છે. તેના આશ્રયે તેને સહજ શુદ્ધજ્ઞાનચેતનારૂપ પરિણમન વર્તે છે.–તે જ નિશ્ચયથી પરભાવોનું પ્રત્યાખ્યાન છે.

અહીં આત્માના પાંચ વિશેષણ કહ્યાં– ૧–અનાદિઅનંત, ૨–અમૂર્ત, ૩–અતીન્દ્રિય સ્વભાવવાળો, ૪–શુદ્ધ અને ૫–સહજ સૌખ્યાત્મક; તેમાંથી પ્રથમના ચાર વિશેષણ તો આકાશને પણ લાગુ પડે છે, તથા અનાદિઅનંતપણું અતીન્દ્રિયપણું અને શુદ્ધપણું તો પરમાણુમાં પણ છે, પણ સહજસુખપણું તો આત્મામાં જ છે. આત્માનો આશ્રય કરવાથી જ સુખની અનુભૂતિ થાય છે.

* જ્ઞાનપર્યાયમાં આત્મા જ છે *

આ રીતે આત્માનો આશ્રય કરીને સુખની અતીન્દ્રિય અનુભૂતિરૂપે પરિણમેલા ધર્માત્મા, સહજ જ્ઞાનચેતનારૂપ થઈને એમ જાણે છે કે મારી આ જ્ઞાનપર્યાયમાં કોઈ પરદ્રવ્ય નથી, મારી જ્ઞાનપર્યાયમાં રાગાદિ પરભાવો નથી, મારી જ્ઞાનપર્યાયમાં મારો આત્મા જ છે. બીજા બધા મારી જ્ઞાનપર્યાયથી બહાર છે. અનુભૂતિમાં આવા આત્માનું ગ્રહણ થતાં અન્ય સમસ્ત પરભાવોનું પ્રત્યાખ્યાન થઈ ગયું.

ધર્મીના જ્ઞાનમાં આત્માનું જ અવલંબન છે. તેના અવલંબને થયેલી જ્ઞાનચેતના સહજ શુદ્ધ છે. સમ્યગ્જ્ઞાનની નજર પોતાના શુદ્ધ સુખસ્વરૂપ આત્મા ઉપર પડી છે, એટલે શુભોપયોગથી પણ તે ઉદાસીન છે. આવા આત્માને પોતાની સમસ્ત પર્યાયમાં સ્થાપવો એટલે કે તેનો આશ્રય કરવો તે જિનસિદ્ધાંતનો સાર છે. ભાઈ! તારી પર્યાયને આત્માની સન્મુખ કર...તને સમ્યગ્જ્ઞાન થશે, અતીન્દ્રિય સુખ થશે.

* સમ્યગ્દર્શન–વિષયે આત્મા જ છે *

વળી તે ધર્મી જાણે છે કે–ખરેખર મારા સહજ સમ્યગ્દર્શનના વિષયમાં પણ મારો શુદ્ધ આત્મા જ છે. પૂજિત પરમ પંચમગતિની પ્રાપ્તિના હેતુભૂત પંચમભાવની ભાવનારૂપે હું પરિણમ્યો છું, તે પંચમભાવના આશ્રયે સમ્યગ્દર્શનનો ઉત્પાદ થયો છે; મારી તે સમ્યગ્દર્શન–પર્યાયમાં મને મારા આત્માનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન નથી, માટે મારી સમ્યગ્દર્શનપર્યાયમાં મારો આત્મા જ છે. અનાદિ અનંત–અમૂર્ત–અતીન્દ્રિય –શુદ્ધ–સુખસ્વરૂપી એવો હું છું–તેની પ્રતીતવડે હું સહજ સમ્યગ્દર્શનરૂપે પરિણમ્યો છું. આવી શુદ્ધપર્યાયરૂપે પરિણમેલો આત્મા જ જાણે છે કે

મારી પર્યાયમાં મારો આત્મા જ છે, તે જ મારા સમ્યગ્દર્શનનો વિષય છે. મારી સમ્યગ્દર્શનપર્યાય કોઈ નિમિત્તના, રાગના કે પર્યાયના આશ્રયે પરિણમી નથી; તેથી મારી તે પર્યાયમાં રાગ કે નિમિત્ત નથી. જેના આશ્રયે તે પર્યાય પ્રગટી છે તે આત્મા જ તે પર્યાયમાં છે. આમ જ્ઞાન–દર્શન આદિ સમસ્ત પર્યાયમાં મારો શુદ્ધઆત્મા જ છે.–આવો નિર્ણય કરનારને આત્માના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ નિર્મળ પર્યાયનો ઉત્પાદ થયો છે, અશુદ્ધતાનો વ્યય થયો છે; આ રીતે આત્મામાં એકસાથે ઉત્પાદ–વ્યય–ધ્રુવ વર્તે છે.

પંચમભાવની ભાવના તે પંચમગતિનો હેતું છે. –અહા, જેમાં અનંતકાળના દુઃખનો સર્વથા અંત, અને અનંતકાળના અપૂર્વ આનંદમય સુખની પ્રાપ્તિ છે–એવી પંચમગતિ એટલે કે મોક્ષગતિ–સિદ્ધગતિ તે પણ મહિમાવંત હોવાથી પૂજ્ય છે. એવી પૂજ્ય મોક્ષગતિ કેમ પમાય? –કે પંચમભાવરૂપ જે આત્મસ્વભાવ (પાંચ વિશેષણથી ઉપર કહ્યો) તેની ભાવનાથી મોક્ષપદ પમાય છે. સમ્યગ્દર્શન પણ તેની જ ભાવનાથી–તેની જ સન્મુખતાથી પમાય છે. એવા આત્માની સન્મુખ થયેલા ધર્માત્મા જાણે છે કે મારી સમ્યગ્દર્શન પર્યાયમાં મારો આત્મા જ છે, આવો આત્મા તે જ ભૂતાર્થ છે....તે ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે બધી નિર્મળપર્યાયો થાય છે. ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન છે–એ કુંદકુંદસ્વામીના મહાન સૂત્રમાં (સ. ગા. ૧૧માં) જૈનસિદ્ધાંતનો સાર ભર્યો છે.

ભૂતાર્થસ્વભાવરૂપ જ્ઞાયકસ્વભાવના આશ્રયે થયેલું સમ્યગ્દર્શન તે વીતરાગી છે, તેના આશ્રયે થયેલું સમ્યગ્જ્ઞાન પણ વીતરાગ–જ્ઞાન છે. અહો, કુંદકુંદસ્વામીનું હૃદય ઘણું ગંભીર છે! સમયસારમાં એમનું હૃદય ભર્યું છે. એક સમયસારના ગંભીર ભાવોને બરાબર સમજે તો બધા ખુલાસા થઇ જાય, ને બીજા શાસ્ત્રમાં શોધવા જવું પડે નહિ.

* સહજ ચારિત્રપર્યાયમાં આત્મા જ સન્નિહિત છે *

શુદ્ધ જ્ઞાનચેતના–સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમેલા ધર્માત્મા જાણે છે કે મારી આ નિર્મળપર્યાયો જે ત્રિકાળી આત્માના આશ્રયે પ્રગટી છે, તે બધી પર્યાયોમાં મારો આત્મા જ રહેલો છે, તે પર્યાયોમાં રાગ કે નિમિત્તો રહેલાં નથી; રાગ કે નિમિત્તોના આશ્રયે તે પર્યાય થયેલી નથી. જે સહજ અનાદિઅનંત તત્ત્વના આશ્રયે તે નિર્મળપર્યાયો થઈ છે તે પરમતત્ત્વ જ મારી પર્યાયોમાં સમીપ–નીકટ વર્તે છે; તે દૂર નથી

નિમિત્ત અને રાગાદિ તો દૂર છે, તેની નીકટતાથી–તેના આશ્રયથી કાંઈ સમ્યગ્દર્શનાદિ થતાં નથી.

જુઓ, આ નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપર્યાય આત્માના જ આશ્રયે પ્રગટી છે, ને તે પર્યાયોમાં જ ખરેખર તે આત્મા છે. આમ જાણનાર ધર્મીને સર્વત્ર, બધી પર્યાયોમાં તે આત્મા જ ઉપાદેય છે. જ્ઞાન અને દર્શનપર્યાયમાં આત્મા જ ઉપાદેય બતાવ્યો; તેમ હવે ચારિત્રપર્યાયની વાત કરે છે.

શુદ્ધ આત્મતત્ત્વના આશ્રયે પ્રગટેલું જે વીતરાગીચારિત્ર, તે સાક્ષાત્ નિર્વાણ–પ્રાપ્તિનો ઉપાય છે, તથા તે નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ છે. –ધર્મી કહે છે કે–આવા સહજ પરમચારિત્ર–પરિણતિરૂપે પરિણમેલો હું, તેની સહજ પરમ ચારિત્રપર્યાયમાં પણ તે જ પરમાત્મા સદા સંનિહિત છે–નિકટ છે. તે ચારિત્રપર્યાયમાં પંચમહાવ્રતનો રાગ નિકટ છે–એમ ન કહ્યું, કેમકે તેમાં રાગનો આશ્રય નથી. ભગવાન આત્મા જ ચારિત્રપર્યાયમાં વસે છે, કેમકે તે જ તેનો આશ્રય છે. આવા આત્માના ધ્યાનમાં વીતરાગીસુખનું વેદન થાય છે, તેને જ નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો છે, અને તેને જ ધ્યેયરૂપ પારિણામિકભાવ કહ્યો છે. તેને ઘણાં નામોથી કહી શકાય છે. દ્રવ્યસંગ્રહની ૫૬ મી ગાથાની ટીકામાં તેનું ઘણું સરસ વર્ણન છે.

પરમ ચૈતન્યસ્વભાવની સમીપ અને વ્યવહારના વિકલ્પોથી દૂર એવી શુદ્ધ પરિણતિરૂપે ધર્મીજીવ પરિણમ્યો છે. બધી નિર્મળ આનંદમય પરિણતિમાં આ જ નિયમ છે કે તે પરના આશ્રયથી દૂર વર્તે છે–રાગાદિથી દૂર વર્તે છે, ને ભગવાન આત્માની સમીપ વર્તે છે, તેનાથી તે દૂર નથી. એટલે તે બધી પર્યાયમાં પોતાનો શુદ્ધઆત્મા જ રહેલો છે–એમ ધર્મીજીવ દેખે છે.

શ્રી મુનિરાજ કહે છે કે હું ભેદવિજ્ઞાની છું, પરદ્રવ્યથી પરાઙ્મુખ છું, અને પંચેન્દ્રિયના ફેલાવથી રહિત, માત્ર દેહનો જ જેને પરિગ્રહ છે–એટલે કે બાહ્યઅંતર્ દિગંબરદશા જેને વર્તે છે, એવા મારા નિશ્ચયપ્રત્યાખ્યાનમાં પણ તે આત્મા જ સદા આસન્ન છે–નિકટ છે. તે પ્રત્યાખ્યાનપર્યાયમાં શુભ–અશુભનો, પુણ્ય–પાપનો કે હર્ષ–શોકરૂપ સુખ–દુઃખનો ત્યાગ છે. મારી સંવરપર્યાયમાં પણ તે આત્મા જ બિરાજે છે; અને મારા શુદ્ધોપયોગમાં પણ તે પરમાત્મા રહેલો છે, –કારણ કે તે પરમ–આત્મા સનાતન સ્વભાવવાળો છે. આવો આત્મા જ ધર્મીજીવને સર્વપર્યાયોમાં ઉપાદેય છે; તે જ એક દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપ છે....તે જ મંગળ–ઉત્તમ અને શરણ છે.

# * અહિંસાધર્મની પ્રેરક એક નાની વાર્તા *

(દિલ્હીથી પ્રકાશિત એક પુસ્તક જેની કિંમત રૂા. ૨૫૦) અઢીસો છે, તેમાં ભગવાન મહાવીરનું ચરિત્ર છે. તેમાંથી એક પ્રસંગ અહીં સંક્ષેપમાં આપીએ છીએ.–)

મહાવીરપ્રભુના ધર્મદરબારમાં આવેલા શ્રેણીકરાજા ગૌતમસ્વામીને પોતાના પૂર્વ ભવસંબંધી પૂછે છે, ત્યારે શ્રી ગૌતમસ્વામી પોતાના દિવ્યજ્ઞાન વડે જાણીને કહે છે કે હે શ્રેણીક! સાંભળ! પૂર્વ તેં માંસ ન ખાવાની જે પ્રતિજ્ઞા કરી તેના ફળમાં તું દેવ અને રાજા થયો.

પૂર્વભવમાં તું વિંધ્યાચલમાં 'ખદિરસાર' નામનો એક ભીલ હતો ને માંસાહારી હતો. એકવાર તને કોઈ જૈનમુનિરાજના દર્શન થયા; મુનિરાજે કહ્યું –માંસાહાર મહા પાપ છે, તેને તું છોડી દે! તેં ભદ્રભાવે કહ્યું–પ્રભો! માંસનો તો મારો ધંધો છે, તે હું છોડી શકું તેમ નથી; પરતું (–અવ્યક્તપણે પણ તે ખદિરસારના જીવને વીતરાગી મુનિના અહિંસક વચન ઉપર વિશ્વાસ આવતો હતો; તેથી તેણે કહ્યું–) હે સ્વામી! આપના બહુમાનપૂર્વક હું કાગડાનું માંસ છોડું છું; કદી પ્રાણાન્તે પણ હું કાગડાનું માંસ નહિ ખાઉં. શ્રી મુનિરાજે તેને ભવ્ય જાણીને તે પ્રમાણે પ્રતિજ્ઞા આપી.

હવે વખત જતાં એમ બન્યું કે તે ખદિરસાર ભીલને કોઈ ભયંકર વિચિત્ર રોગ થયો;–અનેક ઔષધ કરવા છતાં તે રોગ ન મટયો. ઔષધરૂપે જો કાગડાનું માંસ ખાય તો જ તે રાગ મટે–તેમ હતું. પણ ભીલ તો પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ હતો. મરણ થાય તો ભલે થાય પણ કાગડાનું માંસ તો હું નહીં જ ખાઉં!

ખદિરસારનો એક મિત્ર–જે અત્યંત કુશળ હતો–તેણે તે વાત સાંભળી; અને તેને સમજાવવા તે ખદિરસાર પાસે જઈ રહ્યો હતો. એવામાં રસ્તામાં તેણે એક યક્ષદેવીને રુદન કરતી દેખી. આ માણસે તેને રોવાનું કારણ પૂછયું; તો તે યક્ષદેવીએ કહ્યું કે હે ભાઈ! તમે તમારા મિત્ર જે ખદિરસાર પાસે જાવ છો, તેને કાગડાના માંસનો ત્યાગ છે અને તે ત્યાગ વ્રતમાં દ્રઢતાના કારણે તે મરીને અહીં યક્ષ થાય તેમ છે;–પણ જો તમે જઈને તેને દવા તરીકે કાગડાનું માંસ ખાવાનું કહેશો, અને કદાચ તે પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થઈને, મરણથી બચવા કાગડાનું માંસ ખાશે, તો તે મરીને નરકમાં જશે.–તેથી તેની દયાને લીધે હું દુઃખી છું.

ત્યારે તેને આશ્વાસન આપીને તે કુશળ માણસ ખદિરભીલ પાસે આવ્યો; ને

તેની દ્રઢતાની પરીક્ષા કરવા કહ્યું કે તમે કાગડાનું માંસ ખાવ તો જ તમારો આ રોગ મટે તેમ છે, બીજી કોઇ દવા લાગુ પડે તેમ નથી.

ત્યારે ભીલે દ્રઢતાથી કહ્યું કે પ્રાણ જાય તો ભલે જાય, પણ મુનિરાજ પાસેથી લીધેલી પ્રતિજ્ઞાને તો હું નહીં જ છોડું.

પેલા માણસે કહ્યું–ભાઈ, હઠ છોડી દો. નકામું મરણ થશે. એકવાર ઔષધરૂપે કાગડાનું માંસ ખાઈ લો; પછી જીવતા રહેશો તો ફરીને વ્રત લઈ લેજો.

ત્યારે ભીલે કહ્યું: મેં મારા જીવનમાં બીજું તો કોઈ સત્યકાર્ય નથી કર્યું; માંડમાંડ એક નાનું વ્રત લીધું છે, હું એવો મૂર્ખ નથી કે તેને પણ છોડી દઉં. ધર્મનો કિંચિત્ સ્નેહ છે, તે હવે મરણ અવસ્થામાં હું કેમ છોડું!–એમ તે પોતાની પ્રતિજ્ઞામાં દ્રઢ રહ્યો.

તેની દ્રઢતા દેખીને તેનો મિત્ર રાજી થયો, ને રસ્તામાં યક્ષદેવી સાથે થયેલી બધી વાત તેણે કરી. ત્યારે માત્ર કાગડાનું માંસ છોડવાનું પણ આવું મહાન ફળ જાણીને તે ભીલરાજને જૈન મુનિરાજ ઉપર વધુ શ્રદ્ધા બેઠી અને અહિંસાધર્મનો ઉત્સાહ વધ્યો, તેથી તેણે માંસાદિનો સર્વથા ત્યાગ કરીને અહિંસાદિ પાંચ અણુવ્રત ધારણ કર્યા; અને પંચપરમેષ્ઠીની ભક્તિપૂર્વક શાંતિથી પ્રાણ છોડીને તે સૌધર્મસ્વર્ગમાં દેવ થયો. ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણીક! પછી તે દેવ મરીને તું આ રાજગૃહીમાં શ્રેણીક રાજા થયો છે.

ભીલનાં વ્રતોનું આવું ઉત્તમ ફળ દેખીને તેના કુશળ મિત્રે પણ અણુવ્રત ધારણ કર્યા; ત્યાંથી બ્રાહ્મણનો અવતાર કરી અર્હદ્દાસ શેઠ પાસે જૈનસંસ્કાર પામી તે પણ સ્વર્ગે ગયો; ને ત્યાંથી અવતરીને તે તારો પુત્ર 'અભયકુમાર' થયો છે, તે આ જ ભવમાં જૈનમુનિ થઈને મોક્ષને પામશે.

શ્રેણીકે પૂછ્યું–હે રાજન્! તે યક્ષદેવી ત્યાર પછી કેટલાક ભવ કરીને અનુક્રમે વૈશાલીના ચેટક રાજાની પુત્રી થઈ,–જે તારી પટરાણી 'ચેલણા' છે (આ ચેલણા તેમજ ચંદના વગેરે મહાવીરપ્રભુની માસી થાય.)

આ પ્રમાણે જૈનધર્મ જે અહિંસાનો ઉપદેશ આપે છે, તેનું થોડુંક પણ પાલન કરતાં આવું ફળ મળે છે તો સંપૂર્ણ વીતરાગભાવરૂપ અહિંસાનું ફળ કેવું મહાન હોય! તે ઓળખજો....અને હે બંધુઓ, શૂરવીરપણે વીરના અહિંસાધર્મનું પાલન કરજો.

ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવ

# * વિચિત્ર સંસાર વચ્ચે અલિપ્ત જ્ઞાનચેતના *

શ્રી ગૌતમગણધરના મુખથી પોતાના ભૂતકાળના ભવોનું વર્ણન સાંભળ્યા પછી, શ્રેણીકરાજા વૈરાગ્યપૂર્વક પોતાના ભવિષ્યના ભવો પણ પૂછે છે: ત્યારે ગૌતમસ્વામી કહે છે કે હે શ્રેણીક! પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પાપો સેવવાથી ને જૈનમુનિ ઉપર ઉપદ્રવ કરવાથી પાપ બાંધીને તું પહેલી નરકે જઇશ. પણ પછી ક્ષાયિક સમ્યક્ત્વપૂર્વક ૧૬ ધર્મ ભાવના ભાવી હોવાથી, બીજા ભવમાં તમે આ ભરતક્ષેત્રમાં પદ્મનાથ નામના ત્રિલોકપૂજ્ય તીર્થંકર થઈને મોક્ષ પામશો.

આહા, એક જ જીવ, એક જ ભવમાં એકવાર સાતમી નરકના કર્મ બાંધે છે, ને વળી તે જ જીવ તે જ ભવમાં તીર્થંકરપ્રકૃતિનુ કર્મ બાંધે છે. જાુઓ તો ખરા, જીવની પરિણતિની વિચિત્રતા! ક્ષાયિકદ્રષ્ટિ શ્રેણીકે પોતાને માટે એકસાથે બે વાત સાંભળી–

* એક તો આગામી ભવે નરકમાં જવાનું થશે
* બીજું ત્યાર પછીના ભવે પહેલાં તીર્થંકર થશે.

નરકમાં જવાનું અને તીર્થંકર થવાનું બંને વાત એકસાથે સાંભળીને એને કેવી લાગણીઓ થઈ હશે? શું હર્ષ થયો હશે? શું ખેદ થયો હશે!! ક્યાં હજારો વર્ષ નરકના ઘોરાતીઘોર દુઃખોની વેદના! ને ક્યાં ત્રિલોકપૂજ્ય તીર્થંકર પદવી! બંને એકસાથે સાંભળીને–એકકોર નરકગતિનો ખેદ, બીજીકોર... તીર્થંકરપદનો હર્ષ,–પણ શ્રેણીકમાં એવા હર્ષ–ખેદને જ હે ભવ્ય જીવો! તમે ન દેખશો,–એ બંને સિવાય એક ત્રીજી અત્યંત સુંદર વસ્તુ તે જ વખતે શ્રેણીકમાં વર્તે છે–તેને તમે દેખજો;–તો જ તમે ધર્માત્મા શ્રેણીકને ઓળખશો, નહિતર હર્ષ–શોક જેટલો જ દેખીને તમે શ્રેણીકને અન્યાય કરશો.

કઈ છે એ ત્રીજી વસ્તુ! એ છે જ્ઞાનચેતના! એ છે ક્ષાયિકસમ્યક્ત્વ! એ ક્ષાયિકદ્રષ્ટિ સહિતની જ્ઞાનચેતના તે વખતે જ હર્ષ–શોક બંનેથી સર્વથા અલિપ્ત, પરમ શાંત વર્તી રહી છે; એ જ્ઞાનચેતના, નથી તો નરકના કર્મોને વેદતી, કે નથી તીર્થંકર પ્રકૃતિના કર્મને વેદતી; બંને કર્મોથી જુદી, નૈષ્કર્મભાવે કર્મથી છૂટી ને છૂટી વર્તતી થકી શાંતિથી મોક્ષપંથને સાધી રહી છે. એ છે શ્રેણીકનું સાચું સ્વરૂપ! એને ઓળખશો તો, શ્રેણીકની નરકદશા કે તીર્થંકરદશા.–બંને સાંભળવા છતાં તમે પણ રાગ–દ્વેષ વગરની શાંત-જ્ઞાનચેતનારૂપે રહી શકશો! ને મોક્ષપંથમાં ચાલી શકશો. *

# અદ્ભુત આત્મા....

આતમા....આતમા.....આતમા....રે....
અહો! અદ્ભુત ચિદાનંદ આતમા...
જેને દેખતાં થઈશ પરમાતમા રે,
અહો, અદ્ભુત ચિદાનંદ આતમા. ૧.
ભૂલ મા ભૂલ મા ભૂલ મા રે,
તારી ચિદાનંદ–વસ્તુને ભૂલ મા!
પરને પોતાની તું માન મા રે...
અહો અદ્ભુત ચિદાનંદ આતમા. ૨.
તારામાં શાંત થા, ધર્માત્મા જીવ થા,
સ્વરૂપ–બહાર તું ભમ મા રે....
તારી ચિદાનંદ–વસ્તુને ભૂલ મા.... ૩.
સમ્યગ્દ્રષ્ટિ થા.....ભ્રમ મટાડી,
આનંદસ્વરૂપે તું લીન થા રે....
અહો, અદ્ભુત ચિદાનંદ આત્મા! ૪.
આનંદનો દરિયો જ્ઞાનસ્વરૂપી
ઉછળે એમાં તું મગ્ન થા રે....
તારી ચિદાનંદ–વસ્તુને ભૂલ મા. ૫
આવી ગયો છે અવસર રૂડો,
શાંતસ્વરૂપે તું સ્થિર થા રે...
અહો, અદ્ભુત ચિદાનંદ આતમા. ૬

# 卐 સમ્યગ્દ્રષ્ટિ જીવનાં ચિહ્નો 卐

ચારિત્રપ્રાભૃતની ગાથા ૧૧-૧૨ માં આચાર્યદેવે સમ્યગ્દ્રષ્ટિજીવનાં ચિહ્નોનું સરસ વર્ણન કર્યું છે; તેમાં સૌથી પહેલું ચિહ્ન વાત્સલ્ય કહ્યું છે; વાત્સલ્ય એટલે ધર્માત્મા પ્રત્યેની પરમ પ્રીતિ.

મોક્ષમાર્ગની પહેલી આરાધના જે સમ્યગ્દર્શન, તે સમ્યગ્દર્શનની આરાધના જેણે પ્રગટ કરી છે એવા સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માનું ચિહ્ન શું છે? એવા પ્રશ્નના ઉત્તરમાં આચાર્યદેવ કહે છે કે, જે જીવ મિથ્યાત્વથી રહિત થઈને ભગવાન જિનેન્દ્રદેવે કહેલા સમ્યક્ત્વનો આરાધક થયો છે-એવા જીવનું લક્ષણ પ્રથમ તો 'વાત્સલ્ય' એટલે કે ધર્માત્મા પ્રત્યે પરમ પ્રીતિ હોય. સમકિતીને બીજા ધર્માત્માઓ પ્રત્યે નિર્દોષભાવે-સરળતાપૂર્વક અત્યંત પ્રેમ આવે છે. પોતામાં જે અપૂર્વ ધર્મ પ્રગટયો છે એવો જ ધર્મ સામા જીવમાં જોતાં તેને વાત્સલ્ય આવે છે કે અહો! આ ધર્માત્મા પણ આવા અપૂર્વ ધર્મને આરાધી રહ્યા છે. જો ધર્માત્માને દેખતાં આવી પરમપ્રીતિ ન આવે તો તેને પોતામાં જ એવો ધર્મ પ્રગટયો નથી. જે ધર્મી હોય તે બીજા ધર્માત્માને ઓળખી લ્યે ને તેના ઉપર પરમપ્રીતિ આવે, ધર્માત્માને દેખતાં જ ઘણો પ્રેમ અને પ્રમોદ આવે. અહો, ધન્ય આ ધર્માત્મા! ભગવાને કહેલા માર્ગને તે સાધી રહ્યા છે. આમ કાળજામાંથી વાત્સલ્ય આવે. 'અરે, આ મારાથી આગળ વધી ગયો'-એમ જેને ધર્માત્મા પ્રત્યે ઈર્ષાબુદ્ધિ આવે તેને ધર્મનો પ્રેમ નથી. અહા, આ જીવ પણ સમ્યગ્દર્શનાદિનો આરાધક છે-એમ ધર્મીને તો બીજા ધર્મી પ્રત્યે પરમપ્રેમ આવે છે. આવો ધર્માત્મા પ્રત્યેનો પ્રેમ તે સમકિતી જીવનું ચિહ્ન છે.

જેમ તરતની પ્રસૂતા ગાયને પોતાનાં બચ્ચાં પ્રત્યે ઘણી પ્રીતિ હોય છે, તેમ ધર્માત્માને બીજા ધર્માત્માઓ પ્રત્યે પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય હોય છે. આચાર્યદેવે ધર્માત્માના લક્ષણોમાં પહેલું જ આ વાત્સલ્ય વર્ણવ્યું છે. સમકિતીને ઉપરટપકે નહીં પણ હાડોહાડ ધર્માત્માનો પ્રેમ હોય; અનુકૂળતા હોય ત્યાંસુધી પ્રેમ રાખે, ને પ્રતિકૂળતા લાગે કે ધાર્યું ન થાય ત્યાં દ્વેષ કરે, -એ સાચો પ્રેમ ન કહેવાય. દેખાવનો પ્રેમ નહિ પણ માયાચાર વગરનો નિર્દોષ પ્રેમ ધર્માત્મા પ્રત્યે હોય,

અરે મુનિઓને પણ સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ પ્રત્યે વાત્સલ્ય આવે છે. ભરતચક્રવર્તીનો જીવ પૂર્વભવોમાં એકવાર સિંહ હતો, તે વખતે તેણે સંન્યાસ ધારણ કરેલ, ત્યારે મુનિવરે એક રાજાને તેની સેવા કરવાનું કહ્યું હતું. તેની કથા પુરાણમાં આવે છે. (તે કથા આ પ્રમાણેઃ ભગવાન ઋષભદેવના જીવે પૂર્વે વજ્જંઘરાજાના ભવમાં મુનિઓને આહારદાન કર્યું, ત્યારપછી તે મુનિઓને પૂછે છે કે, હે નાથ! આ મતિવરમંત્રી વગેરે જીવો મને મારા ભાઈ સમાન વહાલા લાગે છે, માટે આપ પ્રસન્ન થઈને તેનો પૂર્વભવ કહો. ત્યારે મુનિરાજ કહે છે કે રાજન્! આ મતિવરનો જીવ પૂર્વભવમાં એકવાર વિદેહક્ષેત્રમાં એક પર્વત ઉપર સિંહ હતો, એકવાર ત્યાંના રાજા પ્રીતિવર્ધન તે પર્વતપર આવ્યા. અને ત્યાં પિહિતાસ્રવ નામના મુનિને વિધિપૂર્વક આહારદાન કર્યું. સિંહે (ચક્રવર્તીભરતના જીવે) તે દેખ્યું અને તેને જાતિસ્મરણજ્ઞાન થયું, તેથી તે સિંહ અતિશય શાંત થઈ ગયો, ને વ્રત ધારણ કરીને તેણે સંન્યાસમરણ અંગીકાર કર્યું.

મુનિરાજ પિહિતાસ્રવે તે સિંહનો બધો વૃતાંત જાણી લીધો, અને રાજા પ્રીતિવર્ધનને કહ્યું કે હે રાજા! આ પર્વત પર એક સિંહ શ્રાવકનાં વ્રત ધારણ કરીને, સંન્યાસ કરી રહ્યો છે, તમારે તેની સેવા કરવી યોગ્ય છે; તે સિંહ આગામી કાળમાં ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકરના પુત્ર ભરતચક્રવર્તી થવાના છે અને તે જ ભવે મોક્ષ પ્રાપ્ત કરવાના છે–એમાં સંદેહ નથી.

મુનિરાજનાં વચનો સાંભળી રાજાને ભારે આશ્ચર્ય થયું. ને મુનિરાજની સાથે ત્યાં જઈને તે સિંહને દેખ્યો; પછી રાજાએ તેની સેવા તથા સમાધિમાં યોગ્ય સહાયતા કરી. આ સિંહ દેવ થનાર છે એમ સમજીને મુનિરાજે પણ તેના કાનમાં નમસ્કારમંત્ર સંભળાવ્યો. ૧૮ દિવસ સુધી આહારનો ત્યાગ કરીને સમાધિપૂર્વક દેહ છોડીને તે સિંહ બીજા સ્વર્ગમાં દેવ થયો અને ત્યાંથી ચ્યવીને વજ્જંઘરાજાનો મંત્રી–મતિવર થયો.)–આમ ધર્માત્મા પ્રત્યે મુનિઓને પણ વાત્સલ્યનો વિકલ્પ ઊઠે છે.

આ રીતે ધર્માત્મા પ્રત્યેનું વાત્સલ્ય તે સમ્યગ્દ્રષ્ટિનું ચિહ્ન છે. જેને ધર્મ પ્રત્યે પ્રમોદ ન આવે ને ઈર્ષા થાય–તે જીવ સમ્યક્ત્વનો વિરાધક છે. ધર્મીને તો પ્રમોદ આવે કે વાહ, ધર્માત્માની દશા! તેઓ મોક્ષને સાધી રહ્યા છે.

ધર્મીનું બીજું ચિહ્ન એ છે કે પોતાથી વિશેષ ગુણવાન હોય તેના પ્રત્યે ઘણો વિનય–સત્કાર–આદર આવે; પોતાને ગુણનો પ્રેમ છે ત્યાં બીજા વધારે ગુણવાનને જોતાં અંતરમાં ઈર્ષા નથી આવતી પણ પ્રમોદ આવે છે, મહિમા આવે છે. જો

ગુણવંત ધર્માત્મા પ્રત્યે ઈર્ષા આવે ને પ્રમોદ ન આવે તો તે જીવ સ્પષ્ટ મિથ્યાદ્રષ્ટિ છે. ધર્માત્માની સેવા–ભક્તિનો પ્રસંગ હોય ત્યાં ધર્મીને પ્રમોદ આવે છે. ધર્માત્માનો દુનિયામાં આદરસત્કાર દેખીને જેને હોંસ ઉલ્લાસ કે અનુમોદના નથી આવતી તેને તો ધર્મની પાત્રતા પણ નથી. પાત્ર જીવ તો હોંશથી–ભક્તિથી ઊછળી જાય કે વાહ ધર્માત્મા!! ધર્મી પ્રત્યે બીજા ધર્માત્માને પણ આવો આદર આવે છે. અરે, એક મુનિ પણ બીજા મુનિને દેખતાં આદર કરે છે કે વાહ, આ મુનિ પણ રત્નત્રયમાર્ગમાં વર્તી રહ્યા છે, સ્વરૂપને સાધી રહ્યા છે, મારા સાધર્મી છે.

વળી ધર્માત્માને દુઃખી અજ્ઞાની જીવો પ્રત્યે કરુણા આવે;–દ્વેષ ન આવે પણ કરુણા આવે કે અરે, આ જીવો બિચારા અજ્ઞાનભાવથી સંસારમાં દુઃખી થઈ રહ્યા છે. તેઓ ધર્મ પામે તો તેમનો ઉદ્ધાર થાય.–આમ તેને જીવો પ્રત્યે અનુકંપા હોય છે.

ધર્માત્માને નિર્ગ્રંથ માર્ગનો પ્રમોદ અને પ્રશંસાનો ભાવ આવે છે; રત્નત્રયરૂપ જે માર્ગ તે–પરમ પ્રશંસનીય છે, પરમ મહિમાવંત છે. અહો, જેણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અંગીકાર કરીને મોક્ષમાર્ગની આરાધના પ્રગટ કરી તે ધન્ય છે...તે પ્રશંસનીય છે. આમ માર્ગનો પ્રેમ ન આવે તો તેને ધર્મનો પ્રેમ જ નથી. નિર્ગ્રંથદશારૂપ જે મુનિમાર્ગ તેનો ધર્મીને પ્રેમ હોય, હૃદયમાં તેની પ્રશંસા હોય, ધન્ય આ માર્ગ! સંતોએ ધર્મને ધારી રાખ્યો છે! એ જ રીતે બીજા સમ્યગ્દ્રષ્ટિ પ્રત્યે પણ પ્રશંસા આવે કે અહો, આ પણ માર્ગના આરાધક છે. આરાધક જીવોને રત્નત્રયમાર્ગમાં કોઈ વિઘ્ન હોય–તો ધર્મી તેને દૂર કરે.

વળી ધર્માત્માને ઉપગૂહન હોય, એટલે ધર્મના આરાધક બીજા કોઈ સમ્યગ્દ્રષ્ટિજીવોમાં જરાક દોષ થઈ જાય તો ધર્માત્મા તેને ઢાંકે; સમ્યક્ત્વાદિ ગુણોની મુખ્યતા પાસે જરાક દોષ થઈ જાય તેને મુખ્ય ન કરે. ધર્મથી કોઈ જીવ ડગી જતો હોય તો તેને ધર્મનો ઉત્સાહ જગાડીને ધર્મમાં સ્થિર કરે, દ્રઢ કરે. ધર્માત્માને પ્રતિકૂળ પ્રસંગ આવી પડે તો તે દૂર કરે. સમકિતી–ધર્માત્માઓને આવો ભાવ સહેજે હોય છે.

ધર્મનાં આ સર્વે ચિહ્નો નિષ્કપટ ભાવથી પ્રસિદ્ધ થાય છે, એટલે સમકિતીને સરળતાપૂર્વક વાત્સલ્ય વગેરે હોય છે. કપટથી લોકોને દેખાડવા ઉપર–ઉપરથી વાત્સલ્ય દેખાડે ને અંદર ઈર્ષા રાખે–એવા માયાચારમાં વાત્સલ્યાદિ કોઈ ગુણ હોતાં નથી.


અહા, જે ધર્મ પામ્યો હોય કે જેને ધર્મ પામવો હોય, તેને ધર્માત્મા પ્રત્યે કેટલું વાત્સલ્ય ને કેટલો પ્રેમ હોય? જેને રત્નત્રયમાર્ગ પ્રત્યે પરમ ઉત્સાહ પ્રશંસાની ભાવના નથી અને કુમાર્ગ–કુદેવ–કુગુરુ–કુધર્મ પ્રત્યે ઉત્સાહ–વિનય–પ્રશંસા–ભાવના આવે છે તે જીવ સમ્યક્શ્રદ્ધાથી ભ્રષ્ટ છે, વિરાધક છે. માટે મિથ્યાદ્રષ્ટિઓનો કે કુદેવ, કુગુરુ, કુધર્મનો સંસર્ગ જ ન કરવો–એવો ઉપદેશ છે. ૧૪ મી ગાથામાં આચાર્યદેવ કહે છે કે અહો, સમ્યગ્દર્શનના આરાધકને રત્નત્રયમાર્ગ પ્રત્યે પરમ ઉત્સાહભાવના હોય છે, રત્નત્રય પ્રત્યે વારંવાર ઉત્સાહ પ્રશંસા અને આદરપૂર્વક તેને ગ્રહણ કરવાની ભાવના કરીને તેનું ચિંતન કરે છે. મનથી–વચનથી ને કાયાથી રત્નત્રયમાર્ગને સારભૂત–ઉત્તમ સમજીને તેની સ્તુતિ–વખાણ–મહિમા કરે છે. અહો, ધન્ય પંથ! ધન્ય આ વીતરાગીમાર્ગ! આ પરમ સત્ય હિતકારી માર્ગ પૂર્વે કદી મેં ગ્રહણ નહોતો કર્યો, હવે અપૂર્વ માર્ગ પ્રાપ્ત થયો. આ માર્ગ મારે સાધવો છે. આમ પરમ ઉત્સાહથી ધર્મીજીવ માર્ગનું ગ્રહણ કરીને તેને આરાધે છે; જગતની દરકાર ન કરે કે આ માર્ગ લઈશ તો જગત શું બોલશે!–જગતથી ડરીને માર્ગમાં શિથિલ ન થાય, વિપરીત માર્ગની પ્રશંસા ન કરે, તેને આદરે નહીં. અહા, આ નિર્ગ્રંથ માર્ગ! ચૈતન્યની પ્રાપ્તિનો માર્ગ.....તે મહા પ્રયત્ને ગુરુકૃપાથી પ્રાપ્ત થયો છે, તેની આરાધનાનો ધર્મીને ઉત્સાહ છે, ને બહુમાનથી તેની સેવા–ઉપાસના કરીને સમ્યગ્દર્શનાદિને દ્રઢ કરે છે. તે કદી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થતો નથી. પરમ ઉત્સાહથી સમ્યક્ત્વસહિત અપ્રતિહતપણે માર્ગને આરાધતો થકો તે અલ્પકાળમાં મુક્તિ પામે છે.

## જ્ઞાનચિહ્ન

બધાય જીવોમાં જે જ્ઞાન છે તે તો સ્વભાવ છે, ને સ્વભાવનો અંશ બંધનું કારણ થતો નથી. જે આવા અબંધ–જ્ઞાનચિહ્ન વડે આત્માને ઓળખે તેનું જ્ઞાનપરિણમન બંધથી રહિત થઈને મોક્ષને સાધે છે.

# ભગવાન દેશભૂષણ કુલભૂષણ

(શ્રી રામ–લક્ષ્મણે દેશભૂષણ–કુલભૂષણ મુનિવરોનો ઉપદ્રવ દૂર કર્યો, ને તે મુનિવરો કેવળજ્ઞાન પામ્યા....શ્રીરામ–લક્ષ્મણે અદ્‌ભુત ભક્તિથી તેનો ઉત્સવ કર્યો. કેટલાક વખત બાદ તે કેવળીભગવંતો અયોધ્યાપુરીમાં પધાર્યા, તેમની પાસે ભરતે દીક્ષા લીધી તથા હાથીએ શ્રાવકવ્રત લીધાં. તે દેશભૂષણ અને કુલભૂષણ મુનિવરો સગાભાઈ હતા. ને કુંથલગિરિ–સિદ્ધક્ષેત્રથી તેઓ મોક્ષ પામ્યા છે. જૈનપુરાણો અનુસાર તેમનો જીવનપરિચય અહીં આપીએ છીએ.)



મહારાષ્ટ્રમાં સોલાપુર નજીક કુંથલગિરિ–સિદ્ધક્ષેત્ર આવેલું છે; ત્યાંથી દેશભૂષણ–કુલભૂષણ મોક્ષ પધાર્યા છે. હાલમાં ત્યાં એ મુનિવરોની સુંદર પ્રતિમા છે; તેમજ સીમંધરભગવાનની પ્રતિમા સહિત બીજા અનેક મંદિરો છે. ગુરુદેવ સહિત અનેક ભક્તોએ કુંથલગિરિ–સિદ્ધક્ષેત્રની યાત્રા કરી છે. તે સિદ્ધક્ષેત્ર અતિ રળિયામણું છે. ત્યાંથી મોક્ષ પામેલા દેશભૂષણ ને કુલભૂષણ બંને મુનિવરો રાજપુત્રો હતા, ને ચારભવથી તેઓ સગાભાઈ હતા.

પૂર્વભવમાં તેઓ ઉદિત–મુદિત નામના ભાઈ હતા; તેમની માતાનું નામ ઉપભોગા, અને પિતા અમૃતસુર; તે અમૃતસુરનો મિત્ર વસુભૂતિ; તે વસુભૂતિ દુષ્ટ હતો ને ઉપભોગોમાં આસક્ત હતો. તેણે પોતાના મિત્ર અમૃતસુરને મારી નાંખ્યો, ને તેની સ્ત્રી ઉપભોગાને તે વાત કરી. ત્યારે દુષ્ટ ઉપભોગાએ તેને કહ્યું કે મારા બે પુત્રોને (ઉદિત–મુદિતને) પણ તું મારી નાંખ–કે જેથી આપણા દુષ્કર્મને કોઈ જાણે નહિ. અરેરે, વિષયાંધ સંસારી પ્રાણી! જુઓ તો ખરા, વિષયવાસનાથી અંધ થઈને સગી માતા પોતના પુત્રોને મારી નાંખવા તૈયાર થઈ છે!

–પણ ઉપભોગા ને વસુભૂતિની દુષ્ટ વાતચીત કોઈ સાંભળી ગયું, ને ઉદિત–મુદિતને તેની ખબર પડી ગઈ કે વસુભૂતિ તેમને મારી નાંખવા માંગે છે. –આથી અત્યંત ક્રોધિત થઈને તે બે ભાઈઓએ વસુભૂતિને જ મારી નાંખ્યો. મરીને તે જીવ રૂદ્રપરિણામી મ્લેચ્છ–ભીલ થયો.

ત્યારબાદ ઉદિત અને મુદિત બંને ભાઈઓ મુનિરાજનો ઉપદેશ સાંભળીને વૈરાગ્ય પામ્યા ને મુનિ થયા; તેઓ સમ્મેદશિખરની યાત્રા અર્થે વિહાર કરતા કરતા માર્ગ ભૂલીને એક ભયાનક અટવીમાં આવ્યા; ત્યાં વસુભૂતિનો જીવ કે જે ભીલ થયો હતો તે દુષ્ટભીલે તે મુનિઓને દેખ્યા ને પૂર્વભવના વેરથી અત્યંત ક્રોધિત થઈને તેમને મારવા તૈયાર થયો.

આ જોઈને મોટામુનિ ઉદિતે નાના મુનિ મુદિતને કહ્યું કેઃ હે ભ્રાત! મરણનો પ્રસંગ આવ્યો છે,–પણ તું ભય ન કરતો; ક્ષમાને અંગીકાર કરજે. પૂર્વભવમાં દુષ્કર્મી વસુભૂતિને આપણે મારેલો, તે અત્યારે ભીલ થઈને આપણને મારવા આવ્યો છે. આપણે તો મુનિ થઇને ઉત્તમક્ષમાનો અભ્યાસ કર્યો છે, આપણને ક્રોધ કે વેર કેવા?–માટે હે બંધુ! તું ક્ષમામાં દ્રઢ રહેજે!

ત્યારે મુદિત–મુનિ કહે છે–અહો બંધુ! આપણે જિનર્માગના શ્રદ્ધાની, દેહથી

ભિન્ન ચૈતન્યને અનુભવનારા,–આપણને શેનો ભય! દેહ તો વિનશ્વર અને જુદો જ છે ને ચૈતન્યની અતીન્દ્રિયશાંતિને તો હણનાર કોઈ નથી.–આમ પરમ ધૈર્યપૂર્વક બંને મુનિઓએ વાત કરી, ને દેહનું મમત્વ છોડી, ઉત્તમ વૈરાગ્યભાવના ભાવતાં–ભાવતાં ચૈતન્યના ધ્યાનમાં મગ્ન થયા. ભીલ તેમને મારવા તૈયાર થયો.....બરાબર એ જ વખતે તે વનના રાજાએ તેને અટકાવ્યો ને મુનિઓની રક્ષા કરી, (તે વનનો રાજા પૂર્વભવમાં પંખી હતો, ત્યારે એક પારધીના પંજામાંથી આ બંને ભાઈઓએ તેને બચાવેલો; તે ઉપકારના સંસ્કારને લીધે અત્યારે તેને સદ્બુદ્ધિ ઉપજી, તેથી ઉપસર્ગ દૂર કરીને તેણે મુનિઓની રક્ષા કરી.) મરણનો ઉપસર્ગ દૂર થતાં બંને મુનિઓએ સમ્મેદશિખરની યાત્રા કરી, બીજા પણ અનેક તીર્થની યાત્રા કરી; ને અંતમાં રત્નત્રયની આરાધના સહિત સમાધિમરણ કરીને સ્વર્ગમાં ગયા.

ભીલનો દુષ્ટ જીવ વેરના સંસ્કાર ચાલુ રાખીને કુયોનિમાં રખડયો ને અનેક ભવમાં દુઃખી થયો; અંતે કુતપ કરીને જ્યોતિષી દેવ થયો.

હવે, દેશભૂષણ–કુલભૂષણના બંને જીવો ઉદિત ને મુદિત, જેઓ સ્વર્ગમાં ગયા હતા તેઓ ત્યાંથી નીકળીને રત્નરથ તથા વિચિત્રરથ નામના બે ભાઈ થયા; ને મલેચ્છનો દુષ્ટજીવ પણ જ્યોતિષી દેવમાંથી નીકળીને તેમનો ભાઈ થયો. પૂર્વના વેરસંસ્કારથી તે અત્યારે પણ બંને ભાઈઓ પ્રત્યે વેર રાખવા લાગ્યો; આથી તે બંને ભાઈઓએ તેનું અપમાન કરીને તેને દેશનિકાલ કર્યો. તે દંભી તાપસી થઈને વિષયાંધપણે મર્યો ને અનેકગતિમાં રખડી રખડીને છેવટે અગ્નિપ્રભ નામનો જ્યોતિષદેવ થયો.

હવે રત્નરથ તથા વિચિત્રરથ બંને ભાઈઓ રાજ છોડી મુનિ થયા, ને સ્વર્ગમાં ગયા; ત્યાંથી નીકળી સિદ્ધાર્થનગરના રાજા ક્ષેમંકર તથા રાણી વિમલાદેવી;–તેમના પુત્રો થયાઃ તેમનાં નામ દેશભૂષણ ને કુલભૂષણ. બંને ભાઈઓને એકબીજા પ્રત્યે પરમ પ્રેમ છે, માત્ર આ ભવમાં નહિ પણ પૂર્વે અનેક ભવથી તેઓ એકબીજાના ભાઈ છે; બંને ભાઈઓ આત્માઓ આત્માને જાણનારા છે; ને પૂર્વ ભવના સંસ્કારી છે.

રાજાએ નાનપણથી જ બંનેને વિદ્યા ભણવા મોકલ્યા. પંદર વર્ષો સુધી બંને ભાઈઓ વિદ્યાભ્યાસમાં એવા મશગુલ હતા કે વિદ્યાગુરુ સિવાય બીજા કોઈને ઓળખતા ન હતા. વિદ્યાભ્યાસ પૂરો કરીને બંને યુવાન કુમારો પાછા આવ્યા ત્યારે રાજાએ નગરીને શણગારીને તેમનું ભવ્ય સન્માન કર્યું ને વિવાહ માટે રાજકન્યા પસંદ કરીને તૈયારી કરી. આ પ્રસંગે બંને ભાઈઓએ નગરીમાં ફરતાં ફરતાં રાજ–

મહેલમાં ઉભેલી એક અતિ સુંદર રાજકન્યાને દેખી; તેનું અદ્‌ભુત રૂપ દેખીને બંને તેના પર મુગ્ધ બન્યા. તે રાજકન્યા પણ એકીટશે તેમને જોઈ રહી. બંનેનું અદ્‌ભુત્ત રૂપ નીહાળી–નીહાળીને તે પણ પ્રસન્ન થતી હતી.

હવે એકસાથે આ દેશભૂષણ–કુલભૂષણ–બંને ભાઈઓને એમ થયું કે આ રાજકન્યા મારા માટે જ છે.....તે મારા ઉપર પ્રસન્ન થઈ છે ને હું તેને પરણીશ. પરંતુ બીજો ભાઈ પણ એ રાજકન્યા ઉપર જ નજર માંડીને તેને રાગથી નીહાળી રહ્યો છે–તે દેખીને તેના ઉપર દ્વેષ આવ્યો કે જો મારો ભાઈ આ કન્યા ઉપર દ્રષ્ટિ કરશે તો હું તેને મારીને પણ આ રાજકન્યાને પરણીશ–આમ મનમાં ને મનમાં તેઓ એકબીજાને મારી નાંખીને પણ કન્યાને પરણવાનું વિચારતા હતા; બંનેનું ચિત્ત એક જ રાજકુમારીમાં એકદમ આસક્ત હતું. તેથી એકબીજા ઉપર દ્વેષ કરતા હતા. કન્યાના મોહવશ બંને ભાઈઓનું ચિત્ત એકબીજા પ્રત્યે નિર્દય થઈ ગયું હતું!

અરે વિષયાસક્તિ! ભાઈ–ભાઈના સ્નેહને પણ તોડાવી નાંખે છે! અરેરે! ચાર ચાર ભવથી પરમ સ્નેહ રાખનારા બંને ભાઈઓ વિષયવશ એકબીજાને મારવા પણ તૈયાર થયા!

–એવામાં તો, અમુક શબ્દો કાને પડતાં બંને ભાઈઓ ચોંકી ઊઠયા.... જાણે વીજળી પડી હોય એમ બંને સ્તબ્ધ થઈ ગયા.....શું બન્યું!

તેમની સાથેના મંત્રીએ તેમને કહ્યું–દેખો રાજકુમારો! સામે રાજમહેલના ઝરૂખામાં તમારી બેન ઊભી છે તે ઘણા વર્ષે તમને પહેલી જ વાર દેખીને અત્યંત પ્રસન્ન થઈ રહી છે; ને પોતાના ભાઈ સામે એકી નજરે નીહાળી રહી છે. તમે વિદ્યાભ્યાસ કરવા ગયેલા ત્યારે પાછળથી તેનો જન્મ થયેલો, તે તમારી બહેન તમને પહેલી જ વાર દેખીને કેવી ખુશી થાય છે!

અરે! આ ઝરૂખામાં ઊભી ઊભી અમારા સામે હસે છે તે રાજકન્યા બીજી કોઈ નહિ પણ અમારી જ સગી બહેન છે!–એમ જાણતાં જ બંને ભાઈઓના ચિત્તમાં જબરજસ્ત આંચકો લાગ્યો; લજ્જાથી તેઓ ઠરી જ ગયા! અરેરે! આ તો અમારી બહેન! અમે તેને કદી જોયેલી નહિ તેથી ઓળખી નહિ; અજ્ઞાનને લીધે અમારી બહેન ઉપર જ અમે વિકારથી મોહિત થયા! ને એકબીજાને મારવાના વિચાર કરવા લાગ્યા! હાય રે! અમને આવા દુષ્ટભાવ કેમ થયા! અરેરે! આવા સંસારમાં શું રહેવું! હવે આવા સંસારથી બસ થાઓ! અનેક દુઃખોથી ભરેલો

આ સંસાર, જેમાં દુષ્ટ મોહ જીવને અનેક નાચ નચાવે છે; મોહવશ અમારી બેન ઉપર જ અમને વિકાર થયો! એમ સંસારનું સ્વરૂપ વિચારી, બંને ભાઈઓ તેનાથી અત્યંત વિરક્ત થયા, ને ત્યાંથી જ પાછા ફરીને જિનદીક્ષા લઈ મુનિ થયા. મહાન તપના પ્રભાવે તેમને આકાશગામિની ઋદ્ધિ પ્રગટી, ને તેઓ વિચારતા થકા પૃથ્વીને તીર્થરૂપ બનાવવા લાગ્યા...તેમના પિતા બંને પુત્રોના વિરહમાં આહાર ત્યાગ કરી, પ્રાણ છોડીને ભવનવાસીદેવમાં ગરુડેન્દ્ર થયા. ( પૂર્વભવનો વેરી દુષ્ટ ભીલ જ્યોતિષીમાં અગ્નિપ્રભદેવ થયો છે. )

હવે જ્યારે રામ–લક્ષ્મણ–સીતા વંશધર પર્વત નજીક આવ્યા ત્યારે દેશ–ભૂષણ–કુલભૂષણ મુનિવરો તે વંશધર પર્વત ઉપર બિરાજતા હતા ને ધ્યાન ધરતા હતા. પૂર્વભવનું વેર યાદ આવવાથી દુષ્ટ અગ્નિપ્રભદેવ ત્રણ દિવસથી તેમના ઉપર દૈવી માયાજાળ વડે ઘોર ઉપદ્રવ કરતો હતો. શ્રી કેવળીના મુખમાં એમ આવ્યું હતું કે મુનિસુવ્રત પ્રભુ પછી તેમના શાસનમાં દેશભૂષણ–કુલ–ભૂષણ તેમના જેવા કેવળજ્ઞાની થશે.–તે સાંભળીને પૂર્વની દ્વેષબુદ્ધિથી પ્રેરાયેલા દુષ્ટ અગ્નિપ્રભદેવે વિચાર્યું કે હું તે કેવળીનાં વચન મિથ્યા કરું! આવી મિથ્યાબુદ્ધિ વડે તેણે દેશભૂષણ–કુલભૂષણ મુનિઓ ઉપર ઉપસર્ગ કરવા માંડયોઃ વિક્રિયા વડે હજારો સર્પ અને વીંછી તેમને વીંટળાઈ ગયા; એવી ગર્જના કરી કે પર્વત ધ્રુજી ઊઠયો.....ક્રૂર પશુઓનું રૂપ ધરીને મુનિને ખાઈ જવાની ચેષ્ટા કરી....રોજ રાત પડે ને ધ્યાનસ્થ મુનિઓ ઉપર ઉપસર્ગ કરે.....ઉપસર્ગનો ભયાનક અવાજ દશદશ ગાઉ સુધી સંભળાય, તે સાંભળીને નગરજનો ભયથી ધ્રુજી ઊઠે....રાજા પણ કાંઈ ઉપાય કરી ન શકયો; એટલે ભયના માર્યા રાજા–પ્રજા સૌ રાત પડે ત્યાં નગરી છોડીને દૂર ચાલ્યા જતા.

એ રીતે અત્યંત ભયભીત નગરજનોને જતા દેખીને રામે તેનું કારણ પૂછયું; નગરજનોએ કહ્યુંઃ અહીં રોજ રાત્રે કોઈ દુષ્ટ દેવ ભયંકર ઉપદ્રવ કરે છે, તેના અત્યંત કર્કશ અવાજથી અમે સૌ ભયભીત છીએ. ખબર નથી પડતી કે પર્વત ઉપર રોજ રાત્રે આ શું થાય છે! ત્યાં ઘણો ભય છે ને તમે અજાણ્યા છો, માટે તમે ત્યાં ન જશો; તમે પણ અમારી સાથે સુરક્ષાના સ્થાને આવો.

એ સાંભળીને સીતા પણ ભયભીત થઈને કહેવા લાગી–હે દેવ! આપણે ત્યાં નથી જવું. ચાલો, આપણે પણ આ લોકોની સાથે નિર્ભય સ્થાનમાં જઈને રાત વીતાવીએ.

ત્યારે રામ હસીને કહે છે કે રે સીતા! તું તો બહુ બીકણ છો. તારે લોકોની સાથે જવું હોય તો તું જા! અમે તો અહીં આ પર્વત ઉપર જ રાત રહેશું; ને આ બધું શું થાય છે તે જોઈશું. અમને કોઈનો ડર નથી.

ત્યારે સીતાએ પણ કહ્યું કે હે નાથ! તમારી હઠ દુર્નિવાર છે! તમે જશો તો હું પણ સાથે જ આવીશ. આપ અને લક્ષ્મણ જેવા વીર મારી સાથે છો, પછી મને પણ કોનો ભય છે!–એમ કહીને તે પણ રામ–લક્ષ્મણની સાથે જ વંશસ્થ પર્વત તરફ જવા લાગી.

લોકોએ તેમને ત્યાં ન જવા ઘણું સમજાવ્યા, પણ રામ–લક્ષ્મણ તો નિર્ભયપણે પર્વત ઉપર જવા લાગ્યા. સીતા પણ સાથે ચાલી. સીતા ભયની મારી ક્યાંક પર્વત ઉપરથી પડી ન જાય–એમ વિચારી, રામ આગળ ને લક્ષ્મણ પાછળ–બંને ભાઈઓ ખૂબ સાવધાનીથી સીતાને પહાડના શિખર ઉપર લઈ ગયા.

પહાડ ઉપર જઈને જોયું ત્યાં તો અદ્ભુત આશ્ચર્યકારી દ્રશ્ય દેખ્યું: અહા! અત્યંત સુકોમળ બે યુવાન મુનિભગવંતો ઊભા ઊભા દેહથી ભિન્ન આત્માનું ધ્યાન કરી રહ્યા છે. દરિયા જેવી ગંભીર એમની શાંતમુદ્રા છે. આવા વીતરાગ મુનિ ભગવંતોને દેખીને તેમને અત્યંત પ્રસન્નતા થઈ, ને ભક્તિભાવથી સ્તુતિ કરવા લાગ્યા...રામ–લક્ષ્મણ–સીતાએ એવી ભાવભીની સ્તુતિ કરી કે પર્વત ઉપરના પશુઓ પણ તે સાંભળીને મોહિત થયા, ને ત્યાં આવીને શાંતિથી બેસી ગયા. રામ–લક્ષ્મણ–સીતા ત્યાં જ રહ્યા. રાત પડી....ને અસુરદેવ ઉપદ્રવ કરવા આવી પહોંચ્યો; મોટા ભયાનક સર્પનું રૂપ લઈને જીભના લબકારા કરતો તે મુનિઓના શરીરને વીંટળાઈ વળ્યો. રામ–લક્ષ્મણ આ ઉપદ્રવને અસુરની માયા સમજીને તેના ઉપર એકદમ ગુસ્સે થયા. સીતા તો એનું ભયાનક રૂપ દેખીને ભયથી રામને વીંટળાઇ ગઈ...રામે કહ્યું–હે દેવી! તું ભય ન કર.–સીતાને ધીરજ આપીને બંને ભાઈઓએ મુનિઓના શરીર ઉપરથી સર્પને પકડીને દૂર કર્યા. (–બળદેવ–વાસુદેવના પુણ્યપ્રભાવ પાસે અસુરદેવની વિક્રિયાનું જોર ન ચાલ્યું.) સર્પોને દૂર કરીને રામ–લક્ષ્મણ એવી અદ્ભુત સ્તુતિ કરવા લાગ્યા કે હે દેવ! આપ તો જગતના રક્ષક બંધુ છો; આપ મંગળ છો, આપનું શરણ લેતાં ભવ્યજીવોના ભવનો ઉપદ્રવ દૂર થઈ જાય છે ને આનંદમય મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. અહો, આપ જિનમાર્ગના પ્રકાશક છો, સમ્યક્ત્વાદિ

ત્રણ ઉત્તમ રત્નો વડે આપ શોભી રહ્યા છો; આપનાં ચરણોથી આ પૃથ્વી શોભી રહી છે. આત્માની સાધનામાં આપ મેરુ જેવા નિશ્ચલ છો. તુચ્છ અસુરદેવ ત્રણ ત્રણ રાતથી ઘોર ઉપદ્રવ કરવા છતાં આપ ધ્યાનથી ડગતા નથી, કે ક્રોધનો વિકલ્પ પણ કરતા નથી. ધન્ય આપની વીતરાગતા! આપની પાસે એક નહિ પણ અનેક લબ્ધિઓ છે, આપ ધારો તો અસુરદેવને ક્ષણમાં ભગાડી મૂકો...પણ બહારમાં આપનું લક્ષ જ નથી; આપ તો ચૈતન્યના ધ્યાન વડે કેવળજ્ઞાન સાધવામાં જ તત્પર છો! –આમ ખૂબ જ સ્તુતિ કરી.

ત્યાં મધરાતે ફરીને દુષ્ટદેવ ઉપદ્રવ કરવા આવ્યો; ભયાનક રૂપ ધારણ કરીને રાક્ષસ અને ભૂતનાં ટોળાં નાચવા લાગ્યા. વિચિત્ર અવાજ કરી કરીને શરીરમાંથી અગ્નિના ભડકા કાઢવા લાગ્યા...હાથમાં તલવાર–ભાલા લઈને બીવડાવવા લાગ્યા; તેમના તોફાનથી પર્વતની શિલાઓ કંપવા લાગી. જાણે મોટો ધરતીકંપ થયો. બહારમાં આ બધું બની રહ્યું છે ત્યારે મુનિઓ તો અંદર શુક્લધ્યાનમાં મગ્ન થઈને, આત્માના અપાર આનંદને અનુભવી રહ્યા છે, બહારમાં શું થઈ રહ્યું છે તેની તેમને ખબર નથી. સીતા આ દ્રશ્ય દેખીને ભયભીત થઈ, ત્યારે રામે તેને કહ્યું–દેવી! તું ભય ન કર. તું આ મુનિઓના ચરણમાં બેસી રહે, ત્યાં અમે આ દુષ્ટ અસુરને ભગાડીને આવીએ છીએ.–એમ કહી સીતાને મુનિના ચરણ સમીપ રાખીને રામ–લક્ષ્મણે દુષ્ટ અસુરદેવને પડકાર કર્યો. રામે ધનુષનો એવો ટંકાર કર્યો કે જાણે વજ્રપાત થયો. અગ્નિપ્રભદેવ સમજી ગયો કે આ તો કોઈ સાધારણ માણસો નથી પણ મહાપ્રતાપી બળદેવ ને વાસુદેવ છે; તેમનો દિવ્ય પુણ્ય પ્રભાવ દેખીને તે અગ્નિપ્રભદેવ ભાગી ગયો ને તેની બધી માયા સંકેલાઈ ગઈ. ઉપસર્ગ દૂર થયો.

ઉપસર્ગ દૂર થતાં જ, ધ્યાનમાં લીન દેશભૂષણ–કુલભૂષણ મુનિઓને કેવળજ્ઞાન થયું....કેવળજ્ઞાનનો ઉત્સવ ઉજવવા કેટલાય દેવો આવ્યા. ચારેકોર મંગલનાદ થવા લાગ્યા. રાત્રિ પણ પ્રકાશથી ઝગઝગી ઊઠી. કેવળજ્ઞાનના પ્રતાપે ત્યાં રાત્રિ દિવસનો ભેદ ન રહ્યો. અહા, પોતાની હાજરીમાં જ એ મુનિ–ભગવંતોને કેવળજ્ઞાન થતું દેખીને રામ–લક્ષ્મણ–સીતાના આનંદનો પાર ન રહ્યો. હર્ષિત થઈને તેમણે સર્વજ્ઞ ભગવાનની પરમ સ્તુતિ કરી; દિવ્યધ્વનિ દ્વારા ભગવાનનો ઉપદેશ સાંભળ્યો. અહા, પ્રભુના શ્રીમુખથી ચૈતન્યતત્ત્વનો કોઈ પરમ અદ્‌ભુત ગંભીર મહિમા સાંભળતાં તેમને મહાઆનંદ થયો. દેશભૂષણ–

કુલભૂષણના પૂર્વભવના પિતા–જે ગરુડેન્દ્ર થયા હતા તે કેવળીભગવાનના દર્શન કરવા આવી પહોંચ્યા. રામ–લક્ષ્મણ ઉપર તેઓ પ્રસન્ન થયા ને આદરપૂર્વક કહ્યું: આ બંને મુનિઓ મારા પૂર્વભવના પુત્રો છે, તમે તેમની ભક્તિ કરી ઉપસર્ગ દૂર કર્યો તે દેખીને હું ઘણો પ્રસન્ન થયો છું. માટે તમે જે માંગો તે હું આપું! ત્યારે રામે કહ્યું: કોઈવાર અમારા ઉપર સંકટ આવે તો તે વખતે અમને સંભાળજો.– તે વચન પ્રમાણ કરીને ગરુડેન્દ્રે કહ્યું–ભલે, હું તમારી પાસે જ છું. ભગવાનની વાણી સાંભળીને અનેક જીવો ધર્મ પામ્યા. રાજા અને પ્રજાજનો નગરીમાં પાછા ફર્યા, ને આનંદનો ઉત્સવ કર્યો. કેવળજ્ઞાનના પ્રતાપે સર્વત્ર આનંદ મંગળ છવાઈ ગયા.

'શ્રી રામચંદ્રજી બળભદ્ર તદ્ભવ મોક્ષગામી છે ' એમ કેવળીપ્રભુની વાણીમાં સાંભળીને લોકોએ તેમનું ઘણું સન્માન કર્યું. મુનિવરોને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી આ ભૂમિને મહા તીર્થરૂપ સમજીને રામ–લક્ષ્મણ–સીતા કેટલાક દિવસ અહીં જ રહ્યા, ને મહાન ઉત્સવપૂર્વક પર્વતપર અનેક ભવ્ય મંદિરો કરાવીને, અદ્ભુત જિનભક્તિ કરી. ત્યારથી આ વંશસ્થ પર્વતને લોકો રામગિરિ કહેવા લાગ્યા. આજે પણ મધ્યપ્રદેશમાં તે રામટેકતીર્થ તરીકે પ્રસિદ્ધ છે. (સં. ૨૦૧૫ માં અનેક ભક્તો સહિત પૂ. શ્રી કાનજીસ્વામીએ તે રામટેક તીર્થની પણ યાત્રા કરી હતી.)

* * *

## મોક્ષગામી બે રાજકુમારો....તેમનું સાચું કુટુંબ

દેશભૂષણ અને કુલભૂષણ–એ બંને રાજકુમાર બંધુઓ, જ્યારે એકાએક સંસારથી વિરક્ત થઈને મુનિદીક્ષા લેવા તૈયાર થયા છે, ત્યારે પુત્રવિયોગથી વ્યાકુળ માતા પુત્રોને દીક્ષા લેતા રોકવા ઘણો પ્રયત્ન કરે છે, ને મુનિપણામાં ઘણાં કષ્ટ બતાવતાં કહે છે કે બેટા, ત્યાં કોઈ માતા–પિતા કે પરિવાર નથી; કુટુંબ વગર તમે એકલા કઈ રીતે રહેશો? તે વખતે વૈરાગી–કુમારો માતાને કહે છે કે–હે માતા! મુનિદશામાં તો મહા આનંદ છે. સાંભળો–

ધૈર્યં યસ્ય પિતા ક્ષમા ચ જનની શાંતિશ્ચિરં ગેહિની,
સત્યં સુનુરયં દયા ચ ભગિની ભ્રાતા મનઃ સંયમઃ।
શય્યા ભૂમિતલં દિશોऽપિ વસનં જ્ઞાનામૃતં ભોજનં,
એતે યસ્ય કુટુંબિનો વદ સખે! કસ્માત્ ભયં યોગિનઃ।।

ધૈર્ય તો જેનો પિતા છે, ક્ષમા જેની જનેતા છે, અત્યંત શાંતિ તે ગૃહિણી છે, સત્ય જેનો સુત છે, દયા જેની બહેન છે, અને સંયમ જેનો ભાઈ છે; વળી પૃથ્વી જેની શૈયા છે, આકાશ જેનાં વસ્ત્ર છે, જ્ઞાનામૃત જેનું ભોજન છે,–જેને આવા ઉત્તમ કુટુંબીઓ છે તે યોગિને શેનો ભય હોય?

–આમ કહી, વિલાપ કરતી માતાને મુકીને દેશભૂષણ–કુલભૂષણ બંને કુમારો વનમાં ચાલ્યા ગયા, ને દીક્ષા લઈ મુનિ થયા. મુનિ થઈને ચૈતન્યના અનંત ગુણપરિવાર સાથે ખૂબ આનંદથી કેલિ કરવા લાગ્યા. શુદ્ધોપયોગવડે સ્વકુટુંબીજનો સાથે કેલિ કરતાં કરતાં અંતે કેવળજ્ઞાન પ્રગટ કરીને, અનંતસુખગુણપરિવાર સહિત મોક્ષમાં બિરાજ્યા....તેમને નમસ્કાર હો.

## * મંગલ ઉત્સવ *

અહો, વર્દ્ધમાન જિનેન્દ્રદેવ!

આત્માને આનંદ દેનારું આપનું શાસન પામીને, અમને આત્માની આરાધનાનો સુંદર અવસર મળ્યો છે.

તેમાંય આપશ્રીના નિર્વાણનો અઢીહજારવર્ષીય મહોત્સવ ચાલી રહ્યો છે ત્યારે આપે બતાવેલા માર્ગે અમે પણ આવીએ છીએ, ને આપના ઉપકારને યાદ કરીએ છીએ.

હે સાધર્મીજનો! ભગવાનના શાસનને પામીને આપણું જીવન આત્માની આરાધનામય બનાવવું; સંસારના ભયાનક દુઃખોથી છૂટવા, ને સાચી આત્મશાંતિ પામવા, આત્માની અદ્ભુત વીતરાગી સુંદરતાને અનુભવગમ્ય કરવી–એ જ મંગલ ઉત્સવ છે.

જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી;

તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.

# અરિહંત ભગવંતો અપૂર્વ પરમ સૌખ્યને ધ્યાવે છે

અહો, અરિહંતભગવંતો આત્માના સર્વ પ્રદેશે પરમ આનંદ અને જ્ઞાનરૂપે પરિણમી રહ્યા છે; તેમને મોહ સર્વથા નષ્ટ થયો છે ને સમસ્ત પદાર્થોનું સ્વરૂપ કેવળજ્ઞાન વડે તેમણે સાક્ષાત્ જાણી લીધું છે, તેથી તેમને ઇચ્છા કે સંદેહ નથી; તેઓ પોતે ઇન્દ્રિયોથી પાર થઈને અતીન્દ્રિય સહજ પરમ આનંદરૂપે ને જ્ઞાનરૂપે આખા આત્મામાં પરિણમી રહ્યા છે. આવા તે શ્રમણ ભગવંતો (એટલે કે કેવળીભગવંતો) પોતાના આત્મામાં અપૂર્વ પરમ આનંદને ધ્યાવે છે,–એમ કુંદકુંદાચાર્યદેવ પ્ર. ગા. ૧૯૮ માં કહે છે.

જુઓ, આ અરિહંતદેવની ઓળખાણ! જેને મોહ નથી, જેને જ્ઞાનમાં કે સુખમાં કોઈ જ પ્રતિબંધ નથી, પોતે સ્વભાવથી જ આખા આત્મામાં સર્વપ્રદેશે પરિપૂર્ણ જ્ઞાન–આનંદરૂપ પરિણમનમાં ઠરી ગયા છે, મહાન અતીન્દ્રિય આનંદરૂપ પૂર્ણસુખમાં જ લીન થઈને તેને એકને જ અનુભવે છે; તે અપેક્ષાએ તે ભગવંતોને પણ પરમ શુક્લધ્યાન કહેવામાં આવ્યું છે. અતીન્દ્રિય આનંદરૂપે પરિણમતા આત્માને જ અનુભવવામાં તેઓ સ્થિતિ છે.

અહો, આવા અપૂર્વ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આત્મા છે–તેને સમ્યગ્દૃષ્ટિ જ પ્રતીતમાં લ્યે છે. સર્વ આત્મપ્રદેશે પરિપૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલા સર્વજ્ઞભગવાન પરમઆનંદથી અભિન્ન એવા નિજાત્મારૂપી એક વિષયનું સંવેદન કરતા હોવાથી તેમને પરમઆનંદનું ધ્યાન છે, અર્થાત્ તેઓ પરમ સૌખ્યને ધ્યાવે છે,–આવું ધ્યાન, આવું સંચેતન તે, સહજ જ્ઞાન અને આનંદ જેનો સ્વભાવ છે એવા સિદ્ધત્વની સિદ્ધિ જ છે.

જુઓ, આ અરિહંતોનું સુખ સમકિતી ધર્માત્મા પણ ભૂમિકાઅનુસાર આવા અતીન્દ્રિય પરમસુખને અનુભવે છે. હજી તેને પૂર્ણતા નથી ને રાગાદિ પણ છે એટલે ઉપયોગ પરમાં પણ જાય છે; છતાં તે પણ અતીન્દ્રિય આનંદરૂપે પરિણમતા પોતાના આત્માને ધ્યાનમાં ધ્યાવીને તેને સંચેતે છે. સર્વજ્ઞને પૂર્ણ સંચેતન છે, આને હજી અધૂરું છે એટલે પરમાં પણ ઉપયોગ જાય છે. સર્વજ્ઞ પરમાત્માને પૂર્ણ સુખ, પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ વીતરાગતા

છે, એટલે તેમનો ઉપયોગ પરમાનંદસ્વરૂપ આત્મામાં એકમાં જ સ્થિત રહીને તેને જ ધ્યાવે છે; અન્યમાં તેમનો ઉપયોગ જતો નથી. જણાય છે બધું, પણ ઉપયોગ પર તરફ જતો નથી. સ્વમાં લીન રહીને સ્વ–પર બધાને જાણનારી સર્વજ્ઞતારૂપે ને સાથે પૂર્ણઆનંદરૂપે પરિણમે છે.

–અહો, આવા જિનવર ભગવંતોને, અને તેમણે દેખાડેલા નિર્વાણના માર્ગને નમસ્કાર હો. આચાર્યદેવ કહે છે કેઃ અહો, તીર્થંકર ભગવંતોએ જે માર્ગ પોતે સાધ્યો ને બતાવ્યો, તે અપૂર્વ આનંદમય મોક્ષમાર્ગને અમે અવધારિત કર્યો છે, ને કૃત્ય કરાય છે. હે વીરનાથ પરમદેવ ! આપે દેખાડેલા નિર્વાણમાર્ગમાં અમે પ્રવર્તન કરી રહ્યા છીએ.

## * વર્તમાનયુગની આવશ્યકતા *

अम्बाह [ मुरेना, म. प्र.) थी पं. महेन्द्रकुमार जैन, शास्त्री [ प्रधान अध्यापक ] પહેલી જ વાર આત્મધર્મ વાંચીને લખે છે કે–આપકે દ્વારા સંપાદિત કી જાને વાલી પત્રિકા ‘આત્મધર્મ’ કો યહાં શ્રી બાબુલાલજી જૈન કે પાસ દેખી; અત્યધિક પસંદ આઈ. ઇસકા પ્રમુખ કારણ યહ હૈ કિ ઇસ પત્રિકાકે સભી લેખ વ કહાની કવિતાયેં ઇતની શિક્ષાપ્રદ હોતી હૈં કિ વહ પ્રત્યેક પાઠકકે હૃદયમેં સચ્ચે સ્વરૂપકા અનુભવ કરાયે વિના નહીં રહતી. સચ પૂછા જાય તો વર્તમાનયુગમેં ઐસી હી પત્રિકાઓંકી અપની સમાજમેં અતિ આવશ્યકતા હૈ. યહ પત્રિકા કિતની ઉપયોગી હૈ! યહ તો સ્વયં પત્રિકા હી પાઠકોંકો આભાસ કરા સકેગી; મેરા લિખના તો સૂર્યકો દિપકસે દિખાનેકે સમાન હોગા. અતઃ ઔર કુછ ન લિખકર શ્રી વીરપ્રભુસે કામના કરતા હૂં કિ....યહ પત્રિકા ચિરકાલ તક આત્મહિતકે ચાહનેવાલેકો હંમેશાં પ્રાપ્ત હોતી રહે.

તા. ૧૫–૯–૭૫.

# * “મુનિવરોએ કેમ વર્તવું ?” *

## ‘જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું.’

* એક સ્વદ્રવ્ય-પ્રતિબંધ (એટલે કે સ્વદ્રવ્યમાં લીનતા) તે જ ઉપયોગની શુદ્ધતાનું કારણ છે. અને એવા શુદ્ધોપયોગવડે જ શ્રમણપણું હોય છે.
* આત્માથી ભિન્ન જે પરદ્રવ્ય છે. તે બધાય પરદ્રવ્ય-પ્રતિબંધ ઉપયોગને અશુદ્ધતાનું કારણ છે. પરદ્રવ્યમાં લીનતા વડે આત્માનો ઉપયોગ અશુદ્ધ થાય છે ને અશુદ્ધઉપયોગમાં શ્રમણપણું હોતું નથી. (છઠ્ઠાગુણસ્થાનની શુદ્ધપરિણતિને ‘શુદ્ધઉપયોગ’ પણ કહેવાય છે-એ લક્ષમાં રાખવું.)
* એક સ્વદ્રવ્યમાં પ્રતિબંધ તે જ ઉપયોગની શુદ્ધતાનું કારણ છે,-અને અન્ય સમસ્ત પરદ્રવ્યો ઉપયોગના ઉપરંજક છે-એમ જાણીને, જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા એક અસ્તિત્વમાત્રરૂપે વર્તવું-એમ તાત્પર્ય છે.
* જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્ય તે ત્રિકાળ છે; તેમાં વર્તવું તે મોક્ષમાર્ગરૂપ પર્યાય છે. આવા દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આત્મા છે. અહો! ‘જ્ઞાનદર્શનસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ એવા શુદ્ધ અસ્તિત્વમાત્રરૂપે વર્તવું’ એમ કહીને દ્રવ્ય અને તેના આશ્રયરૂપ શુદ્ધપર્યાય-બંને બતાવી દીધા છે.
* પોતાના સ્વભાવમાં લીનપણે શુદ્ધઅસ્તિત્વમાત્રરૂપે વર્તવું-તે જ મોક્ષમાર્ગી શ્રમણોનું ખરું વર્તન છે. બહારનું વર્તન (આહારાદિની ક્રિયાઓ) તે કાંઈ આત્માના અસ્તિત્વમાં નથી, ને મુનિવરો તેમાં લીનપણે વર્તતા નથી. તેઓ તો પોતાના સ્વભાવમાં જ લીનપણે વર્તે છે.
* આ રીતે મુનિવરોએ, તેમજ બીજા ધર્મીજીવોએ પણ જ્ઞાનદર્શનસ્વભાવી પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં પ્રતિબદ્ધ રહીને શુદ્ધઅસ્તિત્વમાત્રરૂપે વર્તવું-તે જ તાત્પર્ય છે, તે જ મોક્ષમાર્ગ છે. (પ્રવચનસાર ગા. ૨૧૪)

# નિજવૈભવથી શુદ્ધાત્મા દેખાડનારા સંત !



અહો કુંદકુંદપ્રભુ ! શ્વાસેશ્વાસે આપના ઉપકારના રણકાર ઊઠે છે. સમયસારમાં પદેપદે અમને તો આપનો જ સાક્ષાત્કાર થાય છે, ને આપની સ્વાનુભૂતિનો આનંદમય નિજવૈભવ દેખાય છે. ધન્ય જીવન....કે આપનો માર્ગ મળ્યો ! નમોસ્તુ ! નમોસ્તુ ! નમોસ્તુ !

# 'જેણે આપ્યું ભાન નિજ....
# તેને સદા પ્રણામ'



**જેમની મંગલકારી છાયામાં, ને જેમના પ્રતાપે, વીરનાથપ્રભુ પ્રત્યેની અંજલિરૂપે આત્મધર્મનો આ અભૂતપૂર્વ-અંક સુંદરસ્વરૂપે પ્રગટ થાય છે તે ગુરુદેવનો પરમ ઉપકાર છે. આ અંક દ્વારા વીરમાર્ગને ઓળખીને જિનશાસનના વશે સર્વજીવો પરમઆનંદરૂપે પરિણમો.**




શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને.

શ્રી વીરપ્રભુએ પ્રકાશેલા મોક્ષમાર્ગમાં પરિણમતા સંતો પરમ ઉપકારબુદ્ધિથી કહે છે કે અહો, સર્વજ્ઞ મહાવીર દેવ ! પરદ્રવ્યોથી ભિન્ન અને સ્વધર્મોથી અભિન્ન એવા એક-શુદ્ધ-ધ્રુવ જ્ઞાયક આત્માને ઉપલબ્ધ કરીને, તેમાં જ એકાગ્રતા વડે આપે મોક્ષને સાધ્યો, ને અમને પણ એ જ માર્ગનો ઉપદેશ કરીને આપ નિર્વાણપુરીમાં બિરાજી રહ્યા છો. - આપને નમસ્કાર હો.

પ્રભો ! આપનો તે નિર્વાણમાર્ગ આજે અઢી હજાર વર્ષ બાદ અમને પણ પ્રાપ્ત થયો છે... તે માર્ગ દ્વારા આપ જ અમને સાક્ષાત્ મળ્યા છો. આપના પ્રસાદથી પ્રાપ્ત થયેલ મોક્ષમાર્ગ અમે અવધારિત કર્યો છે... ને આનંદપૂર્વક તેને સાધવાનું કૃત્ય કરાય છે.

જુઓ, મોક્ષમાર્ગી સન્તો બેધડક કહે છે કે તીર્થંકરોના માર્ગને અમે ધારણ કર્યો છે ને તે માર્ગે ચાલી રહ્યા છીએ. આ રીતે મોક્ષમાર્ગનું અવધારણ એ જ વીરનાથ ભગવાનનો સાચો નિર્વાણ-મહોત્સવ છે.

- 'जय महावीर'

# * જૈનશાસનનો મહામંત્ર *

જૈનશાસનમાં આચાર્ય કુંદકુંદપ્રભુએ આત્મહિત માટે મહામંત્ર આપ્યો છે કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન છે.

ધર્મીજીવ પોતાના ભૂતાર્થરૂપ જ્ઞાયકસ્વભાવનો એકનો જ આશ્રય કરે છે. ધર્મીજીવની દ્રષ્ટિમાં ગુણભેદનો પણ આશ્રય હોતો નથી, ત્યાં પર્યાયના આશ્રયની તો વાત જ ક્યાં છે? તેને દ્રષ્ટિમાં એક ભૂતાર્થસ્વભાવરૂપ આત્માનો જ નિરંતર આશ્રય છે; બીજા કોઈનો આશ્રય નથી.

આ ભૂતાર્થસ્વભાવની અનુભૂતિને જ જૈનશાસન કહ્યું છે, ને ગુણસ્થાન–માર્ગણાસ્થાન વગેરે બધા ભેદો તે અનુભૂતિથી બહાર છે. આવી અનુભૂતિને આત્મા કહ્યો છે.

શુદ્ધનયને અવલંબનારો ધર્મીજીવ દ્રવ્યથી–ક્ષેત્રથી–કાળથી કે ભાવથી આત્માને ખંડિત કરતો નથી, સુવિશુદ્ધ એક ચિન્માત્ર ભાવરૂપે જ પોતાને અનુભવે છેઃ–

"न द्रव्येण खंडयामि न क्षेत्रेण खंडयामि
न कालेन खंडयामि न भावेन खंडयामि
सुविशुद्ध एको ज्ञानमात्र भावोऽस्मि"

આવી અખંડ આત્મઅનુભૂતિ તે જૈનશાસનનો મહામંત્ર છે. વીરશાસનમાં આવી અનુભૂતિ પામીને ભવ્યજીવો પોતાનું કલ્યાણ કરો–એમ શ્રીગુરુનાં આશીર્વાદ છે. (સં.)

ખાલી જગ્યામાં માત્ર એક અક્ષર મુકીને સાચો ઉત્તર શોધી કાઢોઃ

– ખ પામવું હોય તો જ્ઞાન–જ્યોત પ્રગટાવો.
– ખ ન પામવું હોય તો અજ્ઞાનને છોડો.
– ગ જીવને દુઃખદાયક છે.
– ગ જીવને સુખદાયક છે.
– ન નું ફળ પુણ્ય છે.
– ન નું ફળ મોક્ષ છે.
ધ – ને ખાતર જીવન બગાડો નહિ.
ધ – ને ખાતર જીવન અર્પી દેજો.
– વ તેને કહેવાય કે જે વીતરાગ હોય.
– વ તેને કહેવાય કે જે જ્ઞાનવંત હોય.

# ધર્માત્માના ધ્યેયરૂપ ધ્રુવ આત્મા કેવો છે

**( મુમુક્ષુઓને માટે મનનીય અંતર્મુખી પ્રવચન )**

**ગુરુદેવ કહે છે કે આ ૧૯૨ મી ગાથા તો મહામંત્ર છે; આમાં ધ્રુવ આત્માની ઉપલબ્ધિની રીત આચાર્યદેવે બતાવી છે, પર્યુષણ દરમિયાન આ ગાથા ચાર વખત વંચાણી ને તેમાં ઘણું સ્પષ્ટીકરણ કરીને ધ્રુવસ્વભાવી આત્માનો સાક્ષાત્કાર કરાવ્યો. આત્મા ધ્રુવ કયા પ્રકારે છે ને તેને માનવાથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ કયા પ્રકારે થાય છે !-તેના મંત્રો આ ૧૯૨ મી ગાથામાં ભર્યાં છે.**

આ ગાથાના ગંભીર ભાવોનો ખ્યાલ એ ઉપરથી આવશે કે પ્રવચનમાં ઉપરા ઉપરી ચાર-ચાર વખત વંચાયા છતાં, હજી જાણે ફરીફરીને વંચાય તો સારું !-એમ ગુરુદેવને તેમજ શ્રોતાજનોને થતું હતું.

આ ગાથામાં તથા તેની ટીકામાં અને પ્રવચનોમાં એટલું સુંદર સ્પષ્ટીકરણ આવ્યું છે કે, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ ચાહનારા મુમુક્ષુઓને માટે તે ખૂબ જ વિચારણીય છે, તેનું મનન કરતાં આત્માનું સ્વરૂપ સ્પષ્ટ સમજમાં આવી જાય છે ને મુમુક્ષુની બધી મુંઝવણ મટી જાય છે. આત્માનું સ્વરૂપ સમજવા માટે તે પૂરેપૂરું માર્ગદર્શન આપે છે, ને તે સમજ્યા પછી આત્માની ઉપલબ્ધિ માટે બીજું કાંઈ સમજવાનું બાકી નથી રહેતું. આ ગાથાના અને પ્રવચનના ભાવો સમજવાથી જરૂર સમ્યગ્દર્શન થાય છે એટલે કે ધ્રુવરૂપ શુદ્ધઆત્માની ઉપલબ્ધિ થાય છે. ( સં. )

* * * * *

એ રીત દર્શન-જ્ઞાન છે, ઇન્દ્રિયઅતીત-મહાર્થ છે,<br>
માનું હું-આલંબન રહિત જીવ શુદ્ધ-નિશ્ચળ-ધ્રુવ છે.

જુઓ, આ ધ્રુવઆત્માનું સ્વરૂપ ! એનો સ્વીકાર સ્વસન્મુખ પર્યાયમાં થાય છે. તેથી આચાર્યદેવે કહ્યું કે 'मन्येहं' હું આવા આત્માને માનું છું-અનુભવું છું-સ્વસન્મુખ થઈને સાક્ષાત્કાર કરું છું. જેણે પર્યાયને અંતર્મુખ કરીને આવા ધ્રુવ આત્માને માન્યો છે તેની આ વાત છે. જેણે પર્યાયમાં આવો આત્મા જાણ્યો નથી.

તેને તો ધ્રુવની પણ ક્યાં ખબર છે? તેથી આચાર્યદેવ કહે છે કે मण्णेहं–मन्येऽहं અંતર્મુખ થઈને હું આવા આત્માને માનું છું. આ માનવામાં સમ્યગ્દર્શન આવી ગયું. તેના વિષયરૂપ ધ્રુવ આત્માનું આ અદ્ભુત વર્ણન છે. જૈનશાસનનો સાર આમાં ભર્યો છે.

આચાર્યદેવ કહે છે કે–ધ્રુવરૂપ એવો શુદ્ધઆત્મા ઉપલબ્ધ કરવા યોગ્ય છે. પરથી ભિન્ન અને સ્વધર્મોથી અભિન્ન–એવો એક શુદ્ધ ધ્રુવઆત્મા હું છું–એમ હું 'માનું છું'. આવા ધ્રુવસ્વભાવી આત્માને જ્યાં માનવા જાય છે ત્યાં પર્યાય તેની સન્મુખ થઈ જાય છે; અને ત્યારે જ તેણે ખરેખર ધ્રુવઆત્માને જાણ્યો છે. અને તેણે જ શુદ્ધઆત્માને ઉપલબ્ધ કર્યો છે.

આત્મા ધ્રુવ કેમ છે? તે વાત અલૌકિક રીતે આચાર્યદેવે આ ગાથામાં સમજાવી છે.

* પરદ્રવ્યથી વિભાગ અને સ્વધર્મથી અવિભાગ હોવાથી આત્માને એકપણું છે.

* એકપણું હોવાથી આત્માને શુદ્ધપણું છે.

* શુદ્ધઆત્મા સત્–અહેતુક–અનાદિઅનંત અને સ્વતઃ સિદ્ધ છે તેથી તેને જ ધ્રુવપણું છે.

જુઓ, આવો ધ્રુવસ્વભાવ હું છું–એમ માનવા જાય ત્યાં પર્યાય ધ્રુવનો આશ્રય કરીને શુદ્ધ થઈ છે, ને તે પર્યાયે પોતામાં ધ્રુવનો સ્વીકાર કર્યો છે. આ રીતે ધ્રુવસ્વભાવી આત્મા–કે જે મહાન અતીન્દ્રિય પદાર્થ છે–તે જ શ્રદ્ધામાં–જ્ઞાનમાં – અનુભવમાં લેવા યોગ્ય છે; તેની ઉપલબ્ધિ તે જ મોક્ષમાર્ગ છે.

પરવસ્તુ ધ્રુવ હોય તોપણ તે આ આત્માને માટે તો અધ્રુવ છે, કેમકે આ આત્માને માટે તે સંયોગરૂપ છે, વિભાગરૂપ છે, તેનો આશ્રય અશુદ્ધતાનું કારણ છે. માટે તે ઉપલબ્ધ કરવા યોગ્ય નથી.

'હું મારા આત્માને દર્શન–જ્ઞાનભૂત, અતીન્દ્રિય–મહા પદાર્થ, ધ્રુવ–અચળ–નિરાલંબ અને શુદ્ધ માનું છું'–આવો સાક્ષાત્કાર ધર્મીને હોય છે. જુઓ, આત્માને 'મહાન પદાર્થ' કેમ કહ્યો ?–કેમકે મોક્ષલક્ષણરૂપ મહાન પુરુષાર્થનો સાધક હોવાથી તે મહા–અર્થ છે. 'मोक्षलक्षणमहापुरुषार्थसाधकत्वात् महार्थम्' એમ શ્રી જયસેનસ્વામીએ ટીકામાં અર્થ કર્યો છે.

મારો આત્મા અતીન્દ્રિયજ્ઞાનરૂપ મહાપદાર્થ છે;–ઇન્દ્રિયોને અવલંબે એવો તૂચ્છ મારો આત્મા નથી, ઇન્દ્રિયોને અતિક્રમીને અતીન્દ્રિયજ્ઞાનવડે એકસાથે સર્વને

જાણે એવો મહાન સત્ પદાર્થ છે.....અતીન્દ્રિય સ્વભાવને લીધે તે મહાન છે. આવો આત્મા રાગ–વિકલ્પ કે ભેદવડે અનુભવમાં નથી આવતો. પર્યાય ઉપર દ્રષ્ટિ રાખ્યે પણ આવો ધ્રુવસ્વભાવી આત્મા ઉપલબ્ધ થતો નથી. પર ઉપર ન જોતાં, ભેદ ઉપર ન જોતાં, અંતર્મુખ થઈને ધ્રુવસ્વભાવ સન્મુખ જે પર્યાય થઈ, 'તે પર્યાય એમ અનુભવે છે કે હું ધ્રુવ છું. '–પર્યાયમાં આવા અનુભવ વગર ધ્રુવસ્વભાવને જાણ્યો કહેવાય નહિ. ધ્રુવનો અનુભવ પર્યાયમાં થાય છે.

શુદ્ધઆત્મા સત્ અહેતુક છે; તેની પર્યાય પણ સત્–અહેતુક છે, તે પોતાના ધ્રુવને અવલંબે છે, બીજા કોઈની અપેક્ષા રાખતી નથી. પર્યાય અધ્રુવ હોવા છતાં, અંતર્મુખ થઈને ધ્રુવસ્વભાવને પકડી પાડે છે. અનાદિ અનંત–સ્વતઃસિદ્ધ–સત્ – અહેતુક આત્મા, કોઇ બીજાને લીધે નથી પણ પોતે પોતાથી જ છે–એટલે સ્વતઃ સિદ્ધ છે, કોઈ કારણથી તે થયેલો નથી. ઇન્દ્રપદ વગેરે તો પુણ્યના કારણે થાય છે, તેથી તે અધ્રુવ અને સહેતુક છે. આત્માને પોતાના જ્ઞાનાદિ–સ્વભાવમાં અન્ય કોઈ કારણ નથી, તે સ્વતઃસિદ્ધ સત્ છે, તેથી ધ્રુવ છે, આત્માને પોતાના સ્વભાવનો વિયોગ થતો નથી.–માટે સંયોગ–વિયોગરૂપ અન્ય અધ્રુવ પદાર્થોથી મારે કાંઈ પ્રયોજન નથી; મારો અસંયોગી સ્વતઃસિદ્ધ, એક–શુદ્ધ–ધ્રુવ આત્મા જ મારે માટે ધ્રુવ હોવાથી તે જ મારે ઉપલબ્ધ કરવા જેવો છે, તે જ આશ્રય કરવા યોગ્ય છે, તે જ શ્રદ્ધામાં–જ્ઞાનમાં –અનુભવમાં લેવા યોગ્ય છે.

મારા આત્માને પરદ્રવ્યથી અત્યંત વિભાગ છે; પણ પોતાના શુદ્ધ ગુણ–પર્યાયરૂપ સ્વધર્મથી તેને અવિભાગ છે.–આવું એકત્વ–વિભક્તપણું હોવાથી તેને એકપણું છે.

આત્માનું તે એકપણું આચાર્યદેવે પાંચ વિશેષણથી બતાવ્યું છે–

(૧) જ્ઞાનાત્મકપણાને લીધે એકપણું છે.
(૨) દર્શનભૂતપણાને લીધે એકપણું છે.
(૩) અતીન્દ્રિય મહાપદાર્થને લીધે એકપણું છે.
(૪) અચળપણાને લીધે એકપણું છે.
(૫) અને નિરાલંબપણાને લીધે એકપણું છે.

(પંચ ત્યાં પરમેશ્વર. પાંચ બોલે આવા 'એક' પણાને લીધે 'શુદ્ધ' હોવાથી જે 'ધ્રુવ' છે–એવો આત્મા જ પોતાને ઉપલબ્ધ કરવા યોગ્ય છે.)

## તે દરેક બોલનું વિવેચન કરે છેઃ–

## (૧–૨) જે જ્ઞાનને જ પોતામાં ધારણ કરી રાખે છે અને જે

## પોતે દર્શનભૂત છે એવા આત્માને અતન્મય (જ્ઞાનથી જુદા) પરદ્રવ્યથી વિભાગ છે, અને સ્વધર્મથી અવિભાગ છે, તેથી તેને એકપણું છે.

પોતાના જ્ઞાનાદિ સ્વધર્મો સાથે તન્મય છે, ને સમસ્ત પરદ્રવ્યો સાથે અતન્મય છે–આમ સ્વ–પરની વહેંચણી કરીને ધર્મીની પર્યાય સ્વતરફ ઝુકી છે એટલે ખરેખર રાગાદિ અશુદ્ધભાવો સાથે પણ તે અતન્મય છે;–અને સ્વધર્મોમાં તન્મય છે. –આવા એકત્વરૂપ આત્મા શુદ્ધ છે, તેથી તે જ પોતાને માટે ધ્રુવ છે, તે જ આશ્રય અને ઉપલબ્ધ કરવા યોગ્ય છે. ધર્મીને સમ્યગ્દર્શનમાં–સમ્યગ્જ્ઞાનમાં કેવા આત્માની ઉપલબ્ધિ છે? તેનું આ વર્ણન છે. નિર્મળપરિણતિએ અંતર્મુખ થઈને ધ્રુવરૂપ કેવા આત્માનો અનુભવ કર્યો છે? પોતાના આત્માને ધર્મીજીવ કેવો માને છે! તેનું આ અલૌકિક વર્ણન છે. આત્મા મહાન પદાર્થ છે, એક તો અતીન્દ્રિયજ્ઞાનને લીધે મહાન છે, ને બીજું મોક્ષનો સાધક છે તેથી મહાન છે. અહીં એકત્વપણાના પાંચ બોલ ચાલે છે.

ચેતનસ્વરૂપ આત્માને બીજા બધા પરદ્રવ્યોથી જુદાપણું, અને સ્વધર્મથી તન્મયપણું–એવું એકપણું છે; એકપણામાં અન્યના સંસર્ગનો અભાવ હોવાથી શુદ્ધપણું છે; અને શુદ્ધપણું સ્વતઃ સિદ્ધ હોવાથી તે જ ધ્રુવ છે.–હે જીવ! આવા તારા આત્માને નક્કી કરીને પર્યાયને એની અંદર પહોંચાડીને એના ભેટા કર!–ત્યારે તને તારો પરમઆનંદનો નાથ પરમાત્મા મળશે. બીજા અધ્રુવ પદાર્થોથી તારે શું પ્રયોજન છે? પંચપરમેષ્ઠી ભગવંતો પોતે મહાન છે,–વીતરાગ છે, તોપણ આ આત્માને માટે તેઓ ધ્રુવ નથી; તેઓ આ આત્માથી જુદા છે, તેમના આશ્રયે તો શુભરાગ થશે. આ આત્માને માટે તો પોતાનો જ્ઞાનસ્વરૂપ આત્મા જ ધ્રુવ છે; તેથી તે જ ઉપલબ્ધ કરવા યોગ્ય છે.

## (૩) આત્મા અતીન્દ્રિય મહા પદાર્થ છે; તેને ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યથી વિભાગ છે, અને તેના જ્ઞાનસ્વરૂપ સ્વધર્મથી અવિભાગ છે, તેથી તેને એકપણું છે.

જેણે ધ્રુવપણે પોતાના શુદ્ધઆત્માને ઉપલબ્ધ કર્યો છે–એવો ધર્મીજીવ જાણે છે કે –મારો આત્મા, જે પ્રતિનિશ્ચિત સ્પર્શ–રસ–ગંધ–વર્ણરૂપ ગુણો અને શબ્દરૂપ પર્યાયોને ગ્રહણ કરનારી અનેક ઇન્દ્રિયો, તેમને અતિક્રમીને એટલે કે ઇન્દ્રિયોનું અવલંબન છોડીને, અતીન્દ્રિય જ્ઞાનવડે જાણનારો મહાન પદાર્થ છે. હું અતીન્દ્રિય

જ્ઞાનવડે જાણનારો એક સત્ મહાન પદાર્થ છું. અથવા મોક્ષરૂપ મહાન પુરુષાર્થનો સાધક હોવાથી આત્મા મહાન છે. ઇન્દ્રિયોને અવલંબીને એકેક વિષયને જાણે એવો તુચ્છ આત્મા નથી; આત્મા તો અતીન્દ્રિયપણે એકસાથે સર્વે જ્ઞેયોને જાણી લ્યે એવો મહાન પદાર્થ છે. આવા મારા આત્માને ઇન્દ્રિયાત્મક પરદ્રવ્યોથી ભિન્નતા છે, અને તે સ્પર્શાદિને જાણનારી જ્ઞાનપર્યાયરૂપ સ્વધર્મોથી અભિન્નતા છે, તેથી એકપણું છે.

જુઓ, આ જ્ઞાનનો ને પરજ્ઞેયનો વિભાગ! જ્ઞાનધર્મ તો પોતાનો છે. તે જ્ઞાનમાં પરના સંપર્કનો અભાવ છે એટલે શુદ્ધતા છે. પરને જાણવું તે કાંઈ અશુદ્ધતા નથી. પણ પરનો આશ્રય કરવા જતાં રાગ–દ્વેષ–મોહ થાય છે તે અશુદ્ધતા છે. માટે, અશુદ્ધતાના કારણ એવા પરદ્રવ્યના સંસર્ગથી આત્મા જુદો છે, ને જ્ઞાનાદિક પોતાના સ્વભાવધર્મો તેનાથી આત્મા અવિભક્ત છે.–આવા આત્માને જાણીને તેને જ ધ્રુવપણે ઉપલબ્ધ કરવો એટલે શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લેવો, તે મોક્ષમાર્ગ છે.

**(૪) ક્ષણવિનાશરૂપે પ્રવર્તતા જ્ઞેયપર્યાયોને ગ્રહવા–મુકવાનો અભાવ છે તેથી આત્મા પોતે પોતાના જ્ઞાનસ્વરૂપથી અચળ છે; આવા આત્માને જ્ઞેયપર્યાયોસ્વરૂપ પરદ્રવ્યોથી ભિન્નતા છે, અને તેને જાણનારા જ્ઞાનપર્યાયસ્વરૂપ સ્વધર્મોથી અભિન્નતા છે–તેથી તેને એકપણું છે.**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે સ્વ–પરને જાણે તેવી તેની શક્તિ છે. જ્ઞાન પરને જાણે ત્યાં, પરને જાણનારી જે જ્ઞાનપર્યાય છે તે કાંઈ પરની નથી, તે પોતાની છે, આત્માથી તે જુદી નથી પણ આત્મા સાથે તન્મય છે, ને પરજ્ઞેયથી ભિન્ન છે.–આવું એકત્વ–વિભક્તપણું તે આત્માને શુદ્ધતાનું કારણ છે. ને એવો શુદ્ધઆત્મા જ આત્માને માટે સદા ધ્રુવ હોવાથી તે ઉપલબ્ધ કરવા યોગ્ય છે.–આ પ્રકારે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી જ મોહનો ક્ષય થઈને અક્ષયસુખરૂપ પરમાત્મદશા પ્રગટે છે.

આત્માનું જ્ઞાન પરને જાણે, ત્યાં જ્ઞાન કાંઈ પરનું નથી, જ્ઞાન તો આત્માનું જ છે. આ રીતે પરથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા એક છે. અહીં જ્ઞાનપર્યાયને આત્માથી અભિન્ન કહીને આત્માનું એકપણું કહ્યું છે. આવા એકત્વમાં પરદ્રવ્યના પ્રતિબંધનો અભાવ હોવાથી શુદ્ધપણું છે. પરજ્ઞેયપદાર્થો અનિત્ય હો કે નિત્ય હો–આ આત્માને માટે તો તે અધ્રુવ જ છે, ને તેનો આશ્રય આત્માને અશુદ્ધતાનું જ કારણ થાય છે. માટે શુદ્ધઆત્માને જેઓ ઉપલબ્ધ કરવા માંગતા હોય એટલે કે શુદ્ધ આત્માનો

અનુભવ કરવા ચાહતા હોય તેમણે પરથી ભિન્ન ને સ્વધર્મોથી અભિન્ન એવા એક આત્માને દેખવો.–એ એકપણામાં જ શુદ્ધપણું છે.

**(૫) નિત્યરૂપે પ્રવર્તતાં જે જ્ઞેય દ્રવ્યો, તેમનું આલંબન જ્ઞાનમાં નથી; આવા નિરાલંબી જ્ઞાનસ્વરૂપ આત્માને જ્ઞેય-પરદ્રવ્યોથી વિભાગ છે, અને તન્નિમિત્તક જ્ઞાનસ્વરૂપ સ્વધર્મોથી અવિભાગ છે; તેથી તેને એકપણું છે.**

જુઓ, આ શુદ્ધાત્માના એકત્વનું અલૌકિક વર્ણન! ચોથાબોલમાં ક્ષણિક એવા પરદ્રવ્યોથી ભિન્નતા બતાવી; ને આ બોલમાં નિત્ય ટકતા પરદ્રવ્યોથી પણ ભિન્નતા બતાવે છે. પરજ્ઞેયો ભલે નિત્ય હોય–તોપણ મને તેમનું આલંબન નથી, ને તે જ્ઞેયો સાથે મારા જ્ઞાનને તન્મયતા નથી. મારા જ્ઞાનધર્મને મારા આત્માની સાથે તન્મયતા છે, માટે મારું એકપણું છે. આમ એકપણાને લીધે શુદ્ધ છું, ને શુદ્ધ હોવાથી ધ્રુવ છું.–આવો મારો ધ્રુવઆત્મા તે જ મને આલંબનરૂપ–ધ્યેયરૂપ–આશ્રયરૂપ છે. –એમ ધર્મી અનુભવે છે.

પરદ્રવ્યો કોઈ મારાં નથી, પણ તેમને જાણનારું જ્ઞાન તો મારું છે. મારી જ્ઞાનપર્યાય મારાથી જુદી નથી. પરવસ્તુ નિત્ય હો કે અનિત્ય, તે મારે માટે સંયોગ–રૂપ છે, તેથી અધ્રુવ છે, તે મારા સ્વભાવરૂપ નથી, તેનું આલંબન મને નથી; મારામાં તેનો અભાવ છે. તે પદાર્થ સંબંધી મારું જે જ્ઞાન છે તે જ્ઞાનપર્યાયરૂપ સ્વધર્મથી હું અભિન્ન છું. આ રીતે પરજ્ઞેયોથી વિભાગ, ને પોતાના આત્માથી અવિભાગ–એવો એકત્વરૂપ શુદ્ધ આત્મા છે તે જ મારે માટે ધ્રુવ છે, તે કોઈથી કરાયેલો નથી, સ્વતઃ સિદ્ધ સત્ છે; આવા ધ્રુવઆત્માને દ્રષ્ટિમાં લઈને આચાર્યદેવ કહે છે કે –'.... मन्येऽहं आत्मकं शुद्धम्'

આત્માના બધા સ્વધર્મને પરથી અત્યંત વિભાગ છે, ને આત્માથી અવિભાગપણું છે, તેથી આત્મા પોતાના એકત્વમાં રહ્યો છે; એકત્વમાં અશુદ્ધતાના કારણરૂપ પરદ્રવ્યનું આલંબન નથી, તેથી એકત્વ તે શુદ્ધ છે; ને શુદ્ધપણાને લીધે આત્મા પોતે પોતાને માટે ધ્રુવ છે. આવો ધ્રુવ આત્મા આલંબન કરવા જેવો છે. શુદ્ધનય માત્ર આવા શુદ્ધ-ધ્રુવ આત્માના નિરૂપણસ્વરૂપ છે–એટલે કે અનુભવસ્વરૂપ છે. ધ્રુવપણાને લીધે શ્રદ્ધા–જ્ઞાનપર્યાયમાં તે જ પ્રાપ્ત કરવા જેવો છે, પ્રસિદ્ધ કરવા જેવો છે, ધ્યાવવા જેવો છે.–તે સર્વ પ્રકારે ઉપાદેય છે. પર્યાયને આવા આત્મામાં તન્મય

કરીને ધ્યાવવો તે ધ્રુવધ્યેયનું ધ્યાન છે. ધર્મીજીવોએ પોતાની પર્યાયમાં આવો ધ્રુવ આત્મા ઉપલબ્ધ કર્યો છે; ને જેણે ધર્મી થવું હોય તેણે પણ પર્યાયને અંતર્મુખ કરીને પોતાના આવા ધ્રુવઆત્માને ઉપલબ્ધ કરવો–અનુભવમાં લેવો.–આ જ જૈન શાસન છે; સ્વસન્મુખ થઈને જે શુદ્ધોપયોગે અખંડ આત્માને સ્વધ્યેયમાં લીધો, તે શુદ્ધોપયોગમાં આખું જૈનશાસન આવી ગયું.

“આ રીતે આત્મા શુદ્ધ છે, કારણકે ચિન્માત્ર શુદ્ધનય માત્ર તેટલા જ નિરૂપણસ્વરૂપ છે. અને આ એક શુદ્ધઆત્મા જ ધ્રુવપણાને લીધે ઉપલબ્ધ કરવા યોગ્ય છે.” અન્ય પદાર્થો તો, રસ્તે ચાલતા મુસાફરને વચ્ચે આવતા વૃક્ષોની છાયાના સંગ જેવા અધ્રુવ છે; તે પદાર્થો સંયોગી છે, અને તેમનો સંયોગ ક્ષણ–ભંગુર–અધ્રુવ છે; તેનાથી આત્માને કાંઈ પ્રયોજન નથી. સંયોગથી ભિન્ન ને સ્વભાવધર્મોથી અભિન્ન એવો પોતાનો આત્મા જ પોતાને માટે ધ્રુવ છે, તેને ઉપલબ્ધ કરવો એટલે કે અનુભવમાં લેવો તે જ પ્રયોજન છે.

પરપદાર્થોનો સંયોગ તો રસ્તાના ઝાડની છાયા જેવો છે, તે કાંઈ મુસાફરની સાથે નથી રહેતો; તેનાથી આત્માને શું પ્રયોજન છે? તેનાથી ભિન્નતા જાણીને, સ્વમાં એકત્વ કરતાં શુદ્ધતા પ્રગટી. અહો, પરથી ભિન્ન ને સ્વથી અભિન્ન (એવા એકત્વ–વિભક્ત) આત્માની વાત જીવને સાંભળવા મળવી પણ દુર્લભ છે. ‘પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના.’ (સ. ગા. ૪) તેથી આચાર્યદેવ કહે છે કે હું મારા આત્માના સમસ્ત વૈભવથી એકત્વ–વિભક્ત આત્મા દેખાડું છું. (સ. ગા. ૫) ત્યાં ‘દર્શાવું છું’ એમ કહ્યું, ને અહીં એવા આત્માને ‘હું માનું છું’ એમ કહ્યું છે; તે સ્વભાવઆશ્રિત થયેલી શુદ્ધપર્યાય છે. અહો, આત્મા અચિંત્ય અદ્ભુત આશ્ચર્યકારી મહાપદાર્થ છે. આવો મહાપદાર્થ પોતે સ્વસન્મુખ થઈને મોક્ષરૂપ મહાન પુરૂષાર્થને સાધે છે, તેથી તે મહાન અર્થ છે, મોક્ષસ્વરૂપ છે, તેની સન્મુખ થઈને વ્યક્તિરૂપ મોક્ષને સાધે છે. સ્વસન્મુખ થઈને આવા આત્માને માનવો, તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે. શુદ્ધ આત્માની ઉપલબ્ધિ કહો કે મોક્ષનો માર્ગ કહો.

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સ્વધર્મ છે, તેમાં પરદ્રવ્યના સંપર્કનો અભાવ છે, ને શુદ્ધઆત્માનો જ આશ્રય છે. આત્માના આશ્રયે પ્રગટેલા તે ધર્મોથી આત્માને અવિભાગ છે; પરદ્રવ્યોથી વિભાગ અને સ્વધર્મોથી અવિભાગ–આવા સ્વભાવને લીધે આત્મા એક છે; એક હોવાથી શુદ્ધ છે, ને શુદ્ધ હોવાથી ધ્રુવ છે; તેથી તે જ આશ્રય કરવા યોગ્ય છે. તેનો આશ્રય કરતાં ધ્રુવનું ધન પર્યાયમાં પ્રાપ્ત થાય છે. આ સિવાય

લક્ષ્મી–શરીર–સુખ–દુઃખ–શત્રુ–મિત્રજનો એ કોઈ પણ સંયોગ જીવને ધ્રુવરૂપ નથી, શરણરૂપ નથી, આશ્રયરૂપ નથી; ઊલટું તે તો આત્માને અશુદ્ધતાનું કારણ છે; આત્માથી તેનો વિભાગ છે.–એટલે ઉપયોગસ્વરૂપ પોતાના આત્મા સિવાય, બીજું બધું અધ્રુવ છે, અને અધ્રુવપણાને લીધે તે કાંઈ ઉપલબ્ધ કરવા યોગ્ય નથી; એમ ગાથા ૧૯૩ માં કહે છે–

**લક્ષ્મી, શરીર, સુખ-દુઃખ અથવા શત્રુ-મિત્ર જનો અરે!**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે.**

આ આત્માને, ઉપયોગસ્વરૂપ પોતાનો આત્મા જ ધ્રુવ છે; એ સિવાયનાં કોઈ પરદ્રવ્ય દેહ–ધન સુખ–દુઃખ કે શત્રુ–મિત્ર જનો, તે આ જીવને માટે ધ્રુવ નથી. 'મિત્રજનો' માં પંચપરમેષ્ઠીભગવંતો પણ આવી જાય; તેઓ આ આત્માથી ભિન્ન પરદ્રવ્ય છે; એટલે આ આત્માના ધર્મો તે પરદ્રવ્યના આશ્રયે નથી; માટે પરદ્રવ્યનો આશ્રય કરવા જતાં આત્માને અશુદ્ધતા થાય છે. આ રીતે કોઈપણ પરદ્રવ્યનો સંયોગ આત્માને માટે ધ્રુવ નથી. પોતાનો ઉપયોગસ્વરૂપ શુદ્ધઆત્મા જ ધ્રુવ છે, તે જ સ્વધર્મોનો આધાર છે, તેના જ આશ્રયે શુદ્ધતા થાય છે.–આમ જાણીને ધર્મીજીવ કહે છે કે ધ્રુવ એવા મારા શુદ્ધ આત્માને જ હું ઉપલબ્ધ કરું છું; શરીરાદિ પરદ્રવ્યો ઉપલબ્ધ હોવા છતાં (એટલે કે સંયોગરૂપે વિદ્યમાન હોવા છતાં) તેમને હું મારાપણે ઉપલબ્ધ કરતો નથી, મારાથી જુદા જ જાણું છું. સર્વ પરદ્રવ્યના સંબંધ વગરનો જે ઉપયોગસ્વરૂપ શુદ્ધઆત્મા, તેને જ મારા સ્વદ્રવ્યરૂપે ધ્રુવપણે ઉપલબ્ધ કરું છું. 'मन्येहं'–આવા ઉપયોગસ્વરૂપ આત્માને જ હું મારા સ્વદ્રવ્યપણે માનું છું, ઉપલબ્ધ કરું છું, અનુભવમાં લઉં છું. આવા આત્માની ઉપલબ્ધિ વડે મોહનો ક્ષય થઈને પરમાત્મપદ પ્રગટે છે.

* પરથી ભિન્ન ને જ્ઞાનપર્યાયરૂપ સ્વધર્મોથી અભિન્ન એવા શુદ્ધ આત્માની ધ્રુવતા ૧૯૨ મી ગાથામાં બતાવી;

* લક્ષ્મી–શરીર, સુખ–દુઃખ, શત્રુ–મિત્ર વગેરે સંયોગોને (ગા. ૧૯૩ માં) અધ્રુવ બતાવ્યા.

* –આમ જાણીને ધર્મીજીવ પોતાની પર્યાયને અંતર્મુખ કરીને ધ્રુવમાં વાળે છે, ને પર્યાયમાં ધ્રુવને પ્રાપ્ત કરે છે.–આ જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે.

* ધ્રુવ ચૈતન્યતત્ત્વ સ્વધર્મથી અભિન્ન છે. પરદ્રવ્યોથી તે ભિન્ન છે પણ પરને જાણનારી જે જ્ઞાનપર્યાય વગેરે સ્વધર્મો તેનાથી તો અભિન્ન છે,–એવા ધ્રુવતત્ત્વને ધર્મીજીવ અંતરમાં દેખે છે; તે ધ્રુવને ધ્યાવે છે; તેને પર્યાયમાં પણ શુદ્ધતા થઈ જાય છે. તેણે શુદ્ધાત્માને ઉપલબ્ધ કર્યો. આવો આત્મા તે ધ્યાનનું ધ્યેય છે, તે જ્ઞાતાનું સ્વજ્ઞેય છે ને તે દ્રષ્ટિનો વિષય છે.

* પરદ્રવ્યના સંસર્ગથી અશુદ્ધતા છે; સ્વદ્રવ્યમાં એકાગ્રતાથી શુદ્ધતા થાય છે. –આવો સ્વપરનો વિભાગ જિનવચન બતાવે છે; તે જિનવાણી પરમ ઉપકારી છે. ધ્રુવના ધ્યાનમાં અતીન્દ્રિયઆનંદનું વેદન છે. જ્યાં અતીન્દ્રિયઆનંદ નથી ત્યાં ધ્યાન પણ નથી.

ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્ત સત્ છે; તેના ઉત્પાદ–વ્યયમાં ધ્રુવની પ્રાપ્તિ થાય છે, તેમાં પરદ્રવ્યની પ્રાપ્તિ નથી થતી. જ્ઞાનના ઉત્પાદ–વ્યય તે સ્વધર્મ છે, તેનાથી આત્માને અભિન્નતા હોવાથી એકતા છે, એકતા હોવાથી શુદ્ધતા છે, ને શુદ્ધતાને લીધે ધ્રુવતા છે. ધ્રુવ હોવાથી ઉપલબ્ધ કરવા યોગ્ય છે. ઉત્પાદ–વ્યય પર્યાય પરથી ખસીને સ્વમાં અંતર્મુખ થઈને આવા ધ્રુવઆત્માને પોતામાં ઉપલબ્ધ કરે છે.

**“પરથી ખસ, સ્વમાં વસ.....એ જ છે સમયસારનો કસ.”**

પરથી વિભક્ત, અને સ્વધર્મોથી અવિભક્ત,–એવા ધ્રુવ આત્માના ધ્યાનથી, તેના આશ્રયે જે પરમ આનંદમય સુખના અનુભવરૂપ મોક્ષમાર્ગ પ્રગટયો, તેને શુદ્ધઉપયોગરૂપ ધ્યાન પણ કહેવાય, અને તેને જ ધ્યેયરૂપ પરમ પારિણામિકભાવ પણ કહેવાય.–એમ એકાર્થવાચક ઘણાં નામોથી તેનું વર્ણન દ્રવ્યસંગ્રહની ૫૬ મી ગાથામાં કર્યું છે. વસ્તુસ્વરૂપ સમજીને કોઈ પણ નામથી તેને ઓળખાય–તેમાં ધર્મી મુંઝાતા નથી. શાસ્ત્રોમાં નયોની ઘણી વિવક્ષાઓ હોય છે. ઇન્દ્રજાળ જેવા તે નયોમાં ધર્મી જીવ મુંઝાતા નથી; નિર્વિકલ્પ અનુભૂતિમાં ધ્રુવજ્ઞાયકભાવને પકડતાં તે બધી ઇન્દ્રજાળ સંકેલાઈ જાય છે એટલે કે નયપક્ષના વિકલ્પો દૂર થઈ જાય છે, પરમ ચૈતન્યતત્ત્વ જ સ્ફુરાયમાન થાય છે. આવી અનુભૂતિ તે જ મહાવીરભગવાનનો માર્ગ છે. મહાવીર–ભગવાનના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવના આ મંગલવર્ષમાં વીરમાર્ગની ખૂબ પ્રસિદ્ધિ હો!

–જય મહાવીર.

# ∗ વીરનિર્વાણમહોત્સવમાં વીર બાળકોનો ઉત્સાહ ∗

અઢીહજારવર્ષીય વીરનિર્વાણમહોત્સવમાં વીરબાળકો તરફથી જે અઢીહજાર પૈસા (પચ્ચીસ રૂપિયા) બાલવિભાગમાં આવેલ છે તેની યાદ–


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૮૬. | સુધીરકુમાર માણેકલાલ તલાટી | મુંબઈ | ૬૯૭. | રાજમતીમાળા | મુડબિદરી |
| ૬૮૭. | વિદેહી માણેકલાલ તલાટી | મુંબઈ | ૬૯૮. | સવિતાબેન નૌત્તમલાલ | રાજકોટ |
| ૬૮૮. | સુખલાલ સુધીરકુમાર | સાગર | ૬૯૯. | હસમુખલાલ મગનલાલ પારેખ | મણીપુર |
| ૬૮૯. | મગનલાલજી જૈન | બીના | ૭૦૦. | છગનલાલ મોનજી દેસાઈ | સોનગઢ |
| ૬૯૦. | ભાતલાલ મુલાજી શાહ | શીઆના | ૭૦૧. | પી. આર. શાહ | અમેરીકા |
| ૬૯૧. | ભીખાલાલ વર્ધમાન | મલાડ | ૭૦૨. | આનંદકુમાર બોખરા | ઉજ્જૈન |
| ૬૯૨. | કુ. રમીલાબેન બટુકલાલ જૈન | રાજકોટ | ૭૦૩. | પુષ્પાદેવી | ,, |
| ૬૯૩. | નરોત્તમદાસ ચુનીલાલ | કલકત્તા | ૭૦૪. | આલોકકુમાર | ,, |
| ૬૯૪. | ખીમચંદ સુખલાલ કામદાર | બોટાદ | ૭૦૫. | પ્રવિણાબેન | ,, |
| ૬૯૫. | ચંપક તથા રાજુ | ઉમરાળા | ૭૦૬.. | કુમારપાલ કાંતીલાલ શાહ | મુલુન્ડ |
| ૬૯૬. | કમલેશ શિવલાલ દેસાઈ | કલકત્તા | ૭૦૭. | સરોજલત્તા જૈન | દિલ્હી |

(તા. ૧૫–૧૦–૭૫ સુધી)

# ∗ આત્મધર્મ-પ્રચાર તથા બાલવિભાગ ખાતે આવેલ રકમોની યાદી ∗

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧. | ચીમનલાલ છોટાલાલ | સોનગઢ | ૫૧. | કંચનબાઈ શાંતિલાલ અજમેરા | ઇન્દોર |
| ૧૦૧. | સ્વ. વાડીલાલ જાદવજી | કલકત્તા | ૮૬. | ત્રીલોકચંદ પંડયા | ખાસપેટીયા |
| ૧૧. | સોમાબાઈ | સાગર | ૨૧. | છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ |
| ૫૧. | દીપેન આશિષ ગાંધી | સોનગઢ | ૨૧. | કવરચંદ ખેમરાજ | ખેરાગઢ |
| ૨૧. | હર્ષાબેન હસમુખલાલ ધોળકીયા | ગોરેગાંવ | ૨૧. | નવલબેન ચત્રભુજ કોઠારી | અમરાવતી |
| ૪૬૨. | દિગમ્બર જૈન મુમુક્ષુમંડળ | ચોટીલા | ૪૦૧. | લાલ મનુમલ જવેલચંદ | દિલ્હી |
| ૨૦૧. | વીણા અશ્વિનચંદ્ર જવેરી | સુરત | ૩૧. | અમરચંદ ન્યાલચંદ | વાંકાનેર |

(તા. ૧૫–૧૦–૭૫ સુધી)




બાળકો, તમારા માટે એક સુંદર લેખનમાળા તૈયાર થાય છે. તેના ચાર પાઠનો નમૂનો અહીં આપ્યો છે. તમે તે ચાર પાઠ રંગ-બેરંગી પેન્સીલથી લખો, અને તેમાં રંગ પૂરો, તમને ખૂબ મજા આવશે. અને પછી શું કરવું ? તે પાછળ વાંચો

સચિત્ર જૈન લેખનમાળા ॥ લેખન ત્રીજું ॥

**અરિહંતને ઓળખે તે અરિહંત થાય.**

અ........................................

અ........................................

**અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય.**

અ........................................

અ........................................

**મારે આત્મા ઓળખવો છે.**

મારે........................................

સચિત્ર જૈન લેખનમાળા ॥ લેખન ચોથુ ॥

**અરિહંત ભગવાનને પૂરું જ્ઞાન છે.**

અ........................................

અ........................................

**અરિહંત ભગવાનને રાગ-દ્વેષ મોહ નથી.**

અ........................................

અ........................................

**એવા અરિહંતોને નમસ્કાર હો.**

એ........................................

૨૪ પાઠની આવી સુંદર લેખનમાળાનું પુસ્તક તમારે ભેટ મેળવવું હોય તો, તમારું પૂરું નામ-સરનામું-ગામ લખીને 'આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦ એ સરનામે' કારતક સુદ પૂનમ સુધીમાં મોકલો....અને એક માસની અંદર તમને ઘેર બેઠાં તે પુસ્તક મળી જશે.

# * અધ્યાત્મરસ–ઘોલન *

## ( ભવિકજનોને આનંદજનની વૈરાગ્ય–અનુપ્રેક્ષા )

### ( ૯ ) નિર્જરા–અનુપ્રેક્ષા

આ અધિકારમાં તેર ગાથાદ્વારા નિર્જરાના સ્થાનો તથા તેના ઉપાય બતાવ્યા છે. સમ્યક્ત્વસન્મુખ જીવને ( ત્રણ કરણમાં ) નિર્જરાનું પહેલું સ્થાન શરૂ થાય છે, ત્યાંથી શરૂ કરીને ઠેઠ અયોગી ગુણસ્થાન સુધી ઉત્તરોત્તર નિર્જરા વધતી જાય છે. સમ્યક્ત્વ વગરના જીવને મોક્ષના હેતુરૂપ નિર્જરા હોતી નથી. સમ્યક્ત્વસહિતનું ઉત્તમ ચારિત્ર તે નિર્જરાનો વિશેષ હેતુ છે.

૧૦૨. નિદાનરહિત, તથા અહંકારરહિત એવા જ્ઞાનીને બારપ્રકારનાં તપથી તથા વૈરાગ્યભાવનાથી નિર્જરા થાય છે.

૧૦૩. બધાં કર્મોની શક્તિનો વિપાક થવો તે અનુભાગ છે; ત્યારપછી તે કર્મોનું ખરી જવું તે નિર્જરા છે.

૧૦૪. તે નિર્જરા બે પ્રકારની છે–એક તો સ્વકાળ અનુસાર થતી નિર્જરા; અને બીજી તપ દ્વારા કરવામાં આવતી નિર્જરા. તેમાં પહેલી સ્વકાલપ્રાપ્ત નિર્જરા તો ચારેગતિના બધા જીવોને હોય છે, અને બીજી નિર્જરા વ્રતસહિત જીવોને હોય છે.

૧૦૫. સાધુઓને જેમ જેમ ઉપશમભાવની તથા તપની વૃદ્ધિ થાય છે તેમ તેમ નિર્જરાની વૃદ્ધિ થાય છે, અને ધર્મશુક્લધ્યાનવડે તેની વિશેષ વૃદ્ધિ થાય છે.

૧૦૬–૧૦૮ ( ત્રણગાથા દ્વારા નિર્જરાની વૃદ્ધિનાં સ્થાનો કહે છે– )

* ત્રણકરણવર્તી સાતિશય મિથ્યાદ્રષ્ટિ કરતાં સમ્યગ્દ્રષ્ટિને અસંખ્યાત ગુણી નિર્જરા થાય છે.
* તેનાથી અસંખ્યગુણી નિર્જરા અણુવ્રતધારીને થાય છે.
* મહાવ્રતીને તેનાથી અસંખ્યાતગુણી થાય છે.

* અનંતાનુબંધી કષાયના વિસંયોજકને તેનાથી અસંખ્યગુણી થાય છે.
* દર્શનમોહની ત્રણપ્રકૃતિનો ક્ષય કરનારને તેનાથી અસંખ્યગુણી થાય છે.
* ઉપશમશ્રેણીમાં આરૂઢ ચારગુણસ્થાનોમાં અનુક્રમે તેનાથી અસંખ્યગુણી નિર્જરા થાય છે.
* ક્ષપકશ્રેણીમાં આરૂઢ જીવને, ક્ષીણમોહને, સજોગી નાથ એવા કેવળી ભગવાનને તથા અયોગીભગવાનને અનુક્રમે અસંખ્ય–અસંખ્યગુણી નિર્જરા થાય છે.

૧૦૯. કષાયરૂપી શત્રુને જીતીને જે જીવ, દુર્વચનો, સાધર્મીદ્વારા થતી અવહેલના તથા બીજા ઉપસર્ગોને સહન કરે છે તેને વિપુલ નિર્જરા થાય છે.

૧૧૦. તીવ્ર ઉપસર્ગ કે પરીસહ આવતાં, ‘આ મારાં પાપકર્મોનું જ ફળ છે–કે જે મેં જ પૂર્વે બાંધ્યાં હતાં’ એમ વિચારીને જે જીવ તેને ઋણથી છૂટવા સમાન સમજીને ધૈર્યપૂર્વક સહે છે તેને ઘણી નિર્જરા થાય છે.

૧૧૧. શરીર તો મમત્વજનક વિનશ્વર અને અશુચીરૂપ છે, તથા દર્શન–જ્ઞાન –ચારિત્ર તે શુભજનક નિર્મળ અને નિત્ય છે,–એમ જે ચિંતવે છે તેને ઘણી નિર્જરા થાય છે.

૧૧૨. જે પોતાના દોષોને નિંદે છે ને ગુણવંતોનું બહુમાન કરે છે, તથા સ્વરૂપમાં પરાયણ થઈને મન–ઇન્દ્રિયોને જીતે છે તેને ઘણી નિર્જરા થાય છે.

૧૧૩–૧૧૪. જે જીવ સમભાવરૂપ સુખમાં લીન થઈને વારંવાર આત્માને અનુસરે છે–ચિન્તવે છે અને જે ઇન્દ્રિયને તથા કષાયને જીતનાર છે, તેને પરમ નિર્જરા થાય છે; તેનો જન્મ સફળ છે. તેને પાપની નિર્જરા થાય છે, પુણ્યની વૃદ્ધિ થાય છે, અને તેને પરમ સુખ થાય છે.

પૂર્વે બાંધ્યા કર્મ જે ખરે તપોબલ પાય;
નિર્જરા કહેવાય તે, ધારે તે શિવ જાય.

(નવમી નિર્જરા અનુપ્રેક્ષા પૂરી થઈ.)

**કર્મોતણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો;**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું.**

–ભગવત્ કુંદકુંદદેવ.

## ( ૧૦. લોક-અનુપ્રેક્ષા )

આ અધિકારમાં ૧૬૯ ગાથાઓ છે. લોકસ્વભાવનું વર્ણન કરીને અંતમાં કહેશે કે-આવા લોકસ્વભાવને જે ઉપશમભાવરૂપ થઈને જાણે છે તે તેનો જ શિખામણિ થાય છે. લોકના બધા દ્રવ્યોનું વર્ણન કરીને તેના સારભૂત સરસ વાત કરતાં. ગા. ૨૦૪ માં મુનિરાજ કહે છે કે-સર્વે દ્રવ્યોમાં ઉત્તમ જીવદ્રવ્ય છે, તે ઉત્તમગુણોનું ધામ છે, તે બધા તત્ત્વોમાં પરમ તત્ત્વ છે,-એમ હે ભવ્ય! તું નિશ્ચયથી જાણ.

લોકનું ક્ષેત્રપ્રમાણ, લોકમાં રહેલા જીવો, તેની સંખ્યા-પ્રાણ વગેરે, દેહ અને આત્માની ભિન્નતા, બહિરાત્મા, અંતરાત્મા તથા પરમાત્મા, અનેકાન્તમય વસ્તુસ્વરૂપ, પ્રમાણ-નય વગેરેનું વર્ણન કરીને તત્ત્વની ભાવના કરવાનું કહ્યું છે, અને આ લોકસ્વરૂપની અનુપ્રેક્ષાનું ફળ લોકશિખામણિ એવા સિદ્ધપદની પ્રાપ્તિ કહ્યું છે.

૧૧૫. સર્વવ્યાપી અનંત આકાશ છે. તેના બહુ-મધ્યભાગમાં લોક સ્થિત છે; તે કોઈએ કરેલો નથી તેમ જ હરિ-હર ( શંકર-વિષ્ણુ ) વગેરે કોઈએ તેને ધારી રાખેલો નથી.

૧૧૬. એકક્ષેત્રાવગાહરૂપે અન્યોન્ય પ્રવેશથી જીવાદિ છ દ્રવ્યોનું જે અસ્તિત્વ છે તે લોક છે; દ્રવ્યોનું નિત્યત્વ હોવાથી લોકને પણ નિત્ય જાણો.

૧૧૭. દ્રવ્યો પરિણામ-સ્વભાવી છે, તેથી પ્રતિસમયે તેઓ પરિણમે છે; તેમના પરિણામથી લોકના પણ પરિણામ જાણો.

૧૧૮-૧૧૯. ચૌદરાજુ ઊંચો એવો આ લોક, પૂર્વ-પશ્ચિમદિશામાં નીચે મૂળમાં સાતરાજુ વિસ્તારવાળો છે, પછી ( અનુક્રમે ઘટતાં ) મધ્યભાગમાં એકરાજુ છે; ( પછી વધતાં ) ઉપર બ્રહ્મસ્વર્ગના અંતભાગમાં પાંચરાજુ છે; અને ( પછી ઘટતાં ) લોકાન્તે એક રાજુપ્રમાણ છે.

દક્ષિણ-ઉત્તરભાગમાં સર્વત્ર તેની પહોળાઈ સાતરાજુ છે. આ રીતે આખા લોકનો વિસ્તાર સાતરાજુ ઘનપ્રમાણ છે. ( ૭ × ૭ × ૭ = ૩૪૩ રાજુ પ્રમાણ લોક છે. એકેક રાજુ અસંખ્ય યોજન વિસ્તારનો હોય છે. )

૧૨૦. લોકની બરાબર મધ્યમાં મેરુપર્વત છે; તેની નીચેના સાતરાજુ તે અધોલોક છે, ઉપરનો ભાગ તે ઊર્ધ્વલોક છે; અને મેરુ જેટલી (એકલાખ યોજનની) ઊંચાઈવાળો મધ્યલોક છે.–એ પ્રમાણે લોકનો વિભાગ જાણવો.

(બરાબર લોકની વચ્ચે, એકલાખ યોજન ઊંચો શાશ્વત માપવાળો ને શાશ્વત સ્થાનવાળો મેરુ પર્વત છે. તેથી લોકની કોઈપણ વસ્તુનું માપ, ઊંચાઈ–નીચાઈ કે સમીપતા અથવા દૂરપણું બતાવવા મેરુપર્વત દ્વારા માપ કરવામાં આવે છે. ‘मेरु’ નો અર્થ ‘માપ કરનાર, એવો થાય છે.)

૧૨૧. જીવાદિક પદાર્થો જ્યાં દેખાય છે–અવલોકાય છે તેને સર્વજ્ઞદેવ લોક કહે છે. તે લોકના શિખરે અંત વગરના અનંત સિદ્ધભગવંતો વિરાજે છે–શોભે છે.

(વાહ! લોકમાં રહેલા જીવાદિ દ્રવ્યોનું વર્ણન કરતાં સૌથી પહેલાં લોકશિખરે શોભાયમાન એવાં મંગલરૂપ અનંત સિદ્ધભગવંતોને યાદ કર્યા.)

૧૨૨. પાંચ પ્રકારનાં એકેન્દ્રિય જીવોથી આ લોક સર્વત્ર ભરેલો છે; ત્રસનાડીમાં સર્વત્ર ત્રસજીવો છે, પરંતુ તેની બહાર ત્રસજીવો નથી.

૧૨૩. પર્યાપ્ત તથા અપર્યાપ્ત એ બંને પ્રકારનાં સ્થૂળ (–બાદર) જીવો બીજાના આધારે રહે છે; તથા છ પ્રકારનાં સૂક્ષ્મ જીવો (બીજાના આધાર વગર) લોકાકાશમાં સર્વત્ર વિદ્યમાન છે.

૧૨૪. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ એ ચાર તો બાદર પણ હોય છે ને સૂક્ષ્મ પણ હોય છે; તથા પાંચમા વનસ્પતિકાય જીવો સાધારણ તથા પ્રત્યેક–એમ બે પ્રકારનાં છે.

૧૨૫. સાધારણ–વનસ્પતિકાયજીવોને ‘નિગોદ’ કહેવાય છે, તે બે પ્રકારનાં છે –એક અનાદિકાલિન (અર્થાત્ નિત્ય નિગોદ,) અને બીજા સાદિ–કાલિન (અર્થાત્ ઇતરનિગોદ કે ચતુર્ગતિ નિગોદ) એ બંને પ્રકારનાં સાધારણ જીવો બાદર પણ છે ને સૂક્ષ્મ પણ છે. અને બાકીનાં જીવો (પ્રત્યેક વનસ્પતિ તેમજ ત્રસ)–એ બધાં બાદર જ છે.

૧૨૬. જે અનંત જીવોને આહાર, શ્વાસોશ્વાસ, શરીર અને આયુ ‘સાધારણ’ હોય છે તે સાધારણ–જીવો છે; અને તેમનું પ્રમાણ અનંતાનંત છે. (તે સાધારણ–વનસ્પતિરૂપ નિગોદમાં, એક જીવનું મરણ થતાં અનંત જીવોનું મરણ થાય છે, અને એક જીવ ઊપજતાં અનંત જીવો ઊપજે છે. –ગોમટ્ટસાર જી. ગા. ૧૯૩)

૧૨૭. પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુથી જે જીવોને પ્રતિઘાત નથી થતો તે જીવોને સૂક્ષ્મકાયિક જાણો, અને જે જીવોને પ્રતિઘાત થાય છે તેને સ્થૂળકાય (બાદર) જાણો.

૧૨૮. પ્રત્યેક વનસ્પતિજીવો બે પ્રકારનાં છે–૧ નિગોદસહિત તથા બીજા નિગોદરહિત; ત્રસજીવો પણ વિકલેન્દ્રિય અને સકલેન્દ્રિય એમ બે પ્રકારનાં છેઃ ૧– બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય તથા ચતુરીન્દ્રિય તે વિકલેન્દ્રિય છે, ને પંચેન્દ્રિ તે સકલેન્દ્રિય છે.

૧૨૯. પંચેન્દ્રિય–તિર્યંચો ત્રણ પ્રકારનાં છે–જલચર, સ્થળચર અને નભચર (આકાશગામી). તે ત્રણમાંથી પ્રત્યેક મનસહિત (સંજ્ઞી) અને મનરહિત (અસંજ્ઞી) એમ બે પ્રકારનાં છે.

૧૩૦. વળી ઉપરોક્ત છપ્રકારનાં તિર્યંચો પણ ગર્ભજ અને સંમૂર્છન–એમ બે પ્રકારનાં છે. ભોગભૂમિના તિર્યંચો ગર્ભજ હોય છે, તથા તેઓ સ્થળચર અથવા નભચર જ હોય છે; (જલચર નથી હોતાં;) અને સંજ્ઞી જ હોય છે.

૧૩૧. તિર્યંચના કુલ ભેદ ૮૫ છે.

ઉપરની ગાથામાં કહેલાં ૮ પ્રકારનાં ગર્ભજ જીવો પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ બે પ્રકારનાં છે; એટલે ગર્ભજનાં ૧૬ ભેદ થયા. અને સમ્મૂર્છનના ૨૩ ભેદ છે તે દરેકના પર્યાપ્ત, અપર્યાપ્ત અને લબ્ધિ–અપર્યાપ્ત એવા ત્રણ ત્રણ ભેદથી ૬૯ ભેદ થયા. (૧૬ + ૬૯ = ૮૫)

૧૩૨. આર્યખંડમાં, મ્લેચ્છખંડમાં, ભોગભૂમિમાં તથા કુભોગભૂમિમાં જે મનુષ્યો છે તે બે પ્રકારનાં છે–નિવૃત્તિ–અપર્યાપ્ત તથા પૂર્ણ પર્યાપ્તિવાળા. (કુલ ૮ પ્રકાર થયા.)

૧૩૩. સંમૂર્છનમનુષ્ય નિયમથી આર્યખંડમાં જ હોય છે અને વળી લબ્ધિઅપર્યાપ્ત જ હોય છે. (આ રીતે ઉપરના ૮ તથા આ ૧ મળીને મનુષ્યના ૯ ભેદ થયા.)

નારકી તથા દેવો, પર્યાપ્ત અને નિવૃત્તિઅપર્યાપ્ત એમ બે પ્રકારનાં હોય છે (એટલે ૪ પ્રકાર તેમના થયા.)

(તિર્યંચના ૮૫, મનુષ્યના ૯ અને દેવ–નારકના ૪ એમ સંસારી જીવના ૯૮ જીવસમાસ થયા.)

૧૩૪–૧૩૫. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન–એના વ્યાપારમાં પરિણમવારૂપ જીવની છ શક્તિ છે.

તે શક્તિના કારણે જે પુદ્‌ગલસ્કંધોની રચના થાય છે તે પર્યાપ્તિ છે, તેના છ ભેદ જિનવરદેવે કહ્યા છે.

૧૩૬. પર્યાપ્ત જીવ પર્યાપ્તિઓને ગ્રહણ કરતો થકો જ્યાંસુધી મન–પર્યાપ્તિને પૂરી ન કરે ત્યા સુધી તે ‘નિર્વૃત્તિ – અપર્યાપ્ત’ છે, અને જ્યારે મનપર્યાપ્તિને પૂર્ણ કરે ત્યારે તેને પર્યાપ્ત કહે છે છે.

(અહીં છએ પર્યાપ્તિવાળા સંજ્ઞીપંચેન્દ્રિય જીવની અપેક્ષાએ વાત છે. નીચેના જીવોમાં યથાયોગ્ય પર્યાપ્તિની પૂર્ણતા સમજી લેવી.)

૧૩૭. એક શ્વાસના અઢારમા ભાગમાં જે મરી જાય છે અને એક પણ પર્યાપ્તિને પૂરી કરતો નથી તે જીવ લબ્ધિ – અપર્યાપ્તક છે.

૧૩૮. લબ્ધિ–અપર્યાપ્ત જીવને પર્યાપ્તિ હોતી નથી; પર્યાપ્ત જીવોમાં એકેન્દ્રિયને, વિકલેન્દ્રિયને તથા સંજ્ઞીજીવોને અનુક્રમે ચાર, પાંચ તથા છ પર્યાપ્તિ જાણો.

૧૩૯. મન – વચન – કાયા પાંચઇન્દ્રિય – શ્વાસોશ્વાસ અને આયુનો ઉદય એ દશ પ્રાણ છે – જેના સંયોગથી જીવ જન્મે છે અને જેના વિયોગે તેનું મરણ થાય છે.

૧૪૦. પર્યાપ્તજીવોમાં એકેન્દ્રિયજીવને ચાર, બેઇન્દ્રિયને છ, ત્રિઇન્દ્રિયને સાત, ચતુરિન્દ્રિયને આઠ, અસંજ્ઞીપંચેન્દ્રિયને નવ અને સંજ્ઞીને દશ પ્રાણ હોય છે.

૧૪૧. લબ્ધિ કે નિવૃત્તિ – એ બંને પ્રકારનાં અપર્યાપ્તજીવોમાં એકેન્દ્રિયને ત્રણ, બે ઇન્દ્રિયને ચાર, ત્રણેન્દ્રિયને, પાંચ, ચતુરિન્દ્રિયને છ, અને અસંજ્ઞી સંજ્ઞી બંને પંચેન્દ્રિયને સાત પ્રાણ જાણો.

૧૪૨. બે, ત્રણ અને ચાર ઇન્દ્રિયવાળા વિકલેન્દ્રિયજીવો નિયમથી કર્મભૂમિમાં, અંતિમ સ્વયંભૂરમણદ્વીપના અર્ધાભાગમાં તથા આખા સ્વયંભૂસમુદ્રમાં હોય છે.

૧૪૩. મનુષ્યક્ષેત્ર (અઢીદ્વીપ) ની બહારથી શરૂ કરીને ઠેઠ છેલ્લા દ્વીપના અર્ધાભાગ સુધીમાં સર્વત્ર તિર્યંચો છે અને તેઓ હેમવતક્ષેત્ર (જઘન્ય ભોગભૂમિ) ના તિર્યંચો જેવાં છે.

૧૪૪. જલચરજીવો લવણસમુદ્રમાં, કાલોદધિસમુદ્રમાં તથા અંતિમ સ્વયંભૂસમુદ્રમાં જ છે; બાકીનાં સમુદ્રોમાં જલચરજીવો હોતાં નથી – એ નિયમ છે.

૧૪૫. આ મધ્યલોકની રત્નપ્રભાપૃથ્વીના ખરભાગમાં તથા પંકભાગમાં ભવનવાસી દેવોનાં તથા વ્યંતરદેવોનાં ભવનો છે; તેમજ તિર્યક્‌લોક (–મધ્યલોક) માં પણ તે બંને પ્રકારનાં દેવોનાં નિવાસ છે.

૧૪૬. એક રાજુ વિસ્તારવાળા મધ્યલોકમાં ( –અસંખ્ય દ્વીપ – સમુદ્રની ઉપર ) જ્યોતિષી દેવોનાં વિમાન છે; ઉર્ધ્વલોકમાં કલ્પવાસી ( સ્વર્ગનાં ) દેવો છે; ને અધોલોકમાં નારકી જીવો છે.

૧૪૭. બાદર – પર્યાપ્ત અગ્નિકાયના જીવો ઘન–આવલીના અસંખ્યાતમા ભાગ જેટલા છે, અને તે વાયુકાયના જીવો લોકપ્રદેશપ્રમાણથી કિંચિત્ ન્યૂન છે.

૧૪૮. પૃથ્વીકાયિક, જલકાયિક, પ્રત્યેક વનસ્પતિ – સપ્રતિષ્ઠિત તેમજ અપ્રતિષ્ઠિત, તથા ત્રસ–એ બધા પર્યાપ્ત તેમજ અપર્યાપ્ત, તે દરેક જાતિના જીવો અસંખ્યાતી જગશ્રેણી – પ્રમાણ છે.

૧૪૯. ઉપર કહ્યા તે જીવોમાં લબ્ધિ – અપર્યાપ્ત બાદર જીવો પ્રત્યેક અસંખ્યાતાલોક પ્રમાણ છે; તથા લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મજીવો અને સૂક્ષ્મ – પર્યાપ્તજીવો અસંખ્યાત લોકપ્રમાણ કરતાં સંખ્યાતગુણા છે.

૧૫૦. સિદ્ધજીવો અનંતા છે; સિદ્ધ કરતાં અનંતગુણા નિગોદજીવો છે, અને સિદ્ધ કરતાં અનંતમા ભાગના અભવ્યજીવો છે.

૧૫૧. સમ્મૂર્છન – મનુષ્યો શ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે; અને ગર્ભજ મનુષ્યો માત્ર સંખ્યાતા જ છે, – એ નિયમ છે. ( ચાલુ )

---

## * આત્મધર્મનો પ્રચાર અને પ્રભાવના *

ભગવાન મહાવીરપ્રભુના અઢીહજાર નિર્વાણમહોત્સવ નિમિત્તે ‘આત્મધર્મ’ નો આ વિશેષાંક પ્રગટ થાય છે. અત્યાર સુધીના ૩ર વર્ષમાં પ્રગટ થયેલ અંકોમાં આ અંક સૌથી મોટો અને સૌથી સુંદર છે. આ વિશેષાંકના પ્રકાશનમાં નીચે મુજબ જે રકમો વધુ પાનાં માટે આવેલી – તેનો ઉપયોગ કરેલ છે, – તે માટે સૌને ધન્યવાદ !

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩૬. | કિશોરચંદ પ્રેમચંદ શાહ | નાઈરોબી | ૪૦૧. | ચંદ્રકાંતભાઈ જૈન | ભીલાઈ |
| ૨૩૬ | સુશીલાબેન કિશોરચંદ શાહ | નાઈરોબી | ૪૦૧. | પ્રેમીલાબેન જે. શાહ | સીકંદરાબાદ |
| ૨૩૬. | સુશીલાબેન પંકજ શાહ | નાઈરોબી | ૪૦૧. | દયાકુમારી પાનાચંદ કામદાર | બરોડા |
| ૪૦૧. | સુમેરચંદ નેમીચંદસા જૈન | મલકાપુર | ૪૦૦. | નેમચંદ મોતીલાલ જૈન | દિલ્હી |
| ૪૦૧. | વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી | મુંબઈ | ૪૬૨ | શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ | ચોટીલા |
| ૪૫૨ | સ્વ. ચંદુલાલ વીકમસી સંઘવી | રાજકોટ | ૪૦૧. | લાલ મનમુલ જ્વેલર્સ | દિલ્હી |
| ૨૦૧. | ચંદુલાલ મગનલાલ શાહ | કાંદિવલી | ૨૦૧. | વીણા અશ્વિનચંદ્ર ઝવેરી | સુરત |
| ૪૦૧. | કેશવલાલ વૃજલાલ કોઠારી | મોડાસા | | * | * |

# વિવિધ વચનામૃત, તત્ત્વચર્ચા

## વાંચકો સાથે વાતચીત અને વિવિધ સમાચાર

( સંકલન બ્ર. હ. જૈન )

## મોક્ષમાર્ગી જીવ કેવો હોય ?

મોક્ષમાર્ગી જીવ કેવો હોય ? તેના વર્ણનમાં પ્રવચનસાર ( ગા. ૨૪૦ માં ) આચાર્યદેવ કહે છે કે, અનેકાન્તકેતન આગમજ્ઞાનના બળથી જે પુરુષ, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું એટલે કે સર્વ જ્ઞેયોને જાણતું – એવું વિશદ – સ્પષ્ટ અતીન્દ્રિયજ્ઞાન જેનો આકાર છે એવા જ્ઞાનસ્વરૂપ આત્માને શ્રદ્ધે છે – જાણે છે – અનુભવે છે તેને જ સમ્યગ્દર્શન – જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ હોય છે. અહો, સ્વ–પરને જાણનારું અતીન્દ્રિયજ્ઞાન જેનો આકાર છે, તે જેનું સ્વરૂપ છે એવા આત્મતત્ત્વની શ્રદ્ધા તે તત્ત્વાર્થશ્રદ્ધા છે, તે સમ્યગ્દર્શન છે. આવી તત્ત્વાર્થ શ્રદ્ધાનવાળો જીવ સાતે તત્ત્વોને બરાબર જાણતો થકો, કદી સ્વચ્છંદી નહિ થાય; સ્વતત્ત્વના આશ્રયે તે મોક્ષને સાધશે. એકકોર કષાયસમૂહ ને એકકોર જ્ઞાનરસ, એ બંનેનું અન્યોન્ય મિલન હોવા છતાં, તે બંનેના અત્યંત સ્વભાવભેદને લીધે, કષાયોને પોતાથી ભિન્ન નક્કી કરીને, કુશળ મલ્લની જેમ એકદમ અક્રમે તે કષાયોનું મર્દન કરી નાંખે છે; વિશુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવમાં નિશ્ચળ થઈને કષાયોને નષ્ટ કરે છે, – એવા જીવને સંયતપણું એટલે કે સાધુપણું હોય છે, તે જ ધર્મ છે ને તે જ મોક્ષમાર્ગ છે. **

* અહો સર્વજ્ઞ ! એક સમયમાં આપે વસ્તુને ઉત્પાદ – વ્યય – ધ્રુવ એવા ત્રણ સ્વરૂપે દેખી, તે આપની સર્વજ્ઞતાનું લક્ષણ છે. એક સમયમાં એક જ વસ્તુનું ઉત્પાદ– વ્યય– ધ્રુવપણું સમજવું તે સર્વજ્ઞના અનેકાંતમાર્ગી જૈન સિવાય બીજા કોઈ સમજી શકે તેવું નથી. – આ જિનમાર્ગનું રહસ્ય છે. વસ્તુને કોઈ એકાન્ત નિત્ય માને, કોઈ એકાન્ત ક્ષણિક માને, પણ એકસાથે નિત્ય – અનિત્ય એવા બંને સ્વરૂપી એક વસ્તુને જૈનો જ દેખે છે. –એ જ અનેકાન્તરૂપ સમ્યક્માર્ગ છે.

* ધર્મીજીવ કોનો સ્વામી છે ?

પોતાના શુદ્ધદ્રવ્ય – શુદ્ધગુણ– શુદ્ધપર્યાયનો તે સ્વામી છે, ને તે તેનું ‘સ્વ’ છે. – તે સિવાય જેટલા રાગાદિ અશુદ્ધભવો બાકી છે તેને પણ પોતાની પર્યાયનો અપરાધ જાણીને ટાળવા માંગે છે. પરદ્રવ્યનું તો સ્વામીત્વ તેને કોઈ પ્રકારે નથી.

* આ સિદ્ધ.... આ સિદ્ધ... આ કેવળી... આ આનન્દરૂપ... આ પૂર્ણ સુખી વીતરાગી... એમ સર્વ પ્રકારે સિદ્ધના સ્વરૂપને લક્ષમાં લેતાં રાગનો કોઈ અંશ તો તેમાં આવતો નથી, એટલે તે પર્યાય રાગમાં ઊભી રહી શકે નહિ, તે ચેતના રાગથી છૂટી પડીને અંતર્સ્વરૂપમાં પ્રવેશીને પોતાના અતીન્દ્રિય આત્માને જ સિદ્ધસ્વરૂપે અનુભવી લ્યે છે.

* ‘અરિહંતને ઓળખતાં સમ્યક્ત્વ થાય છે. – ’ એમ તે વખતના જ્ઞાનકાર્યની મુખ્યતા જોનાર કહે છે.

‘અરિહંતના લક્ષે રાગ થાય છે’ – એમ તે વખતના રાગની મુખ્યતા જોનાર કહે છે.

ઉપર પ્રમાણે, જ્ઞાન અને રાગ બંને ભાવો વિચારદશામાં એકસાથે જેને વર્તે છે, છતાં તે બંનેના કાર્યની ભિન્નતા જાણીને જે જ્ઞાનરસને પુષ્ટ કરતો જાય છે, ને રાગનો રસ તોડતો જાય છે – તે મુમુક્ષુ છે, ને તેની મુમુક્ષુતાનું ફળ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ છે.

* જેણે અનંત સિદ્ધને સ્વીકાર્યા તે પર્યાય પોતામાં વિકલ્પને સહન નહીં કરી શકે; તે અતીન્દ્રિય થઈને સ્વાનુભૂતિમાં ઝુકી જશે.

વાહ રે વાહ! રે ચેતના – પર્યાય તે કેવી! – કે અનંતાનંત સિદ્ધ ભગવાન જેમાં સમાઈ શકે! – પણ એક વિકલ્પ જેમાં સમાઈ ન શકે! – અહા, એ તો નિર્વિકલ્પ – અતીન્દ્રિય – સ્વસન્મુખી ચેતના છે.... તે આનંદ કરતી કરતી મોક્ષપુરી તરફ દોડી જાય છે.

* સિદ્ધ અને અરિહંત જેવા નિજાત્મગુણોને જાણીને તેની અંતર્મુખ ઉપાસના તે મોક્ષની નિશ્ચયભક્તિ છે.

અને તે મોક્ષગત પુરુષોના આત્મગુણોની ઓળખાણપૂર્વક તેનું પરમ બહુમાન તે વ્યવહારભક્તિ છે.

ગુણની ઓળખાણ વગર સાચી ભક્તિ હોતી નથી.

* ધર્મીજીવ અનેકાન્તમાર્ગ અનુસાર સત્ય વસ્તુસ્વરૂપને સમ્યગ્જ્ઞાનથી જાણે છે. તે – ધર્મીને સમ્યગ્જ્ઞાનપ્રમાણ નિરંતર હોય છે પરંતુ ધ્યાન તો ક્યારેક-ક્યારેક જ હોય છે. તે ધ્યાન વખતની વિશેષતા એ છે કે ધ્યાનપરિણતજીવ પોતામાં દ્રવ્ય – ગુણ – પર્યાય સંબંધી કોઈ ભેદને દેખતો નથી. ધ્યાન કહો, નિર્વિકલ્પઅનુભૂતિ કહો કે દ્રવ્યદ્રષ્ટિ કહો – તેના વિષયમાં કોઈપણ ગુણભેદ – પર્યાયભેદ – ગુણસ્થાન– માર્ગણાસ્થાનો વગેરેનો સ્વીકાર નથી, તે ભેદ વગરના અભેદરૂપ એક શુદ્ધ પરમતત્ત્વને જ દેખે છે – ધ્યાવે છે – અનુભવે છે; તેમાં દ્વૈત જ પ્રતિભાસતું નથી. ( આનો અર્થ એમ નથી કે આત્મામાં તે વખતે ગુણ – પર્યાયો છે જ નહિ; વિદ્યમાન તો છે પણ અભેદ તત્ત્વની અનુભૂતિમાં દ્રષ્ટિમાં તે કોઈ ભેદો દેખાતા નથી. સર્વોપરી એક ચૈતન્ય પરમતત્ત્વ જ દેખાય છે. )

અહા, આત્માની નિર્વિકલ્પ અનુભૂતિ એવી શાંત – ગંભીર છે કે તે ભેદના કોઈ વિકલ્પને સહન કરી શકતી નથી. ચૈતન્યમાં એકરસ થયેલી અનુભૂતિ, અતીન્દ્રિયભાવે સમસ્ત નિજભાવોને એકસાથે વેદે છે. અહા, એવા વેદનવાળી ધ્યાનદશા કોઈ પરમ અદ્ભુત ઊંડી છે. તેથી તો તે અનુભૂતિને ‘આત્મા’ જ કહ્યો છે. ધ્યાનદશા વખતે ‘આ ધ્યાતા ને આ તેનું ધ્યેય’ એવી ભેદ – પ્રક્રિયા હોતી નથી.

* આવા અભેદ આત્માના ધ્યાનમાં પરમઆહ્લાદરૂપ સુખની અનુભૂતિ છે તે મોક્ષમાર્ગ છે; તે મોક્ષમાર્ગપર્યાયને જ કોઈવાર ધ્રુવનું ધ્યાન, કોઈવાર શુદ્ધોપયોગ, પરમપારિણામિકભાવ, જ્ઞાયકભાવની ઉપાસના, સમ્યક્ત્વનું ધ્યાન, અતીન્દ્રિયઆનંદનું ધ્યાન, શુદ્ધનય, જૈનશાસનની અનુભૂતિ – એ પ્રમાણે કોઈવાર દ્રવ્યપ્રધાન નામથી ને કોઈવાર પર્યાયપ્રધાન નામથી ઓળખવામાં આવે છે, –ત્યાં જૈનશાસનના અનેકાન્તમાર્ગને શ્રીગુરુપ્રતાપે જાણનારા મુમુક્ષુઓ મુંઝાતા નથી. અનેકાન્તના બળે ભગવતી – વસ્તુવ્યવસ્થાને બરાબર ઓળખીને, જે રીતે આત્માને શાંતિનું વેદન થાય તે રીતે તેઓ વર્તે છે. – અને આ જ મહાવીર ભગવાનના શાસનનો સર્વોત્કૃષ્ટ ઉપકાર છે.

* શુદ્ધોપયોગ પોતાના ધ્યેયરૂપ શુદ્ધ પારિણામિકભાવથી અભિન્ન છે કે ભિન્ન ? એ સંબંધમાં ( પ્ર. ગા. ૧૮૧ ની ટીકામાં ) શ્રી જયસેનસ્વામીએ સુંદર સ્પષ્ટતા કરી છે, – જે નીચે મુજબ છે –

अत्र योडसौ रागादि विकल्पउपाधिरहित समाधिलक्षण शुद्धोपयोगो मुक्तिकारणं भणितः स तु शुद्धात्मद्रव्यलक्षणात् ध्येयभूतात् शुद्धपारिणामिकभावात् अभेदप्रधान द्रव्यार्थिकनयेन अभिन्नो अपि भेदप्रधान पर्यायार्थिकनयेन भिन्नः।

ધ્યાનરૂપ જે શુદ્ધપયોગ છે તેને, શુદ્ધાત્મદ્રવ્યલક્ષણરૂપ-ધ્યેયભૂત - શુદ્ધ-પારિણામિકભાવથી અભિન્ન કહેવા તે અભેદપ્રધાન દ્રવ્યાર્થિકનય છે; અને તે શુદ્ધોપયોગને ધ્યેયથી ભિન્ન કહેવો તે ભેદપ્રધાન પર્યાયાર્થિકનય છે.

* વસ્તુસ્વરૂપને પ્રમાણજ્ઞાન જાણે છે. અને શુદ્ધદ્રષ્ટિનો વિષય શું છે તેની પણ તે પ્રમાણજ્ઞાનને ખબર છે જ; એટલે શુદ્ધદ્રષ્ટિનો વિષય પ્રમાણજ્ઞાનથી વિરુધ્ધ નથી હોતો પણ તેને અનુકૂળ હોય છે. અને ધ્યાન પણ વસ્તુસ્વરૂપના જ્ઞાનઅનુસાર હોય છે. જ્ઞાનવડે જાણેલી સત્યવસ્તુમાં ઉપયોગની એકાગ્રતા તે જ ધ્યાન છે.

અહો, વીરપ્રભુના અનેકાન્તશાસન- અનુસાર વસ્તુસ્થિતિ સમજનાર જીવો જરૂર આત્મિકશાંતિને પામે છે.

* મોક્ષશાસ્ત્ર ગુજરાતી ટીકામાં શાસ્ત્રધારે ટીકાકાર લખે છે કે –

“દ્રવ્ય – ગુણ અને પર્યાય વસ્તુપણે અભેદ-અભિન્ન છે; નામ, સંખ્યા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં ભેદ છે, પરંતુ પ્રદેશથી અભેદ છે. ’ ( ૫-૩૮ )


“ગુણ અને દ્રવ્ય કંથચિત્ ભિન્ન છે, કથંચિત્ અભિન્ન છે, એટલે કે ભિન્નાભિન્ન છે. સંજ્ઞા-સંખ્યા – લક્ષણ – વિષયાદિ ભેદથી ભિન્ન છે, વસ્તુપણે – પ્રદેશપણે અભિન્ન છે.... ’ ( ૫-૪૨ )

( આ રીતે વસ્તુના ધર્મોમાં સ્વરૂપભેદ હોવા છતાં પ્રદેશભેદ નથી – એમ ઉપરોક્ત કથનનો આશય છે. )

( એક જ પ્રદેશી પરમાણુમાં, કે કાલાણુમાં એક જ સમયે ઉત્પાદ- વ્યય-ધ્રુવ ત્રણે પોતપોતાના સ્વરૂપે, એક જ પ્રદેશે કઈ રીતે રહેલાં છે! તેનો વિચાર કરવાથી આ વિષય સ્પષ્ટ સમજાશે. તેમને સ્વરૂપભેદ કથંચિત્ છે, પણ પ્રદેશભેદ નથી. )

---

આત્મધર્મમાં આત્મહિત માટેના પ્રેરણાત્મક લેખ વગેરે સાહિત્ય વિશાળ વાચકવર્ગને ઘણું કલ્યાણકારી અને આત્મહિતપોષક છે. સમગ્ર સાધર્મીવર્ગ તરફનો વાત્સલ્યભાવ તેનાં મોખરે હોય છે. લાંબા વખત સુધી દેશ-વિદેશમાં સત્સાહિત્યની અનેકપ્રકારે જે સેવા અને પ્રભાવના કરી, તે દ્વારા સાધર્મીઓ તરફથી પ્રેમભાવ પ્રાપ્ત કર્યો, તે બદલ હરકોઈ તરફથી આપની કર્તવ્યનિષ્ટાને અને શુદ્ધ સેવાભાવને અભિનંદન ઘટે છે. ( લી. કેશવલાલ ડી. શાહ, એડવોકેટ, ધાંગધ્રા )




'આત્મધર્મના બાલવિભાગે હજારો બાળકોને વીતરાગી જૈનધર્મના ઉત્તમ સંસ્કાર આપીને ધાર્મિક આંબાના જે બીજ રોપ્યા છે, તે ફળીભૂત થઈને સમ્યક્ત્વાદિ ઉત્તમ ફળ આપશે.

'આત્મધર્મના બાલવિભાગે હજારો બાળકોને વીતરાગી જૈનધર્મના ઉત્તમ સંસ્કાર આપીને ધાર્મિક આંબાના જે બીજ રોપ્યા છે, તે ફળીભૂત થઈને સમ્યક્‌ત્વાદિ ઉત્તમ ફળ આપશે.

# આત્મધર્મના બાલવિભાગનો આંબો ( ચિત્રપરિચય )

* બંધુઓ, 'અમે જિનવરનાં સંતાન' એ આપણા બાલવિભાગનું સૂત્ર છે, અને તેનું પ્રતિક છે 'આંબાનું ઝાડ'. તે એમ સૂચવે છે કે જૈનધર્મરૂપી ઉત્તમ આંબો આપણે મળ્યો છે, તો સૌ હળીમળીને તેના સમ્યક્ત્વાદિ ઉત્તમ ફળને ખાશું.

* આપણે જિનવરનાં સંતાન એટલે જિનદેવની આજ્ઞામાં રહેનારા ને તેમના માર્ગે ચાલનારા છીએ. ભાઈ – બહેન ઉત્સાહથી ઝંડા ફરકાવી રહ્યા છે તે ધર્મપ્રભાવનાની ભાવના સૂચવે છે.

* આંબાના ઝાડમાં સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષસુધીની સરસ કેરીઓ પાકી છે. બાળકો હોંશેહોંશે તે તોડી રહ્યા છે. વાંદરાને એટલે તિર્યંચને દેશવ્રત સુધીનું ફળ હોય છે. ચારિત્રદશા બાલકવત દિગંબર હોય છે. વચ્ચે જુઓ! કેવળજ્ઞાનની કેરી લેવા માટે ત્રણ બાળકો સંપીને કેવી મહેનત કરી રહ્યા છે! તે એમ સૂચવે છે કે આપણે ધર્મસાધનામાં એકબીજાને ટેકો અને સહકાર આપવા જોઈએ.

* નાનકડા ભાઈ – બહેનો સમ્યગ્દર્શન અને જ્ઞાન માટે કેવા ઝંખી રહ્યા છે! – તે પણ જુઓ! કેરી સિવાય બીજે ક્યાંય તેમનું લક્ષ નથી. જીવનમાં જ્ઞાનની આવી ઝંખના રાખશો તો જરૂર મીઠાં ફળ પામશો. – સમ્યગ્દર્શન અને જ્ઞાનની આસપાસ જિન પૂજા – સ્વાધ્યાય, ભક્તિ – વૈરાગ્ય પણ છે, એટલે તે પણ મુમુક્ષુના જીવનમાં સાથે હોય છે. સૌથી ઉપર મોક્ષનું ફળ છે.

* આવા મીઠાં–ઉત્તમ ફળ પામવા માટે, તમારા જીવનમાં ધર્મસંસ્કારરૂપી આંબાના બીજ રોપવા માટે જ આપણો બાલવિભાગ છે. આપણા જીવનમાં અત્યારથી જ જો સાચા ધર્મના સંસ્કારો વાવીશું તો તે સંસ્કાર વધી – વધીને તેમાંથી આવું મજાનું ધર્મના આંબાનું ઝાડ ઊગશે, ને તેના મીઠાં ફળ ખાતાં–ખાતાં આપણે મોક્ષમાં જઈશું. – કેવી મજા! "વાહ ભાઈ વાહ! બોલો, મહાવીરભગવાનકી જય!

---

## * તલસે તે ઉલ્લસે *

જેમ માતાને તલસતો બાળક માતાને દેખતાં આનંદથી ઉલ્લસે છે,

–તેમ –

આત્મા માટે તલસતા મુમુક્ષુનું ચિત્ત આત્માને દેખીને આનંદથી ઉલ્લસે છે.

# આનંદનો મહોત્સવ

## ( મહાવીર - નિર્વાણોત્સવ સંબંધી નાટક )

## ( આ નાટક દ્વારા આપના ઘરમાં પણ નિર્વાણ મહોત્સવ ઊજવો. )

હમણાં દીવાળી આવશે ને મહાવીર ભગવાનના અઢીહજારવર્ષીય નિર્વાણ–મહોત્સવની ધૂમધામથી આખું ભારતવર્ષ પુનઃ ગાજી ઊઠશે. પ્રભુનો નિર્વાણ – ઉત્સવ આખું વર્ષ આનંદપૂર્વક ઉજવાયો; ભારતના નાના–મોટા સૌએ આનંદ–પૂર્વક તેમાં ભાગ લીધો. ભગવાનના કલ્યાણકના વિશેષ પ્રસંગોએ ઇન્દ્ર પણ પોતાનો મહાન આનંદ નાટક દ્વારા વ્યક્ત કરે છે, તેમ જૈન–બાળકોએ પણ નાટક વગેરે અનેક પ્રકારે પોતાનો આનંદ વ્યક્ત કર્યો. મહાવીર ભગવાનની ભક્તિ અને મહિમા સંબંધી અહીં એક નાનકડું નાટક રજુ થાય છે. જૈન – સમાજના કોઈપણ ફિરકાના બાળકો કે બાલિકાઓ સૌ સંકોચ વગર આ નાટક ભજવી શકશે. નાટક દિવાળી પહેલાં તેરસ લગભગમાં કરવું વિશેષ યોગ્ય છે. આ નાટક ભજવવા તમારે કોઈ ડ્રેસ –પડદા કે સ્ટેજની જરૂર નથી; તમે બે –ચાર બાળકો કે ભાઈ – બહેનો તમારા ઘરમાં પણ આ નાટક સંવાદરૂપે આનંદથી ભજવી શકો છો. નિર્વાણમહોત્સવની પૂર્ણતા પહેલાં જરૂર આ નાટક ભજવજો, ને મહાવીર ભગવાનનાં ગુણગાન કરજો. ( –સં. )

---

( ત્રણ વખત મહાવીર ભગવાનના જયનાદપૂર્વક શરૂઆત )

( વડીલ ) આજે મહાન આનંદનો દિવસ છે; આપણા શાસનદેવ મહાવીર ભગવાન આજે મોક્ષ પધાર્યા છે. જગતમાં સૈથી મહાન એવો જૈનધર્મ, અને મહાવીર ભગવાન જેવો વીતરાગી દેવ, મહાન ભાગ્યથી આપણને પ્રાપ્ત થયા છે. ભગવાને આપણને સમ્યગ્દર્શન – જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે, તેથી તેમની જેટલી ભક્તિ કરીએ ને જેટલા ગુણગાન કરીએ તેટલા ઓછા છે. આજના મંગલ પ્રસંગે એક નાનકડા નાટક દ્વારા આપણે આપણો આનંદ અને ભક્તિ વ્યક્ત કરીએ.

( બાળકો ) વાહ, બહુ સારું ! સૌથી પહેલાં અમે મંગળ સ્તુતિ બોલશું –

કરું નમન હું અરિહંત દેવને;
કરું નમન હું સિદ્ધ ભગવંતને;

કરું નમન હું આચાર્ય દેવને;
કરું નમન હું ઉપાધ્યાય દેવને;
કરું નમન હું સાધુ ભગવંતને;
પરમેષ્ઠી – પંચ પ્રભુ મને બહુ ઇષ્ટ છે.

(અહીં પાત્રો તરીકે ભાઈ – બહેન લીધા છે; જરૂર પ્રમાણે તેમાં ફેરફાર કરી શકાય.)

(મંગલ ઘંટનાદ, વાજાં, પ્રકાશ.....)

(ભાઈ): અરે બહેન! આ મંગલ ઘંટ શેનાં વાગ્યા? આ મંગલ વાજા શેનાં વાગે છે? આ દિવ્ય પ્રકાશનો ઝગઝગાટ શેનો છે? આજે ચારેકોર આનંદ–આનંદ કેમ દેખાય છે?

(બહેન): વાહ, ભાઈ! આજે તો આપણા મહાવીર ભગવાનના મોક્ષનો મહાન દિવસ છે. અઢીહજાર વર્ષ પહેલાં પાવાપુરીથી ભગવાન મોક્ષ પધાર્યા ત્યારે આખા જગતમાં આનંદ ફેલાયો હતો; આજે તેને અઢીહજાર વર્ષ પૂરા થતાં મોક્ષના આનંદનો ઉત્સવ આખું જગત ઉજવી રહ્યું છે. આપણે પણ એક વર્ષથી નિર્વાણમહોત્સવ ઊજવીએ છીએ ને આનંદથી મોક્ષદશાને યાદ કરીને તેની ભાવના ભાવીએ છીએ.

(ભાઈ): વાહ બહેન વાહ! ભગવાનના મોક્ષને યાદ કરતાં કોને આનંદ ન થાય! ભગવાન તો આનંદના જ દેનાર છે. –

આનંદ આનંદ આજ હૈ, વીરપ્રભુ જયકાર છે;
આવો ભક્તો આવો સર્વે ખુશી અપરંપાર છે.
આનંદ–મંગળ આજ હૈ નિર્વાણ ઉત્સવ આજ હૈ;
આવો ભક્તો ગાવો સર્વે વીરપ્રભુ ગુણગાન હૈ.

(બહેન): ભાઈ! મહાવીર ભગવાનના મોક્ષનો આટલો બધો મહિમા કેમ હશે?

(ભાઈ): બેન! મોક્ષદશા સૌથી ઊંચી છે ને પૂર્ણ આનંદમય છે; એવી દશાને ભગવાને પ્રાપ્ત કરી, તેથી તેમનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. સાંભળ! કુંદકુંદસ્વામી તેનો મહિમા કરતાં કહે છે કે –

( દરેક ગાથા બે વાર બોલવી )

અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનુપ અનંત ને
વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગી સિદ્ધને,
અશરીર ને અવિનાશ છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,
જ્યમ લોકઅગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને.

( બેન ): વાહ, ભગવાન આવા મોક્ષપદને પામ્યા; તો તેમનું જીવન પણ કેવું અદ્‌ભુત હશે!

( ભાઈ ): અરે, એની શી વાત! આપણા ભગવાનના અદ્‌ભુત મહિમાની શું તને ખબર નથી? – જો સાંભળ! આપણા ભગવાન એ કાંઈ રાગ–દ્વેષ કરવા માટે કે જગતનું ભલું – બૂરું કરવા માટે નહોતા અવતર્યા, પણ એ તો વીતરાગ થઈને ભવને તરવા માટે જન્મ્યા હતા.

( બેન ): અને બીજી વાત એ છે કે ભગવાન પોતે તો વીતરાગ થઈને ભવથી તર્યા ને મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને આપણને પણ ભવથી તરવાનો ઉપાય બતાવ્યો. તેથી ભગવાન મહાન છે.

( ભાઈ ): હા જુઓ, ‘नमुत्थुणं’ માં પણ ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું છે કે – तिन्नाणं ।.... तारयाणं એટલે હે ભગવાન! આપ પોતે તો ભવસમુદ્રથી તરનારા છો; ને આત્માનું સ્વરૂપ બતાવીને અમને પણ ભવથી તારનારા છો.

– પણ હેં બહેન! તરવાનો ઉપાય તો જગતના બધા ધર્મો બતાવે જ છે ને?

( બેન ): ના ભાઈ! એ વાત ખોટી છે. સંસારથી તરવાનો સાચો ઉપાય તો જૈનધર્મમાં આપણા ભગવાન મહાવીરે જ બતાવ્યો છે; ને તે જ એક ભવથી તરવાનો સાચો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી.

( ભાઈ ): વાહ બેન, તું તો વિદ્વાન લાગે છે! ભગવાને સંસારથી તરવાનો ઉપાય શું કહ્યો છે? તે બતાવ.

( બેન ): સાંભળ ભાઈ! બધા જૈનશાસ્ત્રોએ એ વાત સ્વીકારી છે કે સમ્યગ્દર્શન – જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. આપણા ભગવાન મહાવીરે સમ્યગ્દર્શન – સમ્યગ્જ્ઞાન – સમ્યક્‌ચારિત્રનો ઉપદેશ આપ્યો છે. એટલે, જો આપણે

ભગવાનના માર્ગે ચાલવું હોય તો આપણે પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રની આરાધના કરવી જોઈએ.

(ભાઈ): વાહ બેન, તેં તો બહુ ઊંચી વાત કરી. પણ બધાયને સમજાય તેવું કંઈક કહે ને?

(બેન): ભાઈ! બહુ ઊંચી વાત છે – એ ખરું; પણ આપણો ધર્મ ઊંચો છે એટલે તેની બધી વાત પણ ઊંચી જ હોય ને! ઊંચું – ઊંચું એવું મોક્ષપદ પામવા માટે ઊંચો – ઊંચો રસ્તો જ લેવો જોઈએ ને!

(ભાઈ): બરાબર છે, બેન! આપણા મહાવીર ભગવાને પણ એવો ઊંચો રસ્તો લીધો જ હતો ને!

(બેન): હા જુઓ, મહાવીર ભગવાન છેને, તે જીવ પહેલાં તો અજ્ઞાની અને માંસાહારી સિંહ હતો; પણ પછી તે જીવ જૈનધર્મ પામ્યો. તેણે માંસાહાર છોડી દીધો ને મુનિરાજના ઉપદેશથી આત્મસ્વરૂપ ઓળખીને તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. પછીના ભવોમાં સાધુ થઈ, વીતરાગી ચારિત્ર પાળી કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને અંતે પાવાપુરીથી મોક્ષ પધાર્યા. મોક્ષને માટે પ્રભુએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું જોઈએ.

(ભાઈ): વાહ, પ્રવીણાબેન! તમે તો ભગવાનનું આખું જીવનચરિત્ર બતાવી દીધું; તે સાંભળીને આનંદ થાય છે ને મહાવીરપ્રભુના માર્ગે જવાની ભાવના જાગે છે.

(બેન): હા, ભાઈ! ખરેખર આપણે વીરનાં સંતાન છીએ, ને વીપ્રભુના માર્ગે જ આપણે જવાનું છે. આપણે જૈન છીએ; જૈન એટલે જિનવરનો સંતાન.

(બધા સાથે –) અમે તો જિનવરનાં સંતાન.... જિનવરપંથે વિચરશું....
ગાતાં પ્રભુજીનાં ગુણગાન ઉજ્વલ આત્માને વરશું...
અમે તો મહાવીરનાં સંતાન, મહાવીર પંથે વિચરશું.....
કરીને આત્માની ઓળખાણ મુક્તિ પંથે વિચરશું....

(વડીલ): અહા, મહાવીર ભગવાનનો માર્ગ કેટલો સુંદર છે! કેટલો મહાન છે! મહાવીરનો માર્ગ એટલે વીતરાગભાવ! મહાવીરનો માર્ગ એટલે મુક્તિનો માર્ગ. તે માર્ગ આજે આપણને મળ્યો છે, તો ચાલો! સૌ આનંદથી તે માર્ગ જઈએ.

( ભાઈ ) : ભગવાન મોક્ષ પધાર્યા તેને આજે અઢીહજાર વર્ષ વીતી ગયા, છતાં આજે પણ ભગવાને દેખાડેલો મોક્ષમાર્ગ કેવો મજાનો શોભી રહ્યો છે!

( બેન ) : વાહ ભાઈ! ખરેખર આપણા મહાન ભાગ્ય છે. અરે, આવો હળ–હળતો પાપયુગ, ચારેકોર પાપનો પાર નહિ, ડગલે ને પગલે હિંસા – જૂઠું –ચોરી–સીનેમાના ભયંકર ખોટા સંસ્કાર, ને અન્યાયના માર્ગે પૈસાના પરિગ્રહનું ગાંડપણ, –એની વચ્ચે પણ આજે આપણને આવો મજાનો વીતરાગીધર્મ અને તેના ઉત્તમ સંસ્કાર મળ્યા છે તે ભગવાન મહાવીરનો પ્રતાપ છે, – તે વીતરાગી મુનિઓનો પ્રતાપ છે.

( ભાઈ ) : હા બેન! તેથી આપણે સૌ મહાવીર ભગવાનના માર્ગે જવા તૈયાર થયા છીએ. આજથી આપણે સિનેમા નહિ જોઈએ. કંદમૂળ નહિ ખાઈએ; – બોલો ભાઈઓ! બોલો બહેનો! – છે કબુલ ?

( બધા સાથે ) : હા, કબુલ છે – કબુલ છે – કબુલ છે ?

આપણે હવે સિનેમા નહીં જોઈએ; કંદમૂળ નહીં ખાઈએ.

( ઘંટનાદ – શાબાશી )

( બેન ) : – અને દરરોજ ભગવાનનાં દર્શન કરવા જઈશું; તથા ધર્મનો અભ્યાસ પણ કરશું – જેથી મહાવીર ભગવાનના માર્ગને ઓળખીને આપણે પણ તે માર્ગે જઈએ.

( ભાઈ ): વાહ, ઘણું સરસ! ભગવાનના માર્ગે જવા માટે આપણે સૌ તૈયાર છીએ....

( બધા સાથે – ) તૈયાર છીએ.... તૈયાર છીએ.... તૈયાર છીએ.

( એક ગવડાવે.... ને.... બીજા બધા ઝીલે... ) ( દરેક લાઈન બે વાર બોલવી )

વીરપ્રભુનાં સૌ સંતાન! ............છે તૈયાર....... છે તૈયાર......

વીરપ્રભુના પંથે જાવા............. છે તૈયાર....... છે તૈયાર......

અરિહંતદેવની સેવા કરવા..........છે તૈયાર....... છે તૈયાર......

જિનશાસનની સેવા કરવા..........છે તૈયાર....... છે તૈયાર......

સાધુજનોની સેવા કરવા........... છે તૈયાર....... છે તૈયાર......

સમ્યગ્દર્શન -જ્ઞાન કરવા........... છે તૈયાર....... છે તૈયાર......
ઉત્તમ ચારિત્ર પાલન કરવા..........છે તૈયાર....... છે તૈયાર......
મોક્ષના માર્ગે દોડી જાવા........... છે તૈયાર....... છે તૈયાર......
ભવબંધનથી છૂટી જાવા........... છે તૈયાર....... છે તૈયાર......
વીરના માર્ગે દોડી જાવા........... છે તૈયાર....... છે તૈયાર......
સિદ્ધપ્રભુની સાથે રહેવા........... છે તૈયાર....... છે તૈયાર......

(બેન): વાહ, આપણો ઉત્સાહ અને ભક્તિ દેખીને આપણા સંઘપતિજી (તથા માતાજી) અને બધા વડીલો કેવા ખુશી થાય છે! આપણે સૌએ કાયમ આવા ઉત્સાહથી ને આનંદથી ધર્મમાં રસ લેવો જોઈએ.

(ભાઈ): જરૂર બહેન! આજે તો મહાવીર ભગવાનના મોક્ષનો ઉત્સવ ઉજવવાની ખૂબ મજા આવી.... આત્માને ઘણો લાભ થયો..... જાણે ધર્મચક્ર ચાલવા માંડયું. આત્મામાં જાણે ચૈતન્ય -દીવડા પ્રગટયા ને અપૂર્વ દીવાળી આવી.... સાથે આનંદ પણ લાવી ?

(વડીલ): અહા, ભગવાનના નિર્વાણનો આવો આનંદ – ઉત્સવ આપણે આખું વર્ષ ઊજવ્યો, ને જીવનમાં તે ઉત્સવ સદાય ઊજવવાનો છે.... આ વર્ષે આવો મહાન ઉત્સવ દેખીને આપણને હવે મહાવીરનો રંગ લાગ્યો છે; તે રંગ હવે જીવનમાં કદી છૂટવાનો નથી.

(બેન): ચાલો, આપણે સૌ વીરપ્રભુની ભક્તિ કરીને આપણો આનંદ વ્યક્ત કરીએ.

(બધા સાથે): હા.... ચાલો..... ચાલો.....

(નીચેનામાંથી કોઈ પણ સ્તવન સહિત રાસ–ભક્તિ–કરવી–)

(૧) વીરપ્રભુજી મોક્ષ પધાર્યા, ગૌતમ કેવળજ્ઞાન રે.... વીરજીનું શાસન ઝુલે રે....
(સ્તવનમંજરી પાનું – ૨૮૪)

(૨) આજે વીરપ્રભુજી નિર્વાણ પદને પામિયા રે... (સ્તવનમંજરી પાનું – ૪૩૩)

(૩) હે........ એ રંગ લાગ્યો..... રંગ લાગ્યો...
રંગ લાગ્યો, મહાવીર ! તારો રંગ લાગ્યો...
તારી ભક્તિ કરવાનો મને ભાવ જાગ્યો,

તારી પૂજા કરવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ સમ્યગ્દર્શનનો ભાવ જાગ્યો.... રંગ લાગ્યો. મહાવીર.
પ્રભુ આતમજ્ઞાનનો ભાવ જાગ્યો,
મને ભેદ વિજ્ઞાનનો ભાવ જાગ્યો,
મને સાધુ થવાનો ભાવ જાગ્યો... રંગ લાગ્યો... મહાવીર.
પ્રભુ મોક્ષે જવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ ભવથી તરવાનો મને ભાવ જાગ્યો,
પ્રભુ મહાવીર થવાનો મને ભાવ જાગ્યો... રંગ લાગ્યો... મહાવીર.
(મહાવીર ભગવાનના જયકારપૂર્વક નાટક સમાપ્ત.)

(આ નાટકમાં ઉચિત ફેરફાર કરીને પણ ભજવી શકો છો. મંદિરોમાં, પાઠશાળામાં, ને ઘરેઘરે આ નાટક ભજવો ને નિર્વાણમહોત્સવનો આનંદ મેળવો.)

જય મહાવીર.


## સહકાર

બંધુઓ, આવતા અંકથી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થશે. નવા વર્ષના સંપાદકશ્રી પણ નવા હશે. આપ સૌએ ખૂબ પ્રેમ અને વાત્સલ્યથી મને જે સહકાર આપેલ છે તે બદલ હું આપ સૌનો આભારી છું; અને હવે જે નવા સંપાદકશ્રી – મુમુક્ષુભાઈ આત્મધર્મનું સુકાન સંભાળે તેમને પણ આપ એવા જ પ્રેમ – વાતસલ્યપૂર્વક સહકાર આપતા રહેજો. –નવા સુયોગ્ય સંપાદકશ્રી પ્રત્યે હાર્દિક વાત્સલ્યપૂર્વક મારી શુભેચ્છા છે કે તેઓ પણ ‘આત્મધર્મ’ દ્વારા દેવ –ગુરુ – શાસ્ત્રની પ્રભાવના ખૂબ ખૂબ વધારે; અને પોતાનું હિત થાય તથા સમાજને પણ હિતમાર્ગની સુંદર પ્રેરણાઓ મળ્યા કરે – એવા સંપાદનમાં તેમને પૂરેપૂરી સફળતા મળે. મારા તરફથી તેમને હાર્દિક સહકાર મળ્યા કરશે. (બ્ર. હ. જૈન)

નવા વર્ષનું લવાજમ છ રૂપિયા જ રહેશે. હવેનો અંક લગભગ ૨૦ મી તારીખે પ્રસિદ્ધ થશે. કદાચ તારીખમાં થોડો ફેરફાર થાય તો ધીરજ રાખશો. લવાજમ નીચેના સરનામે વેલાસર મોકલી વ્યવસ્થામાં સહકાર આપશો.

[આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) ૩૬૪૨૫૦.]

# ભગવાન મહાવીર અઢી હજારવર્ષીય નિર્વાણ મહોત્સવ




રાજગૃહીના વિપુલાચલ શિખર ઉપરથી ભગવાન મહાવીરે ફરકાવેલો જૈનધર્મનો વીતરાગી ધ્વજ આજે પણ વિશ્વમાં લહેરાઈ રહ્યો છે ને આપણને સૌને રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો મધુર સંદેશ આપી રહ્યો છે. આવો, વીરપ્રભુના વીતરાગી ઝંડા નીચે આપણે સૌ એકત્ર થઈએ, ને ધર્મસાધનામાં હાથમાં હાથ મિલાવીને વીરપંથે જઈએ.

# આવો ઉજવીએ.... વીરપ્રભુનો મંગલ ઉત્સવ

( કાર્યક્રમની સામાન્ય રૂપરેખા )

(વર્ષોથી જેના મંગલવાજાં વાગી રહ્યા હતા – એવો અભૂતપૂર્વ નિર્વાણમહોત્સવ આપણે આખું વર્ષ ઉજવવ્યો; હવે તેની પૂર્ણતા નજીક આવી રહી છે. દિવાળી તા. ૩ સોમવારના રોજ અનેક મંગલ કાર્યક્રમોપૂર્વક ઉત્સવની પૂર્ણતા થઈ રહી છે. તે પ્રસંગના કાર્યક્રમસંબંધી માર્ગદર્શન આપવા અહીં એક સામાન્ય કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવી છે. સુવિધા અનુસાર તેમાં ફેરફાર કરીને પણ, સૌએ આનંદ અને ઉલ્લાસ પૂર્વક ધામધૂમથી ઉત્સવ કરવો. ઉત્સવ દ્વારા મહાવીરભગવાનના મહિમાને ઓળખવો ને જૈનધર્મનું સ્વરૂપ ઓળખીને તેની આરાધનામાં આગળ વધવું.) (સં.)

* દશમથી જ જિનમદિરને સુંદર રીતે શણગારવું – પ્રકાશથી ઝગઝગતું શિખર, પચરંગી ધર્મધ્વજ, બની શકે તો ધર્મચક્ર – ફરતું, અને લાઉડસ્પીકરની વ્યવસ્થા દૂરદૂર સંભળાય તે રીતે ગોઠવવી. જિનમહિમાના મંગલ ગીતો બે દિવસ પહેલાં શરૂ કરી દેવા. (પચરંગી ધર્મધ્વજ આ અંકમાં છપાયો છે, તેવો મોટો ધ્વજ આપના ગામમાં કરાવી લેવો, ને ઘરેઘરે દુકાને દુકાને લહેરાવવો.)
* દીવાળી પહેલાં ત્રણ દિવસ વહેલી સવારમાં શહેરના મધ્યચોકમાં ભેગા થઈ, મહાવીરપ્રભુનાં મંગલગીત ગાતાં ગાતાં, જિનમંદિર દર્શને જવું. (બાળકોએ – વીરપ્રભુનાં સૌ સંતાન છે તૈયાર, તથા ધર્મ મારો...ધર્મ...મારો... ધર્મ મ્હારો રે.. વગેરે કુચગીત ગાતાંગાતાં તેમાં ભાગ લેવો).
* જિનમંદિરમાં ઠાઠમાઠસહિત દર્શન, વિશેષપૂજન (નિર્વાણકલ્યાણપૂજન), અભિષેક વગેરે ઉત્સાહથી કરવા. ત્યારબાદ મહાવીર – પ્રવચનસભાદ્વારા મહાવીરભગવાનના જીવનના ખાસ પ્રસંગો, આપણા ઉપર તેઓશ્રીના અદ્‌ભુત – અચિંત્ય – પરમ ઉપકારો, અને ભગવાને ઉપદેશેલો આત્મહિતનો માર્ગ – તે સંબંધી પ્રવચનો કરવા. બાળકો દ્વારા નાના સંવાદો, ભક્તિ વગેરે કાર્યક્રમો રાખવા. મહાવીરભગવાન સંબંધી રેડિયામાં જે કાર્યક્રમો આવવાના હોય તે લાઉડસ્પીકર દ્વારા પ્રસારિત કરવા. સાધર્મીઓમાં જેને જે કાંઈ કષ્ટ હોય તે સન્માનપૂર્વક દૂર કરવા; સુંદર વસ્તુઓની લાણી કરવી; સારા નાનકડાં પુસ્તકો વહેંચવા. ("ભગવાન મહાવીર" નાં પુસ્તકો ૧૦ રૂા. નાં એકસો લેખે સોનગઢથી મળશે.) પાઠશાળાને ખાસ ઉત્તેજન આપવું.

દેશકાળ અનુસાર સાધર્મીઓનું સમૂહભોજન કરવું. પૂર્વના બધા મતભેદો ભૂલીને મહાવીરપ્રભુના ભક્તો તરીકે સૌએ એકમેકપણાનો ભાવ જગાડીને આનંદથી હળવું – મળવું – એકબીજાનું સન્માન કરવું. સાધર્મીજનોને ઘેર બોલાવીને જમાડવા, સાધર્મીનું સન્માન કરવું. વિદ્વાનોનું વિશેષ સન્માન કરવું.

* બપોરે નમસ્કારમંત્રનો અગર "મહાવીર" નામનો સામૂહિક જાપ (સૌ એકસો આઠ વાર ગણે; સમુચ્ચય અઢીહજાર – પચીસહજાર કે સુવિધા મુજબ), નવીન શાસ્ત્રની સ્વાધ્યાયનો મંગલ પ્રારંભ; સામૂહિક શાસ્ત્રપ્રવચન; ભક્તિ; ધાર્મિક આનંદના કાર્યક્રમ અને ધામધૂમપૂર્વક મહાવીરભગવાનની અતિ ભવ્ય રથયાત્રા (શકય હોય તો બધા ફિરકાના સમસ્ત જૈનસમાજે ભેગા મળીને) કાઢવી. જ્યા રથયાત્રા જાય ત્યાં મહાવીરપ્રભુના શાસનનો મહિમા પ્રસિદ્ધ કરવો. રથયાત્રામાં ધર્મધ્વજ –ધર્મચક્ર–લાઉડસ્પીકર રાખવું. ચાલતી રથયાત્રાના માર્ગમાં ભાવુકદર્શકોને નાના પુસ્તકોની લાણી કરતા જવી. (આ માટે અહિંસા પરમો ધર્મ, તથા ભગવાન મહાવીર એ બે પુસ્તકો ઉપયોગી છે – જે હાલ મળી શકે છે. જૈન–બાળપોથી પણ ઉપયોગી છે.)

* રાત્રે જિનમંદિરના ચોકમાં અગર પ્રસિદ્ધ સ્થળે અદ્‌ભુત ઝગઝગાટ વચ્ચે મહાવીર ભગવાનના મહિમાને પ્રસિદ્ધ કરતી ભવ્ય સભા કરવી, જેમાં ગામના પ્રતિષ્ઠિત આગેવાનોને આમંત્રણ આપવું. ભગવાનનો મહિમા પ્રસિદ્ધ કરવો, આપણા જિનેન્દ્રદેવની વિશેષતાઓ સમજાવવી; તથા બીજા ભક્તિ – ભજન – રેકર્ડ, ધાર્મિક નાટક–સંવાદ વગેરે સુંદર કાર્યક્રમોનું પ્રદર્શન કરવું. એક વાત સૌએ ખાસ લક્ષમાં રાખવી કે પ્રવચન વગેરેમાં ક્યાંય ખંડનાત્મક પદ્ધત્તિથી પ્રતિપાદન ન કરવું, કે કટુભાષા ન વાપરવી; શાંત – મધુર શૈલિથી જ વીરનાથ ભગવાનનો અને તેમના શાસનનો મહિમા પ્રસિદ્ધ કરવો. જ્યાં જે કોઈ પ્રકારના વૈરવિરોધ હોય તે સર્વથા ભૂલી જવા ને વીતરાગભાવની ભાવના વધારવી. કોઈપણ સાધર્મી પ્રત્યે અત્યંત પ્રેમપૂર્ણ વ્યવહાર રાખીને, તન–મન –ધનથી કે જ્ઞાન–વૈરાગ્યની પ્રેરણાની એકબીજાને સહાયરૂપ થવું.

(અહીં ઉત્સવના કાર્યક્રમની સામાન્ય રૂપરેખા આપી છે. અને ત્યાર પછી કાયમ માટે જાગૃત રહીને વીરશાસનના મહિમા પૂર્વક અને જિનવાણીની પ્રભાવના પૂર્વક ઉત્સવ ચાલુ રાખવાનો છે. આપણા જીવનમાં આવેલો આ આનંદકારી અભૂતપૂર્વ ઉત્સવ જીવનમાં કદી નહિ ભૂલાય, ને સદાય વીરપ્રભુનો સાક્ષાત્કાર કરાવતો થકો હિતમાર્ગમાં પ્રેર્યા કરશે. – જય મહાવીર.

# ‘અહિંસા પરમ ધર્મ છે’

૧. એક જંગલની રમણીય ગૂફામાં ભદ્રપરિણામી એક સુવર ( ભૂંડ ) રહેતું હતું.

૨. તે જંગલમાં એક વાઘ રહેતો હતો, તે ક્રૂરપરિણામી હતો.

૩. એક વીતરાગી મુનિરાજ વિચરતા–વિચરતા તે જંગલમાં આવ્યા; ને જે ગૂફામાં સુવર રહેતું હતું તે ગૂફામાં બિરાજમાન થઈને શુદ્ધોપયોગ વડે આત્મધ્યાન કરવા લાગ્યા.

મુનિરાજને ગૂફામાં દેખીને –

૧. ભદ્રપરિણામી ભૂંડને એવો શુભ વિચાર આવ્યો કે અહા, આ કોઈ વીતરાગી મહાત્મા મારી ગૂફામાં પધાર્યા છે, એમને દેખતાં જ કોઈ અપૂર્વ શાંતિ થાય છે. એના પધારવાથી મારી ગૂફા ધન્ય થઈ... હું કઈ રીતે તેમને સેવા કરું! એવા શુભભાવપૂર્વક તે ભૂંડ ગૂફાના દરવાજે બેસીને મુનિરાજની રક્ષા કરતું હતું.

૨. તે જ વખતે ગુફા પાસે આવેલા વાઘને એવો અશુભ ભાવ થયો કે હું આ મનુષ્યને મારીને ખાઈ જાઉં.

૩. તે જ વખતે શુદ્ધોપયોગાં લીન તે મુનિરાજ, નથી તો ભૂંડ ઉપર રાગ કરતા, કે નથી વાઘ ઉપર દ્વેષ કરતા, એ તો વીતરાગ છે.

મુનિરાજને ખાઈ જવા માટે વાઘ ગૂફા પાસે આવ્યો. ભૂંડને તેનો ખ્યાલ આવી ગયો એટલે તરત જ વચ્ચે આવીને તેણે વાઘને રોકયો.

વાઘ એના પર તૂટી પડયો.... વાઘ અને ભૂંડ બંને લડયા; ખૂબ લડયા. ક્રૂર વાઘની સામે પણ ભૂંડે બરાબર ટકકર ઝીલી; તેના મનમાં એક જ ધૂન હતી કે પ્રાણ આપીને પણ હું મુનિને બચાવીશ. બંને ખૂબ લડે છે, – એક તો મુનિના રક્ષણ માટે લડે છે, ને બીજો મુનિના ભક્ષણ માટે લડે છે. લડતાં – લડતાં બંનેએ એકબીજાને મારી નાંખ્યા... બંનેએ એકબીજાની હિંસા કરી. વાઘ તો મરીને દુર્ગતિ ગયો; સુવર મરીને સુગતિમાં ગયું; મુનિરાજ તો ધ્યાનમાં જ વીતરાગપણે બિરાજી રહ્યા ને કેવળ–જ્ઞાન પ્રગટાવીને મોક્ષગતિ પામ્યા.

## હવે તેનું પૃથક્કરણ

આ દ્રષ્ટાંતમાં ત્રણ પાત્રો છેઃ–

૧. વાઘનો જીવઃ – જે મુનિરાજને મારવાના અપ્રશસ્ત દ્વેષ – કષાયમાં વર્તે છે.

૨. સુવરનો જીવઃ – જે મુનિને બચાવવાના પ્રશસ્ત રાગ–કષાયમાં વર્તે છે.

૩. મુનિરાજઃ – જેઓ અકષાય વીતરાગભાવમાં વર્તે છે.

હવે આમાં હિંસા – અહિંસા કયા પ્રકારે છે તે જોવા માટે, જ્યારે આપણે સુવર અને વાઘની સરખામણી કરશું ત્યારે વાઘ કરતાં સુવરના ભાવ સારા છે, એટલે વાઘ કરતાં તે સુવરની આપણે પ્રશંસા કરીશું.



મુનિની હિંસા ન થઈ તોપણ વાઘને પોતાના ક્રૂર પરિણામને લીધે હિંસાનું પાપ લાગી જ ગયું ને તે દુર્ગતિમાં ગયો. વાઘની હિંસા થઈ છતાં ભૂંડ પોતાના શુભ પરિણામને લીધે સુગતિમાં ગયું. એટલે બાહ્ય જીવોનું જીવન — મરણ તે હિંસા–અહિંસાનું કારણ નથી પણ જીવનો ભાવજ હિંસા–અહિંસાનું કારણ છે. આ દૃષ્ટાંતમાં મુનિની હિંસા ભલે ન થઈ તોપણ તેને મારી નાખવાના વાઘના હિંસકભાવને તો કોઈપણ રીતે સારો નહિ જ કહેવાય. મુનિને મારવાની અપેક્ષાએ મુનિને બચાવવાનો રાગભાવ જરૂર પ્રશંસનીય છે.

— પણ —

હજી આપણી વાત અધૂરી છે; કેમકે હજી ત્રીજા પાત્રને ભેળવવાનું બાકી છે.

જ્યારે આપણે મુનિરાજને પણ સાથે રાખીને સરખામણી કરશું ત્યારે બેધડક પણે દેખાશે કે, વીતરાગભાવમાં બિરાજમાન મુનિરાજનું કાર્ય તે જ શ્રેષ્ઠ કાર્ય છે, તે જ અત્યંત પ્રશંસનીય છે, ને તે વીતરાગભાવની સરખામણીમાં ભૂંડનો પ્રશસ્તરાગ પણ પ્રશંસનીય નથી.

મુનિરાજનો વીતરાગભાવ જ પરમ અહિંસારૂપ હોવાથી તેને આપણે પ્રશંસનીય કહેશું, ને તેને જ મોક્ષનું કારણ કહેશું.

તે વીતરાગભાવની સામે ભૂંડનાં રાગભાવને આપણે 'પરમ' અહિંસા નહીં કહીએ, અપિતુ તેને પણ 'હિંસા' ની કક્ષામાં જ મુકીશું. ભલે તે રાગને 'પ્રશસ્ત' વિશેષણ લગાડીએ તોપણ તેને હિંસા તો કહેવી જ પડશે, કેમકે જેટલો કષાય છે તેટલી હિંસા છે. પીત્તળને પ્રશસ્ત વિશેષણ લગાડીને 'પ્રશસ્ત – પીત્તળ' એમ કહીએ તેથી કાંઈ તે સુવર્ણની જાતમાં તો ન જ આવે; તેમ કોઈ રાગાદિ – હિંસાને પ્રશસ્ત વિશેષણ લગાડીએ તેથી કાંઈ તે 'અહિંસા' ન બની જાય.

એટલે શુભરાગવાળો તે ભૂંડનો જીવ પણ, આગળ વધીને જ્યારે રાગ વગરનો ચૈતન્યભાવ પ્રગટ કરશે ત્યારે જ તે વીતરાગભાવરૂપ અહિંસા – ધર્મમાં આવશે, ને તે પરમ અહિંસા ધર્મ વડે તે મોક્ષને સાધશે. આ રીતે "अहिंसा परमो धर्म:" છે.

મુનિના વીતરાગભાવને અને ભૂંડના રાગભાવને આપણે એકકક્ષામાં નહીં મુકી શકીએ, કેમકે બંનેની જાત એક – બીજાથી વિરુધ્ધ છે.

મુનિને મારવાના ભાવની અપેક્ષાએ બચાવવાનો ભાવ તે ઉત્તમ હોવા છતાં, બંનેની એક કક્ષા છે. (જેમ એક જ વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓમાં એક પહેલો નંબર હોય ને એક છેલ્લો નંબર હોય, – પણ બંનેની કક્ષા એક જ છે – તેમ.) વાઘ અને ભૂંડ બંનેમાં જેટલા રાગાદિ કષાયભાવો છે તેટલી હિંસા છે; ને જે હિંસા છે તે અહિંસા નથી એટલે ધર્મ નથી.

મુનિરાજનો વીતરાગભાવ તે અહિંસા છે, ને તે ધર્મ છે.

**આવા વીતરાગ અહિંસા ધર્મનો જય હો.**

*

ભગવાન મહાવીરે કહેલા આવા 'પરમ અહિંસાધર્મ' ને જાણવા માટે, અને તેનું પાલન કરવા માટે, મુમુક્ષ જીવે પ્રથમ તો ચૈતન્યઉપયોગ અને રાગ એ બંનેનું અત્યંત ભિન્નપણું જાણવું જોઈએ. ભિન્નપણું જાણે તો જ રાગ વગરના શુદ્ધઉપયોગરૂપ અહિંસાધર્મને સાધી શકે.

– એવું ભિન્નપણું કયા પ્રકારે જાણવું? એમ અંતરમાં જિજ્ઞાસા જાગે તો, – ભગવાન મહાવીરે અને તેમના શાસનમાં થયેલા સંતોએ તેવું ભિન્નપણું પોતાના

આત્મામાં સાક્ષાત્ અનુભવીને આગમમાં પણ સ્પષ્ટ બતાવ્યું છે; તે અહીં કહીએ છીએઃ–

सव्वणहुणाणदिट्ठो जीवो उवओगळक्खणो णिच्चं।
कह सो पुग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।
સર્વજ્ઞ – જ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ છે;
તે કેમ પુદ્ગલ થઈ શકે કે ‘મારું આ’ તું કહે અરે?

શરીરથી ને રાગાદિભાવોથી ભિન્ન, ચૈતન્યમય આત્મતત્ત્વને જે જાણતો નથી અને. જીવને રાગાદિ – સંયુક્ત જ અનુભવે છે એવા અપ્રતિબુદ્ધ – જિજ્ઞાસુને, આચાર્યદેવ – સર્વજ્ઞ – જ્ઞાનની સાક્ષીથી અને પોતાના સ્વાનુભવથી પ્રતિબોધે છે કેઃ હે ભાઈ! ‘જે નિત્ય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે’ એમ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે, આગમમાં પણ ભગવાને સ્પષ્ટ એમ પ્રકાશ્યું છે, ને અનુભવમાં પણ જીવ સદા જ્ઞાનસ્વરૂપે જ અનુભવાય છે. પોતાનું ઉપયોગપણું છોડીને જીવ કદી પુદ્ગલરૂપ તો થઈ જતો નથી; જેમ અંધકારને અને પ્રકાશને એકપણું નથી પણ સદા જુદાપણું જ છે, તેમ ચેતનપ્રકાશ વગરના એવા રાગાદિભાવોને અને ચેતનપ્રકાશરૂપ ઉપયોગને કદી એકપણું નથી પણ સદા જુદાપણું જ છે. આમ તારા ઉપયોગલક્ષણ વડે તારા જીવને તું સમસ્ત જડથી ને રાગથી જુદો જાણ, ને ઉપયોગસ્વરૂપે જ પોતાને અનુભવમાં લઈને હે જીવ! તું અત્યંત પ્રસન્ન થા.... આનંદિત થા.

અરે, અત્યાર સુધી ઉપયોગસ્વરૂપને ભૂલીને, રાગાદિ રૂપે જ મેં મને માનીને મારી હિંસા કરી ને તેથી ચારગતિમાં હું દુઃખી થયો. પણ હવે સર્વજ્ઞમાર્ગી શ્રીગુરુઓના પ્રતાપે મારા સ્વતત્ત્વનું મને ભાન થયું કે અહો! હું તો સદા ઉપયોગ–સ્વરૂપ જ રહ્યો છું; મારું ઉપયોગસ્વરૂપ હણાયું નથી. – આમ ઉપયોગસ્વરૂપની અનુભૂતિ રાગાદિથી અત્યંત ભિન્ન હોવાથી તે પરમ અહિંસારૂપ છે, એટલે ઉપયોગસ્વરૂપનો અનુભવ (શુદ્ધઉપયોગ) તે જ પરમ અહિંસાધર્મ છે.

---

## સુખ- દુઃખ

આત્મામાં એક પ્રદેશે સુખ ને બીજા પ્રદેશે દુઃખ- એમ બનતું નથી. એકજ પ્રદેશમાં કેટલુંક સુખ ને કેટલુંક દુઃખ એમ બની શકે છે. તે સુખને અને દુઃખને ભાવભેદ છે પણ પ્રદેશભેદ નથી.

## મરણની બીક કેમ મટે ?

* એક મુંબઈવાસી પુછાવે છેઃ – મને ક્ષણે ને પળે બીક લાગ્યા કરે છે કે હાય – હાય, હું મરી જઈશ ! તો શું કરવું ?

* ઉત્તરઃ – ભાઈશ્રી, દેહરૂપ પોતાને માન્યો છે એટલે મરણની બીક નિરંતર રહ્યા કરે છે, ‘હું જીવ છું. મારું જીવન દેહને આધીન નથી, પણ ‘જીવત્વ’ નામની મારી સહજ શક્તિ, કે જે ચૈતન્યભાવરૂપ પ્રાણવાળી છે ને જે કોઈથી હણી શકાતી નથી, તેનાથી જ હું નિરંતર જીવનારો છું. દરિયો મને ડુબાડી શકે નહિ, મોટર મને મારી શકે નહિ; ગોળી મને વીંધી શકે નહિ, કે અગ્નિ મને બાળી શકે નહિ; જીવના જીવપણાનો (ચેતનપણાનો) નાશ કરી શકે એવી કોઈની તાકાત જગતમાં નથી. – આમ દેહથી ભિન્ન પોતાના ચૈતન્યજીવનને જે જાણે છે તેને મરણનો ભય રહેતો નથી. સર્વજ્ઞ મહાવીરે જીવને નિત્ય ‘ઉપયોગ લક્ષણ’ જોયો છે, તેને ઓળખનાર જીવને મરણની બીક મટી જાય છે.

## ‘શાબાશ જૈન-જવાન ! ’

સાવરકુંડલામાં B. com. નો. અભ્યાસ કરી રહેલા એક કોલેજિયન ભાઈ ધાર્મિક ભાવનાથી અને સુખની ઝંખનાથી લખે છે કે–

“સુખનો સાચો માર્ગ એ જ છે – સ્વાનુભૂતિ. પર ચીજ – વસ્તુના અભ્યાસથી થાકેલા આપણે સૌ આત્માઓ પોતાના આત્માની ઓળખાણ કરીએ; આત્માની ઓળખાણ એટલે સ્વની અનુભૂતિ; અને સ્વાનુભૂતિ એટલે સાચા સુખનો માર્ગ; એ જ સાચો આનંદનો માર્ગ અને એ જ સાચો વીતરાગધર્મ ! આપણે સૌ દુઃખથી થાકેલા જીવો જો ખરેખર તેનાથી છૂટીને સુખી થવા ચાહતા હોઈએ – તો નિરંતર આત્માની ઓળખાણ અને અનુભૂતિનો સાચી લગનીથી અભ્યાસ કરીએ, – એ જ ઉપાય છે. આ સિવાય અન્ય કોઈ સુખનો માર્ગ જગતમાં નથી. સ્વની અનુભૂતિ એ જ સાચું આત્મદર્શન, અને સાચું આત્મદર્શન એટલે જ નિરંતર સુખનું વેદન ! આવો બંધુઓ ! વીરપ્રભુની આ વીતરાગીવિદ્યા હોંશથી ભણીએ ને સુખી થઈએ.”

સિનેમા વગેરેના ભાતિકયુગમાં આત્મિકસુખની ઝંખના, તથા તે માટે ધર્મ એટલે કે આત્માની અનુભૂતિની ભાવના વ્યક્ત કરીને, આવા અનેક યુવાન ભાઈ – બહેનોએ આજે હવે યુવાનો ઉપરનું એ મહેણું તોડી નાંખ્યું છે કે ‘જાુવાનીયા ધર્મમાં રસ નથી લેતા. ’ આજે ધર્મમાં ને સદાચારમાં રસ લઈને હજારો યુવાનોએ (તેમજ

બાળકોએ પણ ) એ બતાવી આપ્યું છે કે – ધર્મ કે સદાચાર એ કાંઈ માત્ર બુઢ્ઢાઓનો ઈજારો નથી, યુવાનોને પણ એટલો જ અધિકાર છે. હવે આપણા યુવાનો જાગ્યા છે ને ગૌરવપૂર્વક ધાર્મિક જ્ઞાનમાં તથા ધાર્મિક આચરણમાં રસ લઈ રહ્યા છે. આપણા ધર્મનેતા મહાવીરપ્રભુએ રત્નત્રયધર્મને સાધ્યો ત્યારે તેઓ ત્રીસ વર્ષના યુવાન જ હતા. કુંદકુંદગુરુએ પણ યુવાન દશામાં ! ( અરે, યુવાનથી પણ નાની એવી કિશોર વયમાં, ૧૧ વર્ષની જ વયે ) રત્નત્રયની સાધના કરી હતી. અમે પણ અમારી યુવાનીને ધર્મસાધનામાં જ જોડશું.... આત્મહિત સાધશું ને જૈન–જવાનો જૈન – વિજ્ઞાનવડે જૈનધર્મનો ધ્વજ જગતમાં ફરકાવશું – એમ યુવાનોનો પડકાર છે. '

"શાબાશ જૈન–જવાન !"

## સૌ જીવમાં સમતા મને... કો સાથ વેર મને નહીં

પરથી ભિન્ન વીતરાગી ચૈતન્યતત્ત્વને જાણીને જેણે ભેદવિજ્ઞાન કર્યું છે, અને ચૈતન્યની પરમ શાંતિના વેદનરૂપ સમભાવ જને પ્રગટયો છે – એવા ધર્માત્માને સર્વે જીવો પ્રત્યે સમતાભાવ છે, કોઈ પ્રત્યે વેરભાવ નથી. ચૈતન્યની શુદ્ધિમાં જ્યાં કષાય–પરિણતિ જ નથી ત્યાં વેર કોના પ્રત્યે હોય ? પરમાં આ મારો મિત્રને આ મારો દુશ્મન – એવી બુદ્ધિ જ્યાં નષ્ટ થઈ ગઈ છે, તે ઉપરાંત પરમ વૈરાગ્યરૂપ સમભાવ પરિણતિ થઈ છે – ત્યાં સર્વત્ર સમભાવ છે, કોઈ પ્રત્યે વેરભાવ નથી. અહો, આવી શાંતદશા તે મોક્ષમાર્ગ છે, તે જ પરમ સમાધિ છે. કોઈ જ્ઞાન હો, કોઈ અજ્ઞાની હો – તે સૌ પ્રત્યે પક્ષપાત રહિત મને સમભાવ છે, મને ક્યાંય વેર –વિરોધ નથી.

અરે, વીરનાથના વીતરાગમાર્ગમાં કોઈ પ્રત્યે વેરભાવ કેવો ? મોહશત્રુનો સર્વથા નાશ કરવા માટે આળસ છોડીને હે ભાઈ ! તું શીઘ્ર તારા સમ્યગ્જ્ઞાનચક્રને ધારણ કર ! ઉત્કૃષ્ટ સમતા તારી કુળદેવી છે – તે તારો સ્વભાવ છે, તેને યાદ કરીને તું સ્વાભાવિક સમતાને ધારણ કર. આવી સમતા તે મોક્ષની સખી છે; તે સમતાવડે આત્મામાં અતીન્દ્રિયસુખની ભરતી આવે છે.

અહો, આવો સમતાભાવ ભગવાન મહાવીરના માર્ગમાં જ છે. અરે, ધર્મની નિંદા કે વિરોધ કરનાર પ્રત્યે પણ વેરભાવ રાખવાની જે ના પાડે છે – તે માર્ગની વીતરાગતાની શી વાત ! અને ભેદજ્ઞાની – ધર્મીજીવો પ્રત્યે પણ રાગ કરવાની જે ના પાડે છે – તે માર્ગની વીતરાગીસમતાની શી વાત ! !

શ્રી વીરનાથનો આવો માર્ગ પામીને આપણે સૌ ફરી ફરીને ભાવના ભાવીએ કે–

સૌ જીવમાં સમતા મને, કો સાથ વેર મને નહિ;
આશા ખરેખર છોડીને, પ્રાપ્તિ કરું છું સમાધિની.

## અમે જિનવરના સંતાન * ( બાલવિભાગના નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪૫૩ | અતુલ નગીનદાસ જૈન | કલકત્તા | ૩૪૬૪ | વીણાકુમારી મદનલાલજી જૈન | ઉદયપુર |
| ૩૪૫૪ | ચિરાગ જયંતિલાલ જૈન | અમદાવાદ | ૩૪૬૫ | મૈનાકુમારી મદનલાલજી જૈન | ઉદયપુર |
| ૩૪૫૫ | શિરીષ સુશીલકુમાર જૈન | પુના | ૩૪૬૬ | ભરતકુમાર મદનલાલજી જૈન | ઉદયપુર |
| ૩૪૫૬ | પારુલબેન વસંતલાલ જૈન | લીંબડી | ૩૪૬૭ | સતીષચંદ્ર સુમતિલાલ જૈન | દાહોદ |
| ૩૪૫૭ | ઉમેશકુમાર રમણીકલાલ જૈન | મુંબઈ | ૩૪૬૮ | ચંદ્રકાંત કાંતિલાલ જૈન | દાહોદ |
| ૩૪૫૮ | રાજેશકુમાર રમણીકલાલ જૈન | મુંબઈ | ૩૪૬૯ | અજયકુમાર હીંમતલાલ જૈન | મહેસાણા |
| ૩૪૫૯ | તૃપ્તિબેન કાંતિલાલ જૈન | લખતર | ૩૪૭૦ | અશોકકુમાર શકરાલાલ જૈન | રખિયાલ |
| ૩૪૬૦ | બિન્દુકુમાર કાંતિલાલ જૈન | લખતર | ૩૪૭૧ | દિલીપકુમાર અમૃતલાલ જૈન | રખિયાલ |
| ૩૪૬૧ | કીર્તિકુમાર વસંતલાલ જૈન | મુંબઈ | ૩૪૭૨ | પ્રતિભાબેન કાંતિલાલ જૈન | દાહોદ |
| ૩૪૬૨ | કેતનકુમાર ભોગીલાલ જૈન | રાજકોટ | ૩૪૭૩ | શોરીતકુમાર કનૈયાલાલ જૈન | રાજકોટ |
| ૩૪૬૩ | જીજ્ઞાબેન જગદીચંદ્ર જૈન | રાજકોટ | – | | |

### આત્મધર્મ પ્રચાર તથા બાલવિભાગમાં આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | મરઘાબેન મણિલાલ | સોનગઢ | ૧૫ | પી. એન. ડુંગર | મીઠાપુર |
| ૨૫ | દુધીબેન દયાળજી | બેંગલોર | ૩૧ | અમરચંદ ન્યાલચંદ | વાંકાનેર |
| ૨૫ | સમરતબેન વૃજલાલ | ઘાટકોપર | ૨૦ | દુધીબેન દયાળજી | બેંગલોર |

### આ દીપાવલી–અંક માટે નીચે મુજબ વિશેષ રકમો આવેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૦૧ | રસિકલાલ નાગરદાસ મોદી સોનગઢવાળા | મુંબઈ | ૪૦૧ | એક સદ્ગૃહસ્થ ( પેડર રોડ ) હા. રસિકભાઈ | મુંબઈ |

( તથા તેમના તરફથી ૨૫ ગ્રાહકોને આત્મધર્મ ભેટ આપવા રૂા. ૧૫૦ આવેલ છે. )

## જ્ઞાનતત્ત્વની ભાવના

**જ્ઞાતા પણ હું.... સ્વજ્ઞેય પણ**
**હું... જ્ઞાન પણ હું.**
**હું જ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય છું.**
**પર સાથે મારે કાઈ સંબંધ નથી.**

# પુનરાવર્તનરૂપ પરીક્ષા.... ( જોઈને લખવાની છૂટ )

## ( જેમાં આત્મધર્મના બધા જ વાંચકો ભાગ લઈ શકે છે )

[નીચેના દશ બોલના જવાબ આ અંકમાંથી જ શોધી કાઢવાના છે. ભાગ લેવા માટે તમારે આખો અંક ધ્યાનપૂર્વક વાંચવો જોઈએ. ભાગ લેનારને ૧૦૦ ટકા સફળતાની ખાતરી છે – કેમકે જોઈને લખવાની છૂટ છે. "આત્મધર્મ, બાલ–વિભાગ, સોનગઢ, સૌરાષ્ટ્ર (૩૬૪૨૫૦) " એ સરનામે (કારતક સુદ પૂનમ સુધીમાં) જવાબ મોકલો ને કંઈક ઈનામ મેળવો.]

(૧) સમસ્ત જગત પ્રત્યેકક્ષણે સ્થિતિ – ઉત્પત્તિ અને વ્યય લક્ષણવાળું છે.

(૨) નમસ્કાર હો તે ચારિત્રવંત મુનિભગવંતના ચરણમાં.

(૩) અતીન્દ્રિયજ્ઞાનવડે જ મોક્ષમાર્ગ શરૂ થાય છે.

(૪) તું આનંદિત થઈને ચૈતન્યના આશ્રયે આનંદરસનું પાન કર.

(૫) હે બંધુઓ! શૂરવીરપણે વીરના અહિંસાધર્મનું પાલન કરજો.

(૬) શાંતસ્વરૂપે તું સ્થિર થા રે... અહો! અદ્‌ભુત ચિદાનંદ આત્મા.

(૭) આરાધકજીવોને રત્નત્રયમાં કોઈ વિઘ્ન હોય તો ધર્મી તેને દૂર કરે.

(૮) કેવળજ્ઞાનના પ્રતાપે સર્વત્ર આનંદ મંગળ છવાઈ ગયા.

(૯) અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય.

(૧૦) સદાય આપના કલ્યાણકારી શાસનની સેવા અર્થે જ મારું જીવન હો.

# જૈન-જવાનોને-

જાગો, જાગો, આજ તમે સૌ યુવાનો તમામ;
જૈન જવાનો જાણી લેજો વીરતણું વિજ્ઞાન.
વીરપ્રભુનો મારગ આજે ભારતમાં ઉદ્યોત;
આતમહિતનું કામ કરો તો જાગે વીરની જ્યોત.
યુવાનોનું કામ જ સાચું બનજો વીર મહાન,
શાસન–ઝંડો જગમાં ફરકે અદ્‌ભુત એની સાન.

# જૈન જવાનોનું જીવન

આપણે જૈન – જવાન... આપણે વીરના સંતાન!

આપણા જીવનમાં વીર–જ્યોત પ્રગટાવીને સ્વાધીન સ્વ–પદ પ્રાપ્ત કરવું – એ આપણું જીવનધ્યેય. યુવાન એટલે શક્તિનો ભંડાર.... એનું જીવન હંમેશાં અવનવી ક્રાંતિ માટે થનગનતું હોય છે.

આપણી પાસે જવાન ઉપરાંત એક બીજું વિશેષણ છે – જૈન! ... કેવું મજાનું આપણું આ વિશેષણ છે! જૈન એટલે જીતનાર.... પોતાની ક્રાંતિમાં એ કદી હારે નહિ, પાછો પડે નહિ,

આપણે જૈન.. એટલે આપણી ક્રાંતિ એ પણ જૈનક્રાંતિ હશે. સમ્યક્માર્ગ વડે મોહને જીતીને આપણી અમૂલ્ય ગુણસંપદાને પ્રાપ્ત કરવી – પ્રગટ કરવી, તે માટેની આપણ ઉત્ક્રાંતિ છે.

સ્વરાજ લેવાની લડત વખતે દેશના જવાનો કેવા મરણીયા થતા! સામી છાતીએ ગોળીઓની રમઝટ વચ્ચે પણ પોતાની સ્વરાજની ધૂનને છોડતા નહિ કે રાષ્ટ્રધ્વજને નીચો નમવા દેતા નહિ. મરણિયા થઈને ધ્યેય માટે ઝુઝયા ને અંતે સફળતાને પામ્યા.

તો આપણું – જૈન જવાનોનું ધ્યેય તો એનાથી પણ ઘણું – ઘણું મહાન છે – સુંદર છે, અને ધ્યેયમાં જરૂર સુખ – શાંતિ મળે તેવી ગેરંટી છે. જૈન – જવાનોનું ધ્યેય છે – આત્મિકસુખ! આત્મિક સ્વરાજ! સાચી શાંતિ! જેવું સુખ આપણા અરિહંતોને મુનિવરો પામ્યા એવું સુખ આપણે પામવું છે. તે સુખને માટે મરણિયા થઈને અજ્ઞાનની સામે ને કષાયની સામે લડવાનું છે. સંસારમાં ખાન–પાન –મકાન–દુકાન–વેપારધંધા–નોકરી–કુટુંબ પરિવાર પુત્ર–પુત્રી, ટેકસ–રોગાદિ ચારે તરફથી અનેક પ્રકારની પ્રતિકૂળ વ્યાધિઓરૂપી ગોળીબારની રમઝટ વચ્ચે પણ સુખ અને શાંતિ – કે જે આપણો અબાધિત જન્મસિદ્ધ અધિકાર છે, – જે આપણી સ્વકીય માલિકીની જ વસ્તુ છે – તે પ્રાપ્ત કરવા મરણિયો થઈને (अयि कथमपि मृत्वा....) ઝઝૂમવાનું છે. વજ પડે તો પણ સુખની ધૂનને છોડવાની નથી; શાંતિ પામવા માટે જૈનસિદ્ધાંતના ધ્વજને કદી નીચો નમવા દેવો નથી. બસ, પ્યારા બંધુઓ! વીરના વારસદારો! આપણા હાથમાં ‘વીરની જ્યોત’ પકડીને આગે બઢીએ. વીરતાપૂર્વક આપણા ધ્યેયને માટે ઝઝૂમીએ ને જીવનમાં આપણે સફળતાને વરીશું જ.... આપણું જીવન ઉત્તમ આત્મિકસુખ – શાંતિરૂપ થશે જ! આ માટે આપણો મંત્ર યાદ રખી લ્યો... હૃદયમાં લગાવી દો! ... “जैन जवान” ...... “जैन – विज्ञान”

# * ધર્મીનું જીવન *

## ( આત્મિકશાંતિ એ જ ધર્મીના જીવનનું પ્રયોજન છે )

અહા, ધર્મી – શ્રાવકનું જીવન તો કેવું હોય! જિનેશ્વર ભગવંતનો દાસ, ને સંસારથી ઉદાસ; અંતરની ચૈતન્યલક્ષ્મીનો સ્વામી ને જગત પાસે અયાચક; જગત પાસેથી મારે કાંઈ જોઈતું નથી, મારી સુખસમૃદ્ધિનો બધો વૈભવ મારામાં જ છે – આવી અનુભૂતિની જેને ખુમારી છે, તે શ્રાવક જગતની નિંદા – પ્રશંસા સાંભળીને અટકી જતો નથી.

લોકોના ટોળાં વિરોધ કરે તેથી આ જીવને વિભાવ થઈ જતો નથી, કે લોકોના ટોળાં પ્રશંસા કરે તેથી કાંઈ આ જીવને ગુણ થઈ જતો નથી; – આમ જાણીને તે સમભાવી મધ્યસ્થપણે પોતાના હિતમાર્ગે ચાલ્યો જાય છે.

જેનો ભાવ મોહ અને કષાયમાં જ વર્તે છે, દુનિયાના લોકો તેની પ્રશંસા કરે તોપણ તેથી તેને જરાય લાભ નથી.

અને જેનો ભાવ મોહાદિ રહિત શુદ્ધ વીતરાગરૂપ થયો છે, દુનિયાના લોકો તેની નિંદા કરે તો પણ તેથી તેને જરાય નુકશાન નથી.

અહા, જુઓ તો ખરા આત્માની સ્વાધીનતા! પોતાના ભાવ ઉપર જ બધો આધાર છે, પોતાના ભાવમાં શુદ્ધતા તે જ શાંતિનો લાભ છે.

અહા, રાગવગરના બેહદ ચૈતન્યસ્વભાવનું સમ્યક્દર્શન થતાં ધર્મીને અનંત–ગુણનો ભંડાર ખુલ્યો, મોક્ષનાં કિરણ ખીલ્યાં, અતીન્દ્રિયસુખની કણિકા પ્રગટી; તેની ભૂમિકા ચોખ્ખી થઈ ગઈ; હવે તેમાં ચારિત્રનું ઝાડ ઊગશે ને મોક્ષફળ પાકશે. સમ્યગ્દર્શનરૂપી ભૂમિકા વગર ચારિત્રનું ઝાડ ક્યાંથી ઊગશે ? – માટે મોક્ષમાર્ગમાં પ્રથમ સમ્યક્ત્વનો ઉપદેશ પ્રધાન છે. સમ્યગ્દર્શન વડે જ હિતનો પંથ શરૂ થાય છે; એના વગર શુભરાગ ગમે તેવો કરે તોપણ હિતનો પંથ જરાય હાથ આવતો નથી.

અહો, ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી, તેના શુદ્ધ દ્રવ્ય – ગુણ – પર્યાયના બેહદ સામર્થ્યની શી વાત! તેમાં રાગ ક્યાંય સમાય નહીં. આવા સુંદર પોતાના સ્વભાવને પોતામાં દેખ્યો ત્યાં દુનિયા સામે શું જોવું ?

* દુનિયાના લોકો સારો કહીને વખાણ કરે તેથી કાંઈ લાભ થઈ જાય તેમ નથી.

* અને દુનિયાના લોકો ખરાબ કહીને નિંદા કરી તેથી કાંઈ અંદર નુકશાન થઈ જતું નથી.

* પોતાના સ્વભાવની સાધનાથી પોતાને લાભ છે, ને પોતાના વિભાવથી પોતાને નુકશાન છે.

* સ્વભાવમાં કે વિભાવમાં દુનિયા સાથે કાંઈ સંબંધ નથી.

ભાઈ, તારા ભાવને દુનિયાના લોકો માને કે ન માને તેથી તારે શું? તું રાગ – દ્વેષ – કષાયવડે તારા આત્માની હિંસા ન કર, ને વીતરાગી શાંતિનું વેદન કર – એ જ તારું પ્રયોજન છે.... એ જ ધર્મીનું જીવન છે.

## જગતચક્ષુ પૂર્ણતાને પામે છે.

‘સમયસાર’ તે જગતચક્ષુ છે; તેની પૂર્ણતા પ્રસંગે શ્રી આચાર્યદેવ કહે છે કે અહો! આનંદમય – વિજ્ઞાનઘન એવા આત્મ–સ્વભાવને સ્વસંવેદનપ્રત્યક્ષ કરતું આ એક જગતચક્ષુ પૂર્ણતાને પામે છે.

આત્મા પોતે વિજ્ઞાનઘન છે, આનંદમય છે, તેને સ્વસંવેદન વડે પ્રત્યક્ષ કરવો તે આ સમયસારનું ફળ છે.

આત્માના સ્વસંવેદનપૂર્વક સંતોએ રચેલું આ પરમાગમ અતીન્દ્રિય આનંદનું વેદન કરાવે છે. ધર્મી જીવોને આવા આનંદનું વેદન કરાવતું થકું આ પરમાગમ પૂર્ણતાને પામે છે.

ધન્ય દિવ્ય વાણી ૐ કારને રે...<br>
જેણે પ્રગટ કર્યો આત્મદેવ....<br>
જિનવાણી જયવંત ત્રણલોકમાં રે...

# * સમ્યક્મતિશ્રુતજ્ઞાનમાં મોક્ષને સાધવાની તાકાત છે *

મતિ–શ્રુતજ્ઞાનની સમ્યગ્દ્રષ્ટિ જાણે છે કે અમે પણ સર્વજ્ઞપદને સાધનારા સર્વજ્ઞદેવના પુત્ર છીએ. ગણધરો – મુનિવરો તે મોટા પુત્રો છે, ને અમે અવિરત – સમકિતી નાના પુત્ર છીએ, – નાના પણ સર્વજ્ઞના પુત્ર છીએ, એટલે રાગથી જુદા પડયા છીએ; જ્ઞાન અને રાગની ભિન્નતાના ભેદજ્ઞાન વડે રાગ સાથેનું સગપણ તોડીને સર્વજ્ઞપદ સાથે સગપણ બાંધ્યું છે – તેથી અમારું ચિત્ત પરમ શાંત થયું છે, ને ગણધરાદિની જેમ અમે પણ પ્રભુના મોક્ષમાર્ગમાં આનંદથી ચાલી રહ્યા છીએ.

કેળવજ્ઞાન તે પૂરું જ્ઞાન છે, મતિ – શ્રુતજ્ઞાન તે જ્ઞાનનો અવયવ છે, – ભલે અધૂરું પણ છે તો જ્ઞાનની જ જાત, એટલે તે પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. એક જ પિતાના બે પુત્રોની જેમ કેવળજ્ઞાન અને મતિજ્ઞાન બંને જ્ઞાનની જ જાત છે, એક જ્ઞાનનું જ પરિણમન છે. જેમ કેવળજ્ઞાનમાં રાગનું કર્તૃત્વ નથી, તેમ સમ્યગ્દ્રષ્ટિના મતિ – શ્રુતજ્ઞાનમાં પણ જ્ઞાનથી ભિન્ન રાગાદિનું કર્તૃત્વ નથી; જ્ઞાનસ્વભાવમાં જ તન્મય પરિણમતું તેનું જ્ઞાન પણ કેવળજ્ઞાનની જેમ જ રાગનું ને પરનું જ્ઞાતા છે, તેનાથી જુદું રહીને તેને જાણે છે. આવું મતિ – શ્રુતજ્ઞાન અતીન્દ્રિય સુખને સાથે લેતું પ્રગટે છે; ને પછી તે વધતાં – વધતાં કેવળજ્ઞાનમાં પર્ણ સુખ પ્રગટે છે, તે સૌથી મહાન સર્વોત્કૃષ્ટ સુખ છે. અહો, એ જ્ઞાન અને એ સુખના મહિમાની શી વાત? કેવળજ્ઞાનમાં એવું અચિંત્ય સામર્થ્ય છે કે અનંત એવા આકાશને પણ તે અનંત તરીકે જાણી લ્યે છે; એક સાથે ત્રણકાળ ત્રણલોકને જાણે છતાં ક્યાંય વિકલ્પ કરતું નથી, પોતાના વીતરાગી ચૈતન્યરસમાં જ લીન રહે છે. જ્ઞાનના આવા સ્વાદનો નિર્ણય સમ્યગ્દ્રષ્ટિને જ થાય છે. દરેક જીવમાં આવો જ્ઞાનસ્વભાવ છે તેની પ્રતીત કરીને, હે જીવો! તેનું સેવન કરો.

જેમ નાનું પણ સિંહનું બચ્ચું – તે મોટા હાથીનેય ભગાડે, તેમ સમ્યગ્દ્રષ્ટિ ભલે નાનો પણ સર્વજ્ઞનો પુત્ર, તેનું જ્ઞાન ભલે થોડું પણ સર્વજ્ઞની જાતનું સમ્યગ્જ્ઞાન, તે સર્વે મોહરૂપી હાથીને ભગાડી મુકે ને મોક્ષને સાધે – એવી તાકાતવાળું છે.

---

## મુમુક્ષુજીવ

મુમુક્ષુ જીવ નિરંતર સમ્યક્ત્વની ભાવનાવડે ચૈતન્યરસને

ઘૂંટતો ઘૂંટતો શીઘ્ર આત્માને સાધે છે.

# વિદાયની વેળાએ



ભગવાન મહાવીરપ્રભુના અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવનું આ મંગલવર્ષ હવે પૂરું થાય છે; સાથે સાથે આપણા આ આત્મધર્મનું ૩૨ મું વર્ષ પણ આ અંકની સાથે પૂરું થાય છે. બંધુઓ! ૩૨ વર્ષે હવે હું આત્મધર્મના લેખન – સંપાદનકાર્યથી નિવૃત્તિ લઉં છું. ૩૨ વર્ષ સુધી આત્મધર્મ દ્વારા આપણે નિયમિત મળતા રહ્યા; દેવ – ગુરુ – ધર્મને હૃદયમાં રાખીને, સાધર્મી જનો પ્રત્યે હાર્દિક વાત્સલ્યભાવથી મેં 'આત્મધર્મ' લખ્યું છે ને આપ સૌએ પણ તેવા જ ભાવથી આત્મધર્મ વાંચ્યું છે. પાઠક બંધુઓ! આપ માત્ર પાઠક નહિ પરંતુ મારા સાધર્મી પણ છો, – મારા સાધર્મીજનો પ્રત્યે મને હાર્દિક વાત્સલ્ય છે, ને સમસ્ત પાઠકજનોએ પણ મારા પ્રત્યે જે હાર્દિક વાત્સલ્ય વહેવડાવ્યું છે – તે જીવનમાં કદી નહિ ભુલાય.

"આત્મધર્મે હંમેશાં આત્માનો મહિમા પ્રસિદ્ધ કર્યો છે; તેના દ્વારા ૩૨ વર્ષ દરમિયાન દેવ–ગુરુ–ધર્મની ને જિનવાણીની જે પ્રભાવના થઈ છે તે સૌ સાધર્મીઓ જાણે જ છે. આટલા દીર્ઘકાળના પરિચય બાદ નિવૃત્ત થતાં, વિદાયની વેળાએ આપણું હૃદય લાગણીસભર બને તે સહજ છે. પરંતુ આપણા પૂજ્ય ગુરુદેવે આપણને શીખવ્યું છે તેમ સંયોગ – વિયોગમાં સમપણે રહીએ, ને સંયોગ – વિયોગથી અલિપ્ત એવી આપણી ચેતનાને જ આનંદથી ભાવીએ! શ્રીગુરુએ આપણને આપેલી એ મહાન – અમૂલ્ય – સાચી પ્રસાદી છે.

આ પ્રસંગે ૩૨ વર્ષના દીર્ઘકાળના પ્રસંગો સ્મૃતિપટમાં એકસાથે તરવરે છે. ૧૯ વર્ષના એક અબુધ–છોકરાને પ્રેમથી શરણમાં લઈને ગુરુદેવે પોતાનો જ ગણીને જ્ઞાન–વૈરાગ્યનું સીંચન કર્યું... જૈનધર્મ... અને તેમાં પણ કુંદકુંદપ્રભુની આમ્નાયનો જૈનધર્મ, કેવો અદ્‌ભુત સુંદર છે! – તે ગુરુદેવે અસંખ્યપ્રદેશમાં ઠાંસીઠાંસીને સમજાવ્યું. મારા ધન્ય ભાગ્યે મને આવા ગુરુ અને આવો સુંદર માર્ગ મળ્યો.... સાથે સાથે પૂ. ધર્મમાતાઓના પ્રસાદે ગુરુદેવના ઉત્તમ ભૂત – ભાવિની આશ્ચર્યકારી વિશિષ્ટતા જાણવા મળી ને તેઓશ્રીએ આત્મહિતની ઊંડી ઊંડી અનેરી પ્રેરણાઓ

આપીને મને આત્મરસ પીવડાવ્યો. કલ્પનાતીત આવો સુયોગ, અને તેની સાથે ‘આત્મધર્મ’ ના કાર્ય દ્વારા જ્ઞાનરસનું નિરંતર ઘોલન, એ બધું જેમના પ્રતાપે પ્રાપ્ત થયું – તે પરમ ઉપકારી ગુરુદેવના ચરણમાં હૃદયની ઊર્મિથી લાખ–લાખ વંદન કરું છું.

બંધુઓ, ૩૨ વર્ષ દરમિયાન પૂ. ગુરુદેવના મંગલ ચરણમાં રહીને, આત્મધર્મ દ્વારા વીતરાગી દેવ – ગુરુ –ધર્મ જિનવાણીની જેટલી સેવા મારાથી થઈ શકી તેટલી મેં સાચા ભાવથી કરી છે... આમ છતાં તેમાં મારાથી જે કાંઈ ક્ષતિ – દોષ થયા હોય તે માટે હું દીનભાવપૂર્વક વિનયથી હાથ જોડીને ક્ષમા માંગુ છું. હે જિનવાણી માતા! ઉદારદિલે તમારા આ બાળકને ક્ષમા કરજો, માતા! મારું જીવન સદાય તમારી સેવા માટે જ છે. આજે વિદાયની વેળાએ મને સન્તોષ છે કે જિનવાણી માતાની સાચા ભાવથી મેં જે સેવા કરી છે તેનું સમ્યક્ફળ જિનવાણી–માતાએ મને આપ્યું છે.

ભગવાન મહાવીરના ૨૫૦૦ વર્ષીય નિર્વાણમહોત્સવના આ વર્ષમાં મહાવીર પ્રભુના શાસનના અપાર મહિમાને આપણે આત્મધર્મદ્વારા ખૂબખૂબ પ્રસિદ્ધ કર્યો છે. હવે એ નિર્વાણમહોત્સવું વર્ષ પૂરું થઈ રહ્યું છે ત્યારે આત્મધર્મનું ૩૨ મું વર્ષ પણ પૂરું થાય છે, ને સાથે સાથે મારું સંપાદકત્વ પણ હવે પૂરું થાય છે..... આત્મધર્મના સંપાદનકાર્યથી હું હવે વિદાય લઉં છું.

વિદાયની આ વેળાએ મને યાદ આવે છે – મહાવીર ભગવાન અને સીમંધર ભગવાન..! મને યાદ આવે છે પંચપરમેષ્ઠી દેવ ને કુંદકુંદપ્રભુ...! મને યાદ આવે છે ગુરુદેવના અનંત અનંત ઉપકારો... ને મારા હૃદયમાં ઊભરાય છે પૂ. માતાજીની વાત્સલ્યભરી ઊર્મિઓ! અને, મારા સૌ સાધર્મી ભાઈ – બેનોના વાત્સલ્યપ્રેમને પણ હું કેમ ભૂલું! બસ બંધુઓ! આવો જૈનમાર્ગ પામીને આત્માની સાધનામાં ખૂબ – ખૂબ આગળ વધજો.... ને સૌ આનંદમાં રહેજો... મંગલ વિદાય! “જય મહાવીર.”

વિદાય દેજો પ્રેમથી, ભૂલીને વેરભાવ!
જિનશાસનની છાયડી, વસજો ઉર સદાય!
જિનવાણીની સેવના જીવનનો એ સાર!
સાધર્મીને સ્નેહથી દુઃખમાં દેજો પ્યાર!
દેવ–ગુરુ ને ધર્મનું શરણું રહો સદાય;
મંગલકારી આત્મા, (બસ!) એ જ સત્ય સુખદાય.

–આપના ભાઈ હરિ.

# વીરનાથ પ્રભુને વંદના



ધર્મચક્રપ્રવર્તક શાસનનાયક હે વીરનાથજિનેન્દ્ર !
સદાય આપના કલ્યાણકારી શાસનની સેવા અર્થે જ મારું
જીવન હો – એવી અંતરની
ભાવનાપૂર્વક અપૂર્વ ભક્તિથી
હું આપને વંદન કરું છું.

श्रीमत् परम गम्भीरं स्याद्‌वाद अमोघलाञ्छनम्।
जीयात् त्रैलोक्यनाथस्य शासनं जिनशासनम्।।




અહો, વીરનાથ ભગવાનનું જિનશાસન અનેકાન્તવડે આત્મસ્વભાવનો ગંભીરમહિમા બતાવીને, અંતર્મુખદ્રષ્ટિ કરાવીને તેના આશ્રયે અપૂર્વ વીતરાગી ધર્મચક્ર ચાલુ કરે છે.

તે જિનશાસન સદાય જીવંત રહો.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યામંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) આસો
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૧૦૦

આ અંકનો વધારો.

# આત્મધર્મનો વિશેષાંક. ..અને સંપાદકશ્રીની નિવૃત્તિ

[ એન. સી. ઝવેરી ]

શાસનનાયક શ્રી મહાવીરભગવાનનો અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ આખા ભારતમાં ને વિદેશોમાં પણ આનંદથી ઉજવાયો છે. આપણે પણ આ પ્રસંગે આત્મધર્મનો આ વિશેષાંક પ્રગટ કરીને તેના દ્વારા ભગવાન મહાવીર પ્રભુ પ્રત્યે પરમ ભક્તિસહિત શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. મહાવીર ભગવાનનો અગાધ અપાર મહિમા, અને તેમના શાસનમાં આત્મહિતનો અપૂર્વ ઉપદેશ,–તેની ઝાંખી આપને આ વિશેષાંકમાં થશે. સંપાદકશ્રીએ આ અંકને સર્વાંગ સુન્દર બનાવવા પ્રયત્ન કરેલ છે, તેના ફળમાં આત્મધર્મનો આ સુંદર સો પાનાંનો અંક આપના હાથમાં મુકતાં અમને હર્ષ થાય છે. સંપાદક ભાઈશ્રી બ્ર. હરિલાલ જૈનની લેખન-શૈલિથી આપણે સૌ પરિચિત છીએ. મહારાષ્ટ્રના ડૉ. કુલભૂષણ જૈનના શબ્દોમાં કહીએ તો–'पं. ब्र. हरिलालजी एक गहन विचारक एवं अध्यात्म संबंधी विषयोंके सिद्धहस्त लेखक हैं।' આ દીપાવલી–અંકમાં તેમણે જે સુંદર શૈલિથી સંપાદન અને ચિત્રોદ્વારા સુશોભન કર્યું છે તે દરેક મુમુક્ષુના ચિત્તને પ્રસન્ન કરશે.

હવે, ૩૨ વર્ષસુધી લેખન–સંપાદન બાદ બ્ર. શ્રી હરિભાઈ આત્મધર્મના સંપાદકપદેથી નિવૃત્ત થઈ રહ્યા છે. ૩૨ વર્ષથી અનેકવિધ સાહિત્યદ્વારા તેમજ આત્મધર્મદ્વારા તેમણે જિનવાણીની જે સેવા કરી છે, ને જૈનધર્મની પ્રભાવનામાં જે મહાન સાથ આપ્યો છે, તે માટે સંસ્થા અને સમાજ વતી ધન્યવાદપૂર્વક તેમનો આભાર માનું છું. અને હજી પણ જૈનશાસનની વધુ ને વધુ સેવા તેમના દ્વારા થાઓ એવી શુભેચ્છા પાઠવું છું....તેમની સાહિત્યિક શક્તિનો લાભ સમાજને મળતો રહેશે એવી આશા રખું છું.

–નવનીતલાલ ચુનીલાલ ઝવેરી

( સોનગઢ તા. ૨૪–૧૦–૭૫ ) પ્રમુખ–શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ.

# પુસ્તક—પ્રકાશન વિભાગ

(નીચેનાં પુસ્તકોનું પ્રકાશન થયેલ છે)

| | |
|---|---|
| પ્રવચનસારશાસ્ત્ર (બંને ટીકા તથા ગુજરાતી અનુવાદ સહિત) | મૂ. ૧૫-૦૦ |
| અષ્ટપ્રાભૃત—શાસ્ત્ર (મૂળગાથાઓનો ગુજરાતી પદ્યાનુવાદ—હરિગીત) | ૧-૫૦ |
| અકલંક-નિકલંક (બલિદાન અને પ્રભાવના) ધાર્મિકનાટક | ૦-૭૫ |
| મહારાણી—ચેલણા (જૈનધર્મની પ્રભાવનાનું સુંદર નાટક) | ૦-૫૦ |
| નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય....(છપાય છે.) | |
| વીતરાગ—વિજ્ઞાન (પ્રવચનો) ચોથો ભાગ. | ૧-૦૦ |
| રત્નત્રયભાવના (પાહુડ દોહા : ગુજરાતી) | ૦-૮૦ |
| આરાધના (દશધર્મ-ચિત્રસહિત) હિંદી—ગુજરાતી. | ૦-૨૦ |